RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 335 Dt. 10-06-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

### દાયકાઓ જૂની બદલી પરમાણુ નીતિ

# ભારતે ૧૨ પરમાણુ શસ્ત્રો કર્યા તૈનાત

## પાકિસ્તાન - ચીનને ૪૪૦ વોલ્ટનો આંચકો : SIPRIના રિપોર્ટથી વિશ્વમાં ખળભરાટ




નવીદિલ્હી, તા..૯

સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (SIPRI) ના એક નવા અહેવાલ મુજબ, ભારતે ઓછામાં ઓછા ૧૨ પરમાણુ શસ્ત્રો તૈનાત કર્યા છે. આ ભારતની પરમાણુ તૈયારીમાં એક મોટો ફેરફાર દર્શાવે છે. અગાઉ, એવું માનવામાં આવતું હતું કે ભારતે શાંતિકાળ દરમિયાન તેના પરમાણુ શસ્ત્રો અને મિસાઇલ લોન્ચર્સને અલગ રાખ્યા હતા. આ SIPRI રિપોર્ટ પ્રથમ વખત સૂચવે છે કે ભારતે પરમાણુ શસ્ત્રો કાર્યરત જમાવટની સ્થિતિમાં મૂકવાનું શરૂ કર્યું છે.

SIPRI ના પરમાણુ શસ્ત્રો ટ્રેકિંગ રિપોર્ટ પ્રથમ વખત સૂચવે છે કે ભારતે પરમાણુ શસ્ત્રો તૈનાત કર્યા છે. રિપોર્ટની અગાઉની આવૃત્તિઓમાં ભારતના પરમાણુ શસ્ત્રોને ફક્ત સંગ્રહિત શસ્ત્રાગાર તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હતા અને તેમને કાર્યરત જમાવટની સ્થિતિમાં માનવામાં આવ્યા ન હતા. આ સંદર્ભમાં, આ એક ઐતિહાસિક પરિવર્તન માનવામાં આવે છે. જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં, ભારત પાસે આશરે ૧૯૦ પરમાણુ શસ્ત્રો હશે, જે ૨૦૨૫ માં ૧૮૦ હતા. ભારતના ૧૯૦ પરમાણુ શસ્ત્રો વધતા ન્યુક્લિયર ટ્રાયડનો ભાગ છે, જેમાં વિમાન, જમીન–આધારિત મિસાઈલો અને પરમાણુ સંચાલિત બેલિસ્ટિક મિસાઇલ સબમરીન (SSBN)નો સમાવેશ થાય છે. ભારત વધારાના મિસાઈલો માટે નવા વોરહેડ્સ પણ વિકસાવી રહ્યું છે. ભારતીય નૌકાદળ પાસે હાલમાં ત્રણ SSBN છે – INS અરિહંત, INS અરિઘાટ અને INS અરિધામન (એપ્રિલ ૨૦૨૬ માં કાર્યરત). ચોથું જહાજ, ઈંગજ અરિઘાટ, ૨૦૨૭ માં સેવામાં પ્રવેશવાનું છે. સેટેલાઇટ છબીઓ દર્શાવે છે કે INS અરિઘાટ અને INS અરિઘાટ, પહેલા બે SSBN કરતા લગભગ ૧૬ થી ૧૮ મીટર લાંબી છે. તેમની પાસે દરેકમાં આઠ મિસાઈલ ટ્યુબ છે, જે INS અરિઘાટ અને ઈંગજ અરિઘાટમાં હાજર મિસાઈલ ટ્યુબની સંખ્યા કરતા બમણી છે. ભારત નવા S5-ક્લાસ SSBN પણ વિકસાવી રહ્યું છે. આ કાર્યક્રમ પૂર્ણ થયા પછી, ભારતમાં એક સાથે છ થી આઠ SSBN હોઈ શકે છે. SIPRI અનુસાર, જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં, ભારત પ્રતિ SSBN આશરે ૧૨ પરમાણુ વોરહેડ્સની મર્યાદિત જમાવટ શરૂ કરી દેશે. જો કે, સંગઠને સ્પષ્ટતા કરી હતી કે આ મૂલ્યાંકન અંગે નોંધપાત્ર અનિશ્ચિતતા રહે છે. અહેવાલ મુજબ, ભારતે ચીન અને પાકિસ્તાન તરફથી સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને આ પગલું ભર્યું છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે જો કોઈ દેશ ભારત સામે પરમાણુ હુમલો કરવાનો પ્રયાસ કરે છે, તો ભારત પાસે તાત્કાલિક પરમાણુ બદલો લેવાની ક્ષમતા છે. આ દાવો ભારતના અગાઉના પરમાણુ પ્રણાલી કરતા અલગ હોવાનું કહેવાય છે.

# નેતન્યાહૂ ફરીથી ટ્રમ્પનો ખેલ બગાડશે?

નવીદિલ્હી, તા..૯

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન અને ઇઝરાયલ વચ્ચે સીધા યુદ્ધને રોકવા માટે એક મોટા કરારના અંતિમ તબક્કામાં હોવાનો દાવો કરી રહ્યા છે, ત્યારે ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂના આક્રમક પગલાથી સમગ્ર શાંતિ પ્રક્રિયા પર શંકા ઉભી થઈ છે.

ઈરાન સાથેની વાટાઘાટો અને પરસ્પર હુમલાઓને રોકવાના પ્રયાસો વચ્ચે, ઇઝરાયલી વાયુસેનાએ અચાનક દક્ષિણ લેબનોન પર ભારે હવાઈ હુમલા શરૂ કર્યા છે. આ લશ્કરી કાર્યવાહીથી આંતરરાષ્ટ્રીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે કે શું નેતન્યાહૂ ફરી એકવાર યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના શાંતિ રાજદ્વારી એજન્ડા અને ''ગ્રાન્ડ ડિઝાઇન'' ને ખલેલ પહોંચાડવાના માર્ગ પર છે. આ સમગ્ર ઘટનાક્રમ એવા સમયે થયો છે જ્યારે ઈરાન અને ઇઝરાયલ બંને એકબીજા પર સીધા હુમલાઓ અટકાવીને યુદ્ધના મેદાનમાં એક નવું સમીકરણ, નવી સુરક્ષા કવચ અને સંઘર્ષના નવા નિયમો સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

સોમવારે મોડી રાત્રે અને મંગળવારે વહેલી સવારે ઇઝરાયલ દ્વારા લેબનીઝ શહેર ટાયર સહિત અનેક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા બાદ રાજદ્વારી વાટાઘાટોમાં રહેલા તણાવ સામે આવ્યા છે.



### ઈરાન સાથેનો સોદો નક્કી થાય તે પૂર્વે ઇઝરાયલે લેબનોનમાં બોમ્બ ફેંકયા

હાલમાં, મધ્ય પૂર્વમાં લડતા પક્ષો શાંતિના દાવાઓ વચ્ચે એકબીજાની સહિષ્ણુતા અને ઇચ્છાશક્તિનું પરીક્ષણ કરી રહ્યા છે, જેના કારણે યુદ્ધવિરામની આશા ધૂંધળી દેખાઈ રહી છે. આ સમગ્ર વિવાદનું મૂળ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનમાં રહેલું છે, જેમાં તેમણે દાવો કર્યો હતો કે તેઓ ઈરાન અને ઇઝરાયલ વચ્ચેના તણાવને કાયમી ધોરણે સમાપ્ત કરવા માટે એક ઐતિહાસિક કરારની ખૂબ નજીક છે. ટ્રમ્પ વહીવટીતંત્રની મધ્યસ્થીથી જ ઈરાન અને ઇઝરાયલે તાજેતરના દિવસોમાં એકબીજાની મુખ્ય ભૂમિ પર સીધા મિસાઈલ હુમલા બંધ કરી દીધા હતા. અમેરિકા આ સંઘર્ષને પ્રાદેશિક યુદ્ધવિરામમાં ફેરવાતો અટકાવવા માટે સતત પડદા પાછળ રાજદ્વારી પ્રયાસો કરી રહ્યું હતું. જો કે, કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવે તે પહેલાં, ઈરાને ખૂબ જ કડક અને સ્પષ્ટ ચેતવણી આપી હતી. તેહરાને એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે જો ઇઝરાયલ કોઈપણ આક્રમણ અથવા પ્રતિકૂળ કાર્યવાહી ચાલુ રાખશે - ખાસ કરીને દક્ષિણ લેબનોનમાં - તો ઈરાન ચૂપ રહેશે નહીં, અને ઇઝરાયલને વધુ ગંભીર અને વિનાશક લશ્કરી પ્રતિક્રિયાનો સામનો કરવો પડશે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે લેબનોન અને હિઝબુલ્લાહની સુરક્ષા તેના માટે તેના પોતાના સાર્વભૌમત્વ જેટલી જ મહત્વપૂર્ણ છે. તે ઇઝરાયલને લેબનોનમાં સ્વતંત્રતા આપવાના પક્ષમાં બિલકુલ નથી.

# PoKમાં જે થઈ રહ્યું છે તેના માટે પાક. જવાબદાર

નવીદિલ્હી, તા..૯

પાકિસ્તાની સેનાએ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં સરકારના વિરોધના અવાજોને દબાવવા માટે તમામ હદો વટાવી દીધી છે. ભારતે મંગળવારે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં ચાલી રહેલી અશાંતિ અને પોલીસ બર્બરતા માટે પાકિસ્તાનની આકરી ટીકા કરી હતી. પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોમાં ઓછામાં ઓછા ૩૦ લોકો માર્યા ગયા હોવાના અહેવાલ છે. ભારતે એમ પણ કહ્યું કે આંતરરાષ્ટ્રીય સમુદાયે ઇસ્લામાબાદને તેના દુષ્કૃત્યો માટે જવાબદાર ઠેરવવું જોઈએ. એક પ્રેસ બ્રીફિંગ દરમિયાન, વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ પાકિસ્તાન પર નકલી સમાચાર અને વીડિયો પ્રકાશિત કરવાનો આરોપ લગાવ્યો, તેને આંતરિક નિષ્ફળતાઓને ઢાંકવા અને કબજા હેઠળના પ્રદેશમાં કથિત માનવાધિકાર ઉલ્લંઘનોથી ધ્યાન હટાવવાનો ભયાવહ પ્રયાસ ગણાવ્યો. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું, ''આ સંદર્ભમાં, અમે પાકિસ્તાનમાંથી નીકળતા નકલી સમાચાર અને વીડિયોનો એક પ્રકાર જોઈ રહ્યા છીએ. આ પાકિસ્તાન દ્વારા તેની નિષ્ફળતાઓને છુપાવવા અને તેના માનવાધિકાર ઉલ્લંઘનથી ધ્યાન




**પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ચાલી રહેલી અશાંતિ – પોલીસ બર્બરતા માટે ભારતે કરી આકરી ટીકા**

હટાવવાનો એક ભયાવહ પ્રયાસ છે. પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ગંભીર પોલીસ બર્બરતાના અહેવાલો છે, જેમાં ઘણા વિરોધીઓ માર્યા ગયા છે અને ઘણા ઘાયલ થયા છે. અમને આશા છે કે આંતરરાષ્ટ્રીય સમુદાય પાકિસ્તાનને તેના દુષ્કૃત્યો અને દુર્વ્યવહાર માટે જવાબદાર ઠેરવશે.'' પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં સુરક્ષા દળો અને વિરોધીઓ વચ્ચે હિંસક અથડામણો બાદ વધતા તણાવ વચ્ચે ગંભીર અહેવાલો સામે આવી રહ્યા છે. મીડિયા અહેવાલોમાં ટાંકવામાં આવેલા સરકારી આંકડાઓ અનુસાર, રવિવારે રાત્રે રાવલકોટમાં થયેલી હિંસા અને બદલો લેવા માટે કરવામાં આવેલા ગોળીબારમાં ઓછામાં ઓછા ૧૧ લોકો માર્યા ગયા અને ૭૦ થી વધુ ઘાયલ થયા. જોકે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઘણા પાકિસ્તાની પત્રકારો અને કાર્યકરોએ આરોપ લગાવ્યો છે કે વાસ્તવિક મૃત્યુઆંક ઘણો વધારે હોઈ શકે છે, જેમાં ડઝનેક વધુ લોકો મૃત્યુ પામ્યા છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ઓમાનના દરિયાકાંઠે હુમલા બાદ ફસાયેલા ''મારીવેક્સ'' જહાજ પરના તમામ ૨૪ ભારતીય નાગરિકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે, જેના માટે તેમણે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. ઓમાન સરકારનો આભાર વ્યક્ત કર્યો. લિપુલેખ-લિમ્પિયાધુરા મુદ્દા પર નેપાળની તાજેતરની ટિપ્પણીઓ અંગે, સ્પષ્ટતા કરવામાં આવી હતી કે ભારતનું વલણ યથાવત છે અને આ વલણ પહેલાથી જ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

### પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષનો તણાવ ઓછો કરવા પર મુક્યો ભાર

# પીએમ મોદીની કુવૈતના અમીર સાથે વાત

નવીદિલ્હી, તા. ૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મંગળવારે કુવૈતના અમીર શેખ મેશાલ અલ-અહમદ અલ-જાબેર અલ-સબાહ સાથે ફોન પર વાત કરી. તેમણે પશ્ચિમ એશિયામાં વિકસતી સુરક્ષા પરિસ્થિતિ પર ચર્ચા કરી અને આ ક્ષેત્રમાં વહેલી તકે શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે તણાવ ઓછો કરવા અને રાજદ્વારી કાર્યવાહીની જરૂરિયાત પર ભાર મૂક્યો. પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, મોદીએ પશ્ચિમ એશિયામાં વધતા તણાવ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી અને કુવૈતની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા પરના હુમલાઓની ભારતની કડક નિંદાનો પુનરોચ્ચાર કર્યો. પ્રધાનમંત્રી કાર્યાલય તરફથી એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ''વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કુવૈતના અમીર, મહામહિમ શેખ મેશાલ અલ-અહમદ અલ-જાબેર અલ-સબાહ સાથે ફોન પર વાત કરી. બંને નેતાઓએ પશ્ચિમ એશિયામાં બદલાતી સુરક્ષા પરિસ્થિતિ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું. પ્રધાનમંત્રીએ શાંતિ અને



સ્થિરતાની વહેલી પુનઃસ્થાપના માટે તણાવ ઓછો કરવા, સંવાદ અને રાજદ્વારી પ્રયાસો કરવા માટે તેમની અપીલનો પુનરોચ્ચાર કર્યો.

પીએમ મોદીએ કુવૈતમાં રહેતા વિશાળ ભારતીય સમુદાયની સુખાકારી અને સલામતી પ્રત્યે વ્યક્તિગત ધ્યાન આપવા બદલ અમીરનો આભાર માન્યો. આ ફોન ૩ જૂને કુવૈત આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર ઈરાની હુમલામાં એક ભારતીય નાગરિકનું મોત થયાના થોડા દિવસો પછી આવ્યો હતો. આ હુમલો ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે થયો હતો. અગાઉ, ૩૦ માર્ચે કુવૈતમાં પાવર અને વોટર ડિસેલિનેશન પ્લાન્ટ પર ઈરાની હુમલામાં એક ભારતીય નાગરિકનું મોત થયું હતું. ૩ જૂને કુવૈતમાં પાવર અને વોટર ડિસેલિનેશન પ્લાન્ટ પર ઈરાની હુમલામાં માર્યા ગયેલા ભારતીયનું મોત પહેલું નહોતું. અગાઉ, ૩૦ માર્ચે, કુવૈતમાં પાવર અને વોટર ડિસેલિનેશન પ્લાન્ટ પર ઈરાની હુમલામાં વધુ એક ભારતીયનું મોત થયું હતું. તે નોંધનીય છે કે યુદ્ધની શરૂઆતથી જ ઈરાન કુવૈત અને ઇઝરાયલ વચ્ચે તણાવ વધારી રહ્યું છે. કુવૈતમાં યુએસ બેઝ પર સેંકડો હુમલા કરવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રીએ તેમના ફોન કોલમાં શાંતિ જાળવવાની અપીલ કરી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કુવૈતના અમીર સાથે ફોન પર વાત કરી હતી. નરેન્દ્ર મોદીએ શક્ય તેટલી વહેલી તકે શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવા માટે તણાવ ઓછો કરવા, સંવાદ અને રાજદ્વારી બનવાની તેમની અપીલનો પુનરોચ્ચાર કર્યો હતો.

# રાજ્યસભા ચૂંટણીમાં કોંગ્રેસને મોટો ફટકો

## મધ્યપ્રદેશમાં મીનાક્ષી નટરાજનનું નામાંકન રદ : રાજ્યની ત્રણેય બેઠકો પર ભાજપ મજબૂત



નવીદિલ્હી, તા. ૯

રાજ્યસભા ચૂંટણીમાં કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. મધ્યપ્રદેશ રાજ્યસભા ચૂંટણીમાં કોંગ્રેસના અન્ય નેતા મીનાક્ષી નટરાજનનું નામાંકન નામંજૂર કરવામાં આવ્યું છે. ભારતીય જનતા પાર્ટીએ તેમના નામાંકન સામે વાંધો ઉઠાવ્યો હતો. અહેવાલો અનુસાર, નટરાજને તેલંગાણામાં તેમની સામે દાખલ થયેલા કેસ વિશે માહિતી છુપાવી હતી, જેના કારણે ઉમેદવારી રદ કરવામાં આવી હતી. આ રદ થવાથી રાજ્યની ત્રણેય રાજ્યસભા બેઠકો પર ભાજપના દાવાને મજબૂત બનાવે છે, અને તેના ત્રણ ઉમેદવારો બિનહરીફ ચૂંટાય તેવી શક્યતા છે.

તેમની ફરિયાદમાં, ભાજપના નેતાઓએ આરોપ લગાવ્યો છે કે તેલંગાણામાં તેમની સામે ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યા છે અને તેમણે તેમના સોગંદનામામાં આ વિગતો જાણી જોઈને છોડી દીધી છે. ભાજપે આરોપ લગાવ્યો છે કે તેમના નામાંકન પત્રોમાં તેમની સંપત્તિ અને બેંક બેલેન્સની સંપૂર્ણ વિગતો સ્પષ્ટ રીતે જાહેર કરવામાં આવી નથી. ચૂંટણી નિયમો અનુસાર, ઉમેદવારોએ તેમના સોગંદનામામાં સંપૂર્ણ પારદર્શિતા સાથે તેમના સામે દાખલ થયેલા કેસ, સંપત્તિ અને દેવાની સંપૂર્ણ વિગતો પ્રદાન કરવી જરૂરી છે. કોંગ્રેસ નેતા મીનાક્ષી નટરાજનના રાજ્યસભાના ઉમેદવારી પત્ર અંગે ભાજપના નેતા રાકેશ સિંહે કહ્યું, ''તેમણે જાણી જોઈને આ હકીકત છુપાવી હતી. ફોર્મ અધૂરું હતું અને તેમણે ખોટી માહિતી આપી હતી. તેમને આ બધા આધારો પર પોતાનો કેસ રજૂ કરવાની પૂરતી તક આપવામાં આવી હતી, અને બંને પક્ષોએ પોતાની દલીલો રજૂ કરી હતી... જોકે, તેમના ઉમેદવારી પત્રમાં ગંભીર ખામીઓ હોવાથી અને તેલંગાણામાં દાખલ કરાયેલા કેસને છુપાવ્યા હોવાના કારણે, રિટર્નિંગ ઓફિસરે આ આધારે તેમનું નામાંકન નકારી કાઢ્યું હતું. તેથી, હવે આપણે કહી શકીએ છીએ કે સત્ય અને પ્રામાણિકતાનો વિજય થયો છે.''

રાજ્ય સરકારના મંત્રી કૈલાશ વિજયવર્ગીય, કોંગ્રેસના રાજ્યસભાના ઉમેદવાર મીનાક્ષી નટરાજનના નામાંકનને નકારવા પર, કહ્યું, ''... ન્યાયનો વિજય થયો છે. અમારા કાર્યકર મહેશ કેવતને આશીર્વાદ મળ્યા છે. ભાજપ લોકશાહીમાં માને છે. જો ચૂંટણી ન થઈ હોત તો પણ અમારા ઉમેદવાર રાજ્યસભાના સભ્ય બન્યા હોત, અને જો ચૂંટણીઓ થઈ હોત તો પણ તેઓ રાજ્યસભાના સભ્ય બન્યા હોત કારણ કે અમને મળેલા દસ્તાવેજો કોણે પૂરા પાડ્યા? તો, તમે કોંગ્રેસ પાર્ટીની પરિસ્થિતિ સમજી શકો છો. અમને તેલંગાણામાંથી દસ્તાવેજો મળી રહ્યા છે, અને તેઓ તેલંગાણામાં સત્તામાં છે.'' કોંગ્રેસની હાલત વિશે આપણને ખુદ કોંગ્રેસના લોકોએ જ જાણ કરી હશે.

# પંચાયતો આવકના સ્ત્રોત ઉભા કરી બનશે આત્મનિર્ભર



## રાજ્યની ૭૧ પંચાયતોની પ્રાથમિક પસંદગી : પંચાયતો સરકારની ગ્રાન્ટ પર નિર્ભર રહેવાને બદલે સંસાધનોના આધારે બનશે આત્મનિર્ભર અને સમૃદ્ધ

અમદાવાદ, તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના વિઝનને આગળ વધારવા માટે હવે પંચાયતોએ વિવિધ સ્થાનિક પ્રકલ્પો-પ્રોજેક્ટ્સ થકી આવકના સ્ત્રોત ઊભા કરીને આત્મનિર્ભર પંચાયત બનવાની દિશામાં કાર્ય કરવું પડશે. આ પ્રોજેક્ટ્સ સાકાર કરવા માટે પંચાયત મંત્રાલય દ્વારા વિવિધ તકનીકી માર્ગદર્શન ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ કાર્યક્રમનો હેતુ પંચાયતોને આર્થિક રીતે સ્વાવલંબી, નવીન અને વિકાસલક્ષી બનાવવાનો છે, તેમ પંચાયતી રાજ મંત્રાલયના સચિવ વિવેક ભારદ્વાજે ગાંધીનગર ખાતે 'આત્મનિર્ભર પંચાયત કાર્યક્રમ' વર્કશોપમાં જણાવ્યું હતું.




સચિવ ભારદ્વાજે વધુમાં કહ્યું હતું કે, દેશ ભાગલા, યુદ્ધો, દુષ્કાળ અને અનાજની અછત જેવી ગંભીર સમસ્યાઓમાંથી પસાર થયો હતો, જેના કારણે ભારતને વિદેશી સહાય પર નિર્ભર રહેવું પડતું હતું. પરંતુ સમય જતાં દેશે આત્મનિર્ભરતા તરફ મજબૂત પગલાં ભર્યા. વર્ષ ૨૦૦૩માં ભારતે મોટા ભાગની વિદેશી સહાય લેવાનું બંધ કર્યું અને આફ્રિકાના કેટલાક દેશોનું દેવું પણ માફ કર્યું, તેમ તેમણે ઉમેર્યું હતું. પંચાયતોએ પોતાની આવક વધારવા માટે સ્થાનિક સંસાધનો અને વિશેષતાઓમાંથી આર્થિક ઉપાર્જન મેળવવું જોઈએ. ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઇમ રેખા, કર્કવૃત્ત, સ્ટેચ્યૂ ઓફ યુનિટી અથવા દરિયાકિનારા જેવા સ્થળોને ઉદાહરણ આપીને તેમણે કહ્યું કે, યોગ્ય આયોજન અને નવીન વિચારસરણી દ્વારા પ્રવાસન અને અન્ય પ્રવૃત્તિઓથી મોટી આવક અને રોજગારી ઊભી કરી શકાય છે.

આમ, પંચાયતો સરકારની ગ્રાન્ટ પર નિર્ભર રહેવાને બદલે પોતાના સંસાધનોના આધારે આત્મનિર્ભર અને સમૃદ્ધ બનશે. આપણા દેશમાં આવી ઘણી બધી ગ્રામ પંચાયતો અને બ્લોક પંચાયતો છે, જેમના પ્રોજેક્ટ્સ અત્યારે પણ સારી એવી આવક ઊભી કરી રહ્યા છે.પંચાયત વિભાગના અગ્ર સચિવ ધનંજય દ્વિવેદીએ જણાવ્યું હતું કે, કેન્દ્રના પંચાયત રાજ મંત્રાલય દ્વારા 'આત્મનિર્ભર પંચાયત કાર્યક્રમ' હેઠળ ગુજરાતની ૭૧ પંચાયતોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી છે. 'આત્મનિર્ભર પંચાયત' તરીકે પસંદગી પામી છે તે ગૌરવ સમાન છે. પરંતુ આપણે ૭૧ પંચાયત સુધી મર્યાદિત નથી રહેવાનું પણ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતની તમામ ૧૪ હજારથી વધુ પંચાયતને 'આત્મનિર્ભર પંચાયત' બનાવવા સંયુક્ત પ્રયાસો કરવાના છે.

'આત્મનિર્ભર ભારત-૨૦૪૭'નું સ્વપન માત્ર કેન્દ્ર કે રાજ્ય સરકારો પ્રયત્નોથી પૂર્ણ ન થઈ શકે જ્યાં સુધી જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતો એટલી જ ગતિ અને ઊર્જા સાથે આ દોડમાં સહભાગી નહીં થાય. અગ્ર સચિવ દ્વિવેદીએ કહ્યું હતું કે, પંચાયતો માત્ર 'વહીવટી એકમો' નહીં પરંતુ લોકશાહીના જીવંત એકમો છે. પંચાયતોએ કેન્દ્ર કે રાજ્ય તરફથી આવતી ગ્રાન્ટ-અનુદાન વાપરવા અને સુવિધાઓ પૂરી પાડવાની સાથે સાથે લોકશાહીની સૌથી મહત્વની પાઠશાળા છે. ગ્રામીણ સ્તરેથી જ નેતૃત્વ તૈયાર થઈને રાજ્ય અને રાષ્ટ્ર કક્ષા સુધી પહોંચે છે અને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપે છે. ગ્રામીણ સ્તરે સુવિધાઓ શહેર જેવી હોવી જોઈએ. આજનો ગ્રામીણ નાગરિક પણ ઉંચી આકાંક્ષાઓ-અપેક્ષાઓ ધરાવે છે. અમદાવાદ જેવા વિકસિત શહેરોમાં જેવી સુવિધાઓ ઉપલબ્ધ હોય, તેવી જ 'ક્વોલિટી ઓફ લાઈફ'-સુવિધાઓ ગામડાના નાગરિકોને પણ મળવી જોઈએ, તેવી તેમની અપેક્ષા છે.

ગુજરાતમાં ગ્રામ પંચાયતોને આર્થિક રીતે વધુ સશક્ત અને આત્મનિર્ભર બનાવવા માટે આત્મનિર્ભર પંચાયત કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગ્રામ પંચાયતોની પોતાની આવકમાં વધારો કરી તેમને માત્ર કેન્દ્ર અને રાજ્યની ગ્રાન્ટ્સ પર નિર્ભર રહેવાને બદલે સ્વનિર્ભર બનાવવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત હાલમાં ગુજરાતમાં ૭૧ ગ્રામ પંચાયતોની 'આત્મનિર્ભર પંચાયત' તરીકે પ્રાથમિક પસંદગી કરવામાં આવી છે.

નાબાર્ડના રિજિનલ મેનેજર ડો. પ્રદીપે જણાવ્યું હતું કે, આ સંસ્થા દ્વારા ગ્રામ વિકાસ, કૃષિ સમૃદ્ધિ અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાં રસ્તાઓ, બજાર, પાણીની સુવિધાઓ અને અન્ય માળખાગત વિકાસ માટે નાબાર્ડ મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે. આ ઉપરાંત કૃષિ ક્ષેત્રમાં આધુનિક ટેકનોલોજીનો પ્રસાર, જળસંચય અને સિંચાઈની સુવિધાઓના વિકાસ દ્વારા ખેડૂતોની ઉત્પાદન ક્ષમતા વધારવાના અનેક સફળ પ્રયોગો હાથ ધરવામાં આવ્યા છે. આમ, નાબાર્ડના આ પ્રયાસોથી ગામડાઓમાં કનેક્ટિવિટી, રોજગારી અને આર્થિક વિકાસને નવી દિશા મળી છે.

ગ્રામ હાટ, ફિલ્ટર કરાયેલ પીવાના પાણીની સુવિધા, કૃષિ ઉત્પાદનોનું સંગ્રહ અને પ્રોસેસિંગ, નાના ઉદ્યોગો, ગોડાઉન નિર્માણ અને કોમોડિટી આધારિત વ્યવસાય જેવા મોડલ્સ દ્વારા ગ્રામ પંચાયતોને સ્વનિર્ભર બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આવા આવક આધારિત પ્રયોગોથી ગ્રામ પંચાયતો માત્ર સરકારી ગ્રાન્ટ્સ પર નિર્ભર રહેવાને બદલે પોતાના સંસાધનો દ્વારા વિકાસ કાર્યોને ગતિ આપી શકશે અને ગામડાઓમાં સર્વાંગી વિકાસનું નવું મોડલ ઊભું કરી શકશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

આ ઉપરાંત હુડકો દ્વારા ગ્રામ પંચાયતના અધિકારીઓ અને કર્મચારીઓ માટે ટેકનિકલ, નાણાકીય અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ સંબંધિત વર્કશોપ, તાલીમ કાર્યક્રમો અને વિશેષ સત્રોનું આયોજન પણ કરવામાં આવશે. આત્મનિર્ભર પંચાયતના વિઝનને સાકાર કરવા માટે ગ્રામ પંચાયતો પોતાની આવક ઊભી કરી શકે, નફાકારક અને ટકાઉ પ્રોજેક્ટ્સ વિકસાવી શકે તથા વિકાસ કાર્યોને સ્વયં આગળ વધારી શકે તે માટે તમામ પ્રકારનું માર્ગદર્શન અને સહયોગ ઉપલબ્ધ કરાવવામાં આવશે, તેમ શ્રી શર્માએ ઉમેર્યું હતું. વર્કશોપ દરમિયાન આત્મનિર્ભર પંચાયત કાર્યક્રમના વિઝન, ઉદ્દેશ્યો, ટેકનિકલ રોડમેપ અને અપેક્ષિત પરિણામોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આત્મનિર્ભર પંચાયત પોર્ટલનું જીવંત પ્રદર્શન કરવામાં આવ્યું હતું તેમજ સહભાગીઓ સાથે પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું.

# સુરેન્દ્રનગરમાં નકલી નોટ સાથે પકડાયેલા આરોપીને દસ વર્ષની કેદ

## ૨૦,૦૦૦ રૂપિયા વળતર ચૂકવવા અને વળતરનો ચૂકવે તો વધુ એક વર્ષની સાદી કેદનો હુકમ કરતી સેશન્સ કોર્ટ

રાજકોટ તા..૯

એમ બી પઢિયાર૨૦૨૩ ના વરસુરેન્દ્રનગરમાં એસઓજીના પી.એસ.આઇ એમ.બી. પઢિયાર દ્વારા બે શખ્સોને ભારતીય ચલણની રૂપિયા એકસોના દરની ૧૩૪ ઝાલી નોટ સાથે પકડી પાડયાના ગુનાનો કેસ કોર્ટમાં ચાલી જતા સેશન્સ કોર્ટે મુખ્ય આરોપીને દસ વર્ષની સખત સજા અને ૨૦,૦૦૦નો દંડ ફટકાર્યો છે.



પ્રાપ્ત વિગતો મુજબ ૨૦૨૩ ના વર્ષમાં એસઓજીના પી.એસ.આઇ એમ.બી.પઢિયાર સહિતની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમીના આધારે સુરેન્દ્રનગરમાંથી બે શખ્સોને ભારતીય ચલણી નોટનું ડુપ્લિકેશન કરવાના પ્રિન્ટિંગ મશીન, લેપટોપ સહિતના સાહિત્ય સાથે ઝડપી લીધા હતા. પોલીસે દરોડા દરમિયાન રૂપિયા એકસોની ૧૩૪ નોટો સહિતનો મુદ્દાવાળ કબજે કરી બે શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. જેમાં મુખ્ય સૂત્રધાર તરીકે રાહુલ રાજેશ વાળોદરા ( રહે. વઢવાણવ, જુના વાલ્મીકી વાસ પાંજરા પોળ વાળી ગલી, શીયાણી પોળ પાસે ) તેમજ મહેબુબ કરીમ કટીયા (રહે. રતનપર વાળા)એ આરોપી રાહુલ નેભારતીય ચલણી નોટ બનાવવામાં મદદગારી કરી હોવાનો ગુનો નોંધાયો હતો.

આ ગુનાનો કેસ કોર્ટમાં ચાલી જતા સુરેન્દ્રનગરના ચોથા એડિશનલ સેશન્સ જજ દ્વારા આરોપી રાહુલને ગુનામાં તકસીર વાન ઠેરવીનેભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૩૫(૨) મુજબ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ- ૪૮૯(ડી) વાંચતા તે મુજબ તકશીરવાન ઠરાવીને ભારતીય દંડ સંહિતાની કલમ ૪૮૯(ડી) લગત સજાપાત્ર ગુના માટ લગત સજાપાત્ર ગુના માટે આરોપીને દસ વર્ષની સખત કેદની સજા તથા આરોપીને રૂા.૨૦૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો તેઓએ વધુ એક વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો છે છે.

### હાલ માયાણીનગરમાં માવતરે રહેતી વિધવાએ વર્ણવી સાસરિયાના અનહદ ત્રાસની વિગતોઃ મહિલા પોલીસમાં દાખલ થઈ ફરિયાદ

# પતિના અવસાન બાદ પત્નીનું માથું મુંડાવ્યું!

રાજકોટ,તા.૯

શહેરમાંથી મહિલાઓ પર થતા ઘરેલું હિંસા અને સામાજિક કુરિવાજોના જોરે થતા અત્યાચારનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. રાજકોટના સહજાનંદ, માયાણીચોક શેરી નં-૪ ખાતે હાલ માવતરે રહેતા ૩૬ વર્ષીય સોનલબેન ચંદ્રેશભાઈ જાગાણીએ પોતાના ધોરાજી રહેતાં સાસુ, સસરા અને નણંદ વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસ, દહેજની માંગણી તેમજ અમાનવીય વર્તન અંગે મહિલા પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદની વિગત મુજબ, સોનલબેનના લગ્ન વર્ષ ૨૦૧૪માં જેતપુરના કોટડીયા વાડી ખાતે રહેતા ચંદ્રેશકુમાર ભાદાભાઈ જગાણી સાથે જ્ઞાતિના રીત-રિવાજ મુજબ થયા હતા. લગ્ન બાદ તેઓ જેતપુર ખાતે સંયુક્ત પરિવારમાં રહેતા હતા અને સંતાનમાં તેમને એક ૧૧ વર્ષનો દીકરો અને ૪ વર્ષની દીકરી છે. સોનલબેનનો આક્ષેપ છે કે લગ્ન બાદથી જ તેમના સાસુ જ્યાબેન અને નણંદ નિમીષાબેન અવારનવાર નાની-નાની વાતોમાં ચડામણી કરી ઝઘડા કરતા હતા, જેના કારણે સસરા ભાદાભાઈએ તેમને અલગ રહેવા કહી દીધું હતું. ત્યારબાદ આ દંપતી નવાગઢ જકાતનાકા પાસે અને વર્ષ ૨૦૨૦થી રાજકોટ ખાતે રહેવા આવ્યું હતું. વર્ષ ૨૦૨૩માં સોનલબેનના પતિ ચંદ્રેશભાઈને આંતરડાનું કેન્સર હોવાનો રિપોર્ટ આવ્યો હતો. તેમની સારવાર રાજકોટની સેન્ચુરી કેન્સર હોસ્પિટલ અને ઓપરેશન ઝાયડસ હોસ્પિટલ ખાતે કરાવવામાં આવ્યું હતું, જેનો સંપૂર્ણ ખર્ચ ચંદ્રેશભાઈએ પોતે ભોગવ્યો હતો. સોનલબેનનો ગંભીર આક્ષેપ છે કે, તેમના સાસુ ભુવા-દોરા ધાગામાં ભારે માનતા હોવાથી, અલગ-અલગ

> * પતિને કેન્સર થતાં દવા બંધ કરાવી દોરા ધાગા કરાવ્યાઃ પતિનું મૃત્યુ થતાં સાસુએ કહ્યું-તારા કારણે જ મારો દીકરો મરી ગયો છે, તું અપશુકનિયાળ છો
> * નણંદએ કહ્યું- માથું નહિ મુંડાવ તો તારા પતિના આત્માને શાંતિ નહિ મળેઃ મિલકતમાંથી બેદખલ કરી કાઢી મૂકીઃ સોનલબેન જાગણીની ચોંકાવનારી ફરિયાદ

ભુવાઓને ઘરે બોલાવતા હતા અને તેમના કહેવાથી જ ચંદ્રેશભાઈની કેન્સરની સારવાર બંધ કરાવી દીધી હતી. આખરે તા. ૧૨/૧૧/૨૦૨૫ના રોજ કેન્સરની બીમારીથી ચંદ્રેશભાઈનું અવસાન થયું હતું.

ચંદ્રેશભાઈ જીવતા હતા ત્યારે લસણના ખરીદ-વેચાણના ધંધા માટે રૂ. ૧૭ લાખની જરૂરિયાત ઊભી થતા, સોનલબેનના સ્ત્રીધન સમાન દાગીના મણિપુરમ ફાઇનાન્સ અને પંજાબ નેશનલ બેંકમાં ગીરો મૂકી રૂ. ૧૫ લાખ મેળવ્યા હતા. આ ઉપરાંત ખૂટતા રૂ. ૩ લાખ સોનલબેનના ભાઈ ધવલભાઈ માંડવીયાએ તા. ૦૯/૦૫/૨૦૨૫ થી તા. ૧૪/0CustomER25 દરમિયાન અલગ-અલગ તારીખે જી-પે મારફતે ઓનલાઇન મોકલી આપ્યા હતા. પતિના અવસાન બાદ સસરા ભાદાભાઈએ ગોડાઉનમાં રાખેલો લસણનો જથ્થો વેચી નાખ્યો હતો, પરંતુ તેમાંથી એક પણ રૂપિયો સોનલબેનને આપ્યો નહોતો. સૌથી ચોંકાવનારી અને કાનૂની રીતે ગુનાહિત બાબત એ સામે આવી છે કે, પતિના અવસાનના ત્રીજા દિવસે એટલે કે તા. ૧૪/૧૧/૨૦૨૫ના રોજ સાસુ જ્યાબેન અને નણંદ નિમીષાબેને સોનલબેનને ધમકી આપી હતી કે, ''જો તું માથું મુંડાવ નહીં તો તારા પતિના આત્માને શાંતિ નહીં મળે.'' તેમ કહી બળજબરીપૂર્વક સોનલબેનનું માથું મુંડાવી તમામ વાળ કાપી નાખ્યા હતા.

આ અમાનવીય ઘટનાના એક મહિના બાદ સાસુએ સોનલબેનને ''તારા કારણે જ મારો દીકરો મરી ગયો છે, તું અપશુકનિયાળ છો'' તેવા મેણા-ટોણા મારી બંને બાળકો સાથે ઘરની બહાર કાઢી મૂક્યા હતા. એટલું જ નહીં, સાસરીયાઓએ સોનલબેનના દાગીના, પતિના નામે રહેલી એક્ટિવા GJ-03-NJ-2673 અને વોક્સવેગન કાર GJ-03-HR-3826 સહિતની તમામ પ્રોપર્ટી અને બેંકના કાગળો પણ પોતાની પાસે રાખી લીધા છે. સોનલબેનનો એવો પણ આક્ષેપ છે કે પતિના અવસાનના બીજા જ દિવસે નણંદના દીકરાએ ચંદ્રેશભાઈના એટીએમમાંથી આશરે દોઢ લાખ રૂપિયા પણ ઉપાડી લીધા હતા અને ફોનનો પિનકોડ બદલી નાખ્યો હતો. હાલ બંને બાળકોના ઉછેરની જવાબદારી એકલા વિધવા સોનલબેનના શિરે આવી પડી છે અને સાસરીયાઓ બાળકોને તેમનો હક હિસ્સો આપવાની સાફ ના પાડી રહ્યા છે. આખરે કંટાળીને સોનલબેને પોતાના ભાઈ ધવલભાઈ સાથે મહિલા પોલીસ સ્ટેશને પહોંચી ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે. સાસુ જ્યાબેન ભાદાભાઈ જાગાણી, સસરા ભાદાભાઈ જગાભાઈ જાગાણી અને નણંદ નિમીષાબેન રાજેશભાઈ પાદરીયા વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસ, દહેજ પ્રથા અને ગુનાહિત કૃત્ય કરવા અંગેની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ પો. સબ.ઇન્સ. બી. આર. પલ્લાચરીયા ચલાવી રહ્યા છે.

# કોળી સમાજના ૨ અધિવેશનથી રાજકારણમાં ગરમાવો

## સામાજિક વર્તુળોમાં ચર્ચાએ પકડ્યું જોર, સમાજ એકતા તરફ આગળ વધશે કે પછી નેતૃત્વના વિવાદ વચ્ચે વિભાજનનો સામનો કરશે ?



રાજકોટ, તા..૯

ગુજરાત સહિત દેશભરમાં મોટું સામાજિક અને રાજકીય કદ ધરાવતા રાષ્ટ્રીય કોળી સમાજમાં મોટો સંગઠનાત્મક ભડકો થયો છે. દિલ્હીમાં યોજાનારા રાષ્ટ્રીય અધિવેશનની તારીખોને લઈને સમાજમાં સ્પષ્ટપણે બે ફાટા પડી ગયા હોવાનું સામે આવ્યું છે. દિલ્હીમાં આગામી ૧૪ જૂન અને ૨૧ જૂનના રોજ અલગ-અલગ જૂથો દ્વારા બે સ્તરે રાષ્ટ્રીય અધિવેશન બોલાવવાની જાહેરાત કરાતા કોળી સમાજનો આંતરિક જૂથવાદ અને વિવાદ હવે સપાટી પર આવી ગયો છે. કેબિનેટ મંત્રી અને કોળી સમાજના અગ્રણી કુંવરજી બાવળિયાના જૂથ દ્વારા આગામી ૧૪ જૂનના રોજ દિલ્હી ખાતે રાષ્ટ્રીય અધિવેશનની જાહેરાત કરવામાં આવી છે. આ બેઠકમાં હાજર રહેવા માટે કુંવરજી બાવળિયાએ મહારાષ્ટ્રના સમસ્ત કોળી સમાજ સહિત વિવિધ રાજ્યોના સંગઠન પ્રમુખોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ કરી છે.

અખિલ ભારતીય કોળી સમાજમાં નેતૃત્વને લઈને ચાલી રહેલી ખેંચતાણ હવે ખુલ્લેઆમ સામે આવી છે. જૂન મહિનામાં માત્ર સાત દિવસના અંતરે દિલ્હીમાં બે અલગ-અલગ રાષ્ટ્રીય અધિવેશન યોજાવા જઈ રહ્યા છે, જેના કારણે કોળી સમાજમાં અસમંજસ અને રાજકીય ચર્ચાઓનો માહોલ સર્જાયો છે. નોંધનીય છે કે, ૧૪મી જૂને કુંવરજી બાવળિયાના નેતૃત્વમાં અધિવેશન અને ૨૧ જૂને વિરેન્દ્ર કશ્યપના નેતૃત્વમાં અધિવેશન યોજાવાનું છે. ચર્ચા તો એવી પણ છે કે, કુંવરજી બાવળિયા અને હીરા સોલંકી વચ્ચે કથિત કોલ્ડવોર ચાલી રહી છે. આ કથિત કોલ્ડવોરના ભાગરૂપે દિલ્હીમાં અધિવેશન બોલાવવામાં આવ્યું હોઈ શકે છે.

બીજી તરફ, સંગઠનના રાષ્ટ્રીય પ્રમુખ વિરેન્દ્ર કશ્યપ (પૂર્વ સાંસદ, સિમલા) અને તેમના વિરોધી જૂથ દ્વારા આગામી ૨૧ જૂનના રોજ અલગથી રાષ્ટ્રીય બેઠકનું એલાન કરવામાં આવ્યું છે. સામસામેના અધિવેશનોને લઈને કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાનું મોડી રાત્રે મોટું નિવેદન સામે આવ્યું હતું. તેમણે ૨૧ જૂને મળનારા સંમેલનને સખત શબ્દોમાં વગોવતા કહ્યું કે, ''એક જૂથ માત્ર પોતાનો રાજકીય સ્વાર્થ સાધવા અને રાજકીય લાભ ખાટવા માટે જ ૨૧ જૂનની બેઠક બોલાવી રહ્યું છે.'' કુંવરજી બાવળિયાએ સામેના જૂથને આડેહાથ લેતા ગંભીર આક્ષેપ કર્યો હતો કે, વિરોધી જૂથના લોકો સમાજના યુવાનો અને મહિલાઓને ક્યારેય આગળ આવવા દેવા માંગતા નથી.

આ સમગ્ર વિવાદ વચ્ચે રાજકોટ કોળી સમાજના ઉપાધ્યક્ષ પ્રવિણભાઈએ મીડિયા સાથેની વિશેષ વાતચીતમાં અનેક મોટા ખુલાસા કર્યા છે. કુંવરજી બાવળિયા દ્વારા યુવા પાંખ સામે કરવામાં આવેલા આક્ષેપોનો જવાબ આપતા પ્રવિણભાઈએ જણાવ્યું કે, ''સમાજમાં ભાગલા પાડીને રાજકીય લાભ લેવા માટે જ આવા સંમેલનો યોજાઈ રહ્યા છે. નેતાઓ સમાજના નામે પોતાની બંડી ચમકાવવા માંગે છે, પરંતુ સમાજના મૂળભૂત પ્રશ્નો માટે કશું બોલતા નથી. પ્રવિણભાઈએ કાયદાકીય સ્થિતિ સ્પષ્ટ કરતા જણાવ્યું કે, કુંવરજી બાવળિયાએ નામ લીધા વગર જે યુવા પાંખની ટીકા કરી છે, તેના સત્તાવાર રાષ્ટ્રીય અધ્યક્ષ તો સાણંદના ધારાસભ્ય કનુભાઈ મકવાણા છે. સમાજમાં ફેલાઈ રહેલી ગેરસમજ અંગે ચિંતા વ્યક્ત કરતા અગ્રણી પ્રવિણભાઈએ કુંવરજીભાઈ બાવળિયા અને હીરાભાઈને જાહેરમાં અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે, હીરાભાઈનું કહેવું છે કે ગુજરાતમાં કોઈ વાદ-વિવાદ નથી અને તેઓ બાવળિયા સાહેબની સાથે બેસવા તૈયાર છે.

# મેયરના વોર્ડમાં જ પીવાનું પાણી દૂષિત



**તાકીદે નિવારણ અનિવાર્ય : સ્માર્ટ સિટીના સ્વપન વચ્ચે લોકોમાં ઉહાપો**

રાજકોટ, તા..૯

મહાનગરપાલિકાની કામગીરી અંગે એક નહીં અનેકવિધ પ્રશ્નો ઊભા થયેલા છે જેના પર યોગ્ય પગલાં લેવામાં આવે તે ખૂબ જરૂરી છે. નવનિયુક્ત હોદ્દેદારોના સંયુક્ત ઉપક્રમે હાલ મહાનગરપાલિકાના વિવિધ વિભાગોને સૂચિત કરવામાં આવ્યા છે કે જે પણ પાયાની સુવિધા આજદિન સુધી લોકોને મળી નથી તે મળતી રહે. પરંતુ વાસ્તવિકતા તો એ છે કે પીવાના પાણીની ગુણવત્તા અંગે અનેકવિધ પ્રશ્નો ઊભા થયેલા છે. મહાનગરપાલિકા દ્વારા લોકોને જે પાણી આપવામાં આવે છે તે શુદ્ધ છે કે કેમ તે અંગે પણ ઘણા વિવાદો થયા પરંતુ મહત્વની વાત તો એ છે કે નવનિયુક્ત મેયરના વિસ્તારમાં જ લોકો પ્રદૂષિત પાણીનું સેવન કરી રહ્યા છે જેને લઇ ભારે ઉહાપો મચ્યો છે. મહાનગરપાલિકા પાસે પોતાના ફિલ્ટર પ્લાન્ટ હોવા છતાં જો હજુ પણ દૂષિત પાણી મળતું હોય તો તે કોની ભૂલ તે અંગે પણ હાલ અનેકવિધ સવાલો ઉઠી રહ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકાના જળાશયો અને વિતરણ વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા થયા છે. શહેરમાં પીવાના પાણીની ગુણવત્તા અત્યંત જોખમી સ્તરે પહોંચી ગઈ હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. મનપા પ્રશાસન લોકોને શુદ્ધ પાણી પૂરું પાડવાના મોટા દાવા કરે છે, પરંતુ વાસ્તવિકતા કંઈક જુદુ જ ચિત્ર રજૂ કરે છે. શહેરના ખુદ મેયરના પોતાના વિસ્તારના જ લોકો રોગચાળાના ભરડામાં આવી જાય, તેવું પ્રદૂષિત પાણી મળી રહ્યું છે.

મનપાના આરોગ્ય અને વોટર વર્કસ વિભાગે લીધેલા નમૂનાના રિપોર્ટમાં મોટો ભાંડો ફૂટયો છે. ખાસ કરીને મેયરના વોર્ડ નંબર ૭ સહિત વોર્ડ નંબર ૪, ૮ અને ૬ માં વિતરણ કરવામાં આવતા પાણીમાં જોખમી બેક્ટેરિયાની હાજરી મળી આવી છે. આ વિસ્તારોમાં વસતા હજારો પરિવારોના માથે હવે રોગચાળાનું મોટું સંકટ તોળાઈ રહ્યું છે. આ અહેવાલ બહાર આવતા જ સ્થાનિક રહીશોમાં મનપાની કામગીરી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

રાજકોટ મનપાએ શહેરના તમામ ૧૮ વોર્ડમાંથી કુલ ૮૨૧૪ પાણીના સેમ્પલ લીધા હતા. લેબોરેટરી તપાસ દરમિયાન આ સેમ્પલમાંથી ૬ જેટલા પાણીના નમૂના સંપૂર્ણપણે ફેઈલ સાબિત થયા છે. સરકારી લેબના રિપોર્ટ અનુસાર આ નમૂનાઓમાં બેક્ટેરિયાની હાજરી જોવા મળી છે. આ આંકડો ભલે નાનો હોય, પરંતુ જે વિસ્તારોના સેમ્પલ સકારાત્મક નથી આવ્યા, ત્યાં પીવાનું પાણી ઝેર સમાન બની ગયું છે. આ ગંભીર સમસ્યા પાછળ મનપાની ડ્રેનેજ સિસ્ટમની નાકામી જવાબદાર હોવાનું બહાર આવ્યું છે. ભૂર્ગભ ગટરનું ગંદુ પાણી લીકેજ થવાના કારણે પીવાના પાણીની મુખ્ય સપ્લાય લાઇનમાં ભળી ગયું હતું. આ દૂષિત મિશ્રણ સીધું લોકોના ઘર સુધી પહોંચી ગયું અને તેના કારણે જ પાણીમાં બેક્ટેરિયા ફેલાયા છે. તંત્રની આ આંતરિક ખામી નાગરિકોના સ્વાસ્થ્ય માટે અત્યંત ખતરનાક સાબિત થઈ રહી છે. મનપાના વોટર વર્કસ વિભાગે તાત્કાલિક અસરથી બચાવ કામગીરી શરૂ કરી છે. અધિકારીઓએ નાગરિકોને ખાસ અપીલ કરી છે કે જો કોઈના વિસ્તારમાં ગંદુ કે વાસ મારતું પાણી આવતું હોય, તો તરત જ મહાનગરપાલિકાને જાણ કરવી. તંત્ર લાઈનોનું શુદ્ધિકરણ કરવાની કવાયત કરી રહ્યું છે, પરંતુ ત્યાં સુધી લોકોને પાણી ઉકાળીને પીવાની સલાહ આપવામાં આવી છે.

દૂષિત પાણીને લઈને શહેર મેયર નેહલ શુક્લએ બચાવ કર્યો છે. તેમણે નિવેદન આપ્યું છે કે, દર મહિને તંત્ર ચેકિંગ કરતું હોય છે, તો સાથે જ તેમણે પાણીના સેમ્પલમાં બેક્ટેરિયા મળ્યા હોવાનો સ્વીકાર કર્યો છે. મેયરે કહ્યું કે, જે સ્થળે બેક્ટેરિયા જોવા મળ્યા છે. ત્યાં સમારકામ કરી દેવામાં આવ્યું છે. ચોમાસા પહેલા પાણીની ચકાસણી જરૂરી છે. દૂષિત પાણીને લગતી જરૂરી સૂચનાઓ અધિકારીને આપી દેવામાં આવી હોવાનું પણ મેયરે નિવેદન આપ્યું છે.

# જન્મ- મરણ વિભાગમાં ફરી સર્વરના ધાંધ્યા

## મહાનગરપાલિકા ખાતે આવતા અરજદારોમાં રોષની લાગણીઃ યોગ્ય નિકાલ લાવવામાં તંત્ર નિષ્ફળ

રાજકોટ, તા.૯

મહાનગરપાલિકાના વિવિધ વિભાગોની કામગીરી અંગે અનેકવિધ ભૂતકાળમાં અનેકવિધ સવાલો ઊભા થયેલા છે અને તેમાં પણ જ્યારે જન્મ મરણ વિભાગની વાત કરવામાં આવે તો અહીં આવતા લોકોને ભારે હાલાકી અને મુશ્કેલીનો સામનો દર વખતે કરવો પડ્યો છે. સ્ટાફના ભાવે અને સર્વરના ધાંધિયાના પગલે હાલ તંત્ર દ્વારા નક્કર કામગીરી કરવામાં આવતી નથી અને અંતે હેરાનગતિ લોકોએ ભોગવી પડે છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લેતા હવે જોવાનું એ રહ્યું કે શું પગલાં તંત્ર લેશે કારણકે મેયર તરીકે પદભાર સંભાળતાની સાથે જ નેહલ શુક્લ જન્મ મરણ વિભાગમાં આવી પહોંચ્યા હતા અને થતી કામગીરી અંગે અનેકવિધ સવાલો કર્યા હતા. એટલું જ નહીં યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા માટે અધિકારીઓને પણ સૂચિત કરવામાં આવ્યા છતાં પણ જે સ્થિતિ જોવા મળી રહી છે તે યથાવત છે આજે પણ અરજદારોને હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે કારણ કે કેન્દ્રના પોર્ટલમાં સતત ક્ષતિઓ હોવાના કારણે લોકો હેરાન થઈ રહ્યા છે.

રાજકોટ મનપાએ નવા ફોર્મેટ મુજબ જન્મ-મરણના દાખલા કાઢવા માટે કેન્દ્ર સરકાર આધારિત પોર્ટલ મુજબની નવી વ્યવસ્થા શરૂ કરી છે. કેન્દ્રના આ પોર્ટલમાં ફરી એરર આવતા આજે સંખ્યાબંધ અરજદારો અસહ્ય બફારા વચ્ચે હેરાન થયા હતા. માત્ર જન્મના દાખલા જ નિકળતા હતા. મરણના દાખલા કાઢવામા ટેકનિકલ ફોલ્ટ આવ્યો હતો. જ્યારથી કેન્દ્ર સરકારના પોર્ટલ આધારિત સેન્ટ્રલાઇઝ નવી વ્યવસ્થા અમલી બની છે ત્યારથી આવા ધાંધિયા રોજીંદા બની ગયા છે. ગત અઠવાડિયે તો અરજદારોની સહનશક્તિનો જાણે છેડો આવી ગયો હોય તેમ સિવિક સેન્ટરમાં દેકારો બોલી ગયો હતો. વ્યવસ્થામાં અંધાધૂંધી સર્જાઇ હતી. એક તબક્કે અરજદારો અને વીજીલન્સ અને સિક્યુરિટી સ્ટાફ વચ્ચે માથાકૂટ પણ થઇ હતી.

કેન્દ્ર સરકારના આદેશ મુજબ જન્મના દાખલા માટે થયેલા કેટલાક ફેરફાર મુજબ નવા ફોર્મેટ સાથેના જન્મતારીખના દાખલા અરજદારોને હવે સીધા જ ઇ-મેઇલમાં મળી જશે તેવી વ્યવસ્થા ગોઠવવામા આવતા અરજદારોને એવી અપેક્ષા હતી કે અત્યાર સુધી જે હેરાનગતિ થતી હતી તેમાથી છૂટકારો મળશે. પરંતુ આ નવી વ્યવસ્થામાં પણ હેરાનગતિની કઠણાઇ ચાલી જ રહી છે. રાજકોટ મહાનગરપાલિકાના જન્મ-મરણ વિભાગ દ્વારા નાગરિકોની સુવિધા અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને એક મહત્વપૂર્ણ વહીવટી ફેરફાર અમલમાં મૂકવામાં આવ્યો છે. અત્યાર સુધી જન્મ અને મરણની નોંધણી તેમજ તેને લગતી તમામ કામગીરીઓ રાજ્ય સરકારના સ્તરેથી ઓપરેટ થતા પોર્ટલ દ્વારા કરવામાં આવતી હતી. પરંતુ હવે કેન્દ્ર સરકારના દિશાનિર્દેશો અનુસાર આ સમગ્ર પ્રણાલીને સેન્ટ્રલાઇઝ્ડ કરીને કેન્દ્ર સરકારના સત્તાવાર પોર્ટલ પર શિફ્ટ કરવામાં આવી છે. અગાઉની જુની સિસ્ટમમાં સર્વર ડાઉન થઇ જવાની પોળજણ રહેતી હતી. નવી વ્યવસ્થા આવી તેમા સમસ્યાનું સ્વરૂપ બદલાયુ છે. અરજદારોની હેરાનગતિ તો જૈસે થે વૈસે જ રહી છે. નવી સિસ્ટમમાં કેન્દ્ર સરકારના પોર્ટલમાં લોગીન લોક થઇ જવાની ટેકનિકલ ક્ષતિ આવી રહી છે. આજે સવારથી ફરી આ સમસ્યા રહી હતી. માત્ર જન્મના દાખલા નીકળતા હતા. મૃત્યુના દાખલા કઢાવવામા સિસ્ટમ ઠપ્પ હતી. જેના લીધે અરજદારોની ભીડ જામી ગઇ હતી.

**રાજકોટ વડોદરા રૂટ પર ૨ જ્યારે ભુજના રૂટ પર ૩ નવી બસનો ગઈકાલથી પ્રારંભ**

# એસ.ટી ડિવિઝનને મળી પાંચ નવી વોલ્વો



રાજકોટ તા. ૯

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (ૠજીછઝઈ) દ્વારા મુસાફરને આરામદાયક, સુરક્ષિત અને ઉચ્ચ કક્ષાની આધુનિક પરિવહન સેવા ઉપલબ્ધ કરાવવા માટે પ્રીમિયમ વોલ્વો અને એ.સી. બસ સેવાના રૂટ તબક્કાવાર વધારવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે રાજકોટ એસ.ટી. વિભાગને ફાળવાયેલી વધુ પાંચ નવીન વોલ્વો બસને મેયર નેહલ શુકલએ લીલી ઝંડી દેખાડી પ્રસ્થાન કરાવ્યું હતું. કુલ પાંચ વોલ્વો બસ પૈકી બે બસ રાજકોટ - બરોડા રૂટ પર અને ત્રણ વોલ્વો બસ રાજકોટ - ભુજ રૂટ પર શરુ થતા મુસાફરોની સુવિધામાં વધારો કરશે.

આ નવીન વોલ્વો બસનો 'ફ્લેગ ઓફ' કાર્યક્રમ આજરોજ એસ.ટી. બસપોર્ટ, ઢેબર રોડ, રાજકોટ ખાતે મેયર તેમજ એસ.ટી. વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો. રાજકોટ મહાનગરપાલિકાના મેયર નેહલભાઈ શુકલએ બસને કુમકુમ તિલક કરી, શ્રીફળ વધેરી બસને પ્રસ્થાન કરાવ્યું હતું. આ તકે મેયરે વોલ્વો બસની સુવિધાઓનો સ્વાનુભવ કર્યો હતો. આ પ્રસંગે વિભાગીય નિયામક એમ.પી.રાજ તેમજ વોલ્વો બસ મેનેજર એન.વી.ઠુંમર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ગઈકાલથી શરુ કરાયેલી નવીન વોલ્વો બસ રૂટનું સમયપત્રક અને ભાડુ આ પ્રારંભ થયેલી પાંચ બસ પૈકી રાજકોટ-બરોડા રૂટ પર દરરોજ બે બસ દોડશે, જેમાં પ્રથમ બસ રાજકોટથી સવારે ૦૮ કલાકે ઉપડી બપોરે ૦૨ કલાકે બરોડા પહોંચશે અને બીજી બસ રાજકોટથી સવારે ૧૧ કલાકે ઉપડી સાંજે ૦૫ કલાકે બરોડા પહોંચશે, જેનું ભાડુ રૂપિયા ૮૦૩/- નિયત કરવામાં આવ્યું છે. જ્યારે રાજકોટ-ભુજ રૂટ પર દરરોજ ત્રણ બસનું સંચાલન કરાશે, જેમાં પ્રથમ બસ રાજકોટથી સવારે ૦૬:૧૫ કલાકે ઉપડી ૧૧:૪૫ કલાકે, બીજી બસ સવારે ૧૧:૩૦ કલાકે ઉપડી સાંજે ૦૫ કલાકે અને ત્રીજી બસ સાંજે ૦૪ કલાકે ઉપડી રાત્રે ૦૯:૩૦ કલાકે ભુજ પહોંચશે, જે તમામ બસનું ભાડુ રૂપિયા ૭૧૫ રાખવામાં આવ્યું છે.

# હીરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર દુર્ઘટના ટળી

## બર્ડ હીટથી દિલ્હી જતી ફ્લાઈટનો ઈમર્જન્સી લેન્ડિંગ : ૧૨૪ મુસાફરોનો બચાવ

રાજકોટ, તા. ૯

રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હિરાસર ખાતે છેલ્લા ઘણા સમયથી કોઈ દુર્ઘટના ન ઘટે તે માટે વિવિધ ડ્રિલ નું આયોજન કરવામાં આવતું હોય છે પરંતુ ગઈકાલે તો ખરા અર્થમાં કહી શકાય કે મોટી દુર્ઘટના ટળી હતી બર્ડ હીટ ના પગલે લાઇટને ઇમર્જન્સી લેન્ડિંગ કરાવ્યું હતું અને મુસાફરોનો આબાદ બચાવ પણ થયો હતો. મળતી માહિતી મુજબ રાજકોટ થી દિલ્હી તરફ જઈ રહેલી એરલાઈન્સ ની ફ્લાઈટ અચાનક હવામાં ટેક ઓફ થતા જ પક્ષી અથડાયું હતું જે બાદ તાકીદે તેને ગ્રાઉન્ડેડ એટલે કે લેન્ડ કરી દેવામાં આવી હતી.

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ગઈકાલે એક મોટી વિમાન દુર્ઘટના ટળી છે, જેના કારણે એરપોર્ટ તંત્ર સહિત મુસાફરોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. રાજકોટથી દિલ્હી તરફ ઉડાન ભરી રહેલી ઈન્ડિગો એરલાઈન્સની એક ફ્લાઈટ સાથે અચાનક હવામાં પક્ષી અથડાવાની ઘટના સામે આવી છે. પક્ષી અથડાવાના કારણે પાયલોટે સમયસૂચકતા વાપરીને તાત્કાલિક વિમાનનું સુરક્ષિત ઇમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું. આ ટેકનિકલ ઈમરજન્સી બાદ વિમાનમાં સવાર તમામ ૧૨૪ પ્રવાસીઓને સુરક્ષિત બહાર કાઢી લેવાતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પ્લેન જેવા જ રનવે પરથી ટેક-ઓફ થઈને હવામાં ગયું, તે જ સમયે એક પક્ષી જોરદાર રીતે વિમાનના એન્જિન અને પાંખ સાથે ટકરાયું હતું. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે ફ્લાઈટની પાંખના ભાગમાં મોટો ગોબો પડી ગયો હતો. હવામાં સર્જાયેલી આ ખામીની જાણ થતાં જ પાયલોટે એર ટ્રાફિક કંટ્રોલ (ATC) નો સંપર્ક સાધ્યો હતો અને પ્લેનને પરત રાજકોટ એરપોર્ટ તરફ વાળી દીધું હતું. એરપોર્ટ પર ફાયર બ્રિગેડ અને ઇમરજન્સી ટીમોને એલર્ટ પર મૂકીને ફ્લાઈટનું સફળતાપૂર્વક રનવે પર ઉતરાણ કરવામાં આવ્યું હતું.

આ અકસ્માત બાદ એરપોર્ટ પર મુસાફરોના પરિવારોમાં થોડીવાર માટે ચિંતાનો માહોલ સર્જાયો હતો, પરંતુ તમામ પ્રવાસીઓ સંપૂર્ણપણે સુરક્ષિત હોવાના સમાચાર મળતા જ સૌએ હાશકારો અનુભવ્યો છે. ટેકનિકલ ટીમ દ્વારા હાલમાં વિમાનની પાંખને થયેલા નુકસાનની બારીકાઈથી તપાસ કરવામાં આવી રહી છે અને પ્લેનને ગ્રાઉન્ડેડ કરી દેવાયું છે.

પક્ષીઓ આકાશમાં એવિએશન સેફ્ટી માટે કેટલો મોટો ખતરો બની શકે છે, તે આ ઘટના પરથી ફરી એકવાર સાબિત થયું છે. દિલ્હી જવા માંગતા મુસાફરો માટે એરલાઈન્સ દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

# 'સ્વદેશી' બનાવટની ડ્રોન મોટર્સ વૈશ્વિક બજારના આર.પી.એમ ફેરવશે

## 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પ સાથે સ્ટાર્ટ-અપ ક્ષેત્રે સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર





રાજકોટ, તા. ૯

૧૨ વર્ષ વિકાસના, વિશ્વાસના અને જનકલ્યાણના'' આ ભવ્ય સફરના ભાગરૂપે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'મેક ઇન ઇન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરતું ગુજરાત આજે સ્ટાર્ટ-અપ અને ઇનોવેશનક્ષેત્રે દેશનું અગ્રેસર રાજ્ય બન્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના ગતિશીલ નેતૃત્વમાં ટેકનોલોજીને પ્રોત્સાહન આપતી નીતિઓના પરિણામે રાજ્યના યુવાનો આજે નવા સંશોધનો કરી રહ્યા છે. ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઇન્ક્યુબેશન સેન્ટર હેઠળ કાર્યરત રાજકોટની 'ઇન્ડેપ્રો ડાયનેમિક્સ' સ્ટાર્ટ-અપે વૈશ્વિક સ્તરે ભારત, ગુજરાત અને રાજકોટનું ગૌરવ વધાર્યું છે. ભારત અને ફ્રાન્સ વચ્ચેના દ્વિ-પક્ષીય જોડાણના ભાગરૂપે આગામી ૧૪ થી ૧૬ જૂન, ૨૦૨૬ દરમિયાન ફ્રાન્સના નીસ શહેરમાં પ્રતિષ્ઠિત 'ભારત ઇનોવેટ્સ ૨૦૨૬' કાર્યક્રમનું આયોજન થવા જઈ રહ્યું છે. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ શ્રી ઈમેન્યુઅલ મેક્રોનની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાનારા આ વૈશ્વિક મંચ પર દેશના સર્વશ્રેષ્ઠ ૧૦૦ દીર્ઘ-તકનીકી સ્ટાર્ટ-અપ્સ (Deep Tech Start Ups) નું ગ્લોબલ પ્રેઝન્ટેશન કરવામાં આવશે. સમગ્ર દેશમાંથી મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં ગુજરાતમાંથી એકમાત્ર રાજકોટની આ ડ્રોન મોટર ઉત્પાદક સ્ટાર્ટઅપની પસંદગી ભારત સરકારના પ્રિન્સિપલ સાયન્ટિફિક એડવાઇઝર અને આઇ.આઇ.ટી.ની કોર કમિટી દ્વારા કરવામાં આવી છે.

રાજકોટના યુવા સાહસિકો દ્વારા નિર્મિત આ 'સ્વદેશી' ડ્રોન મોટર્સ વૈશ્વિક બજારમાં ચીન, યુ.એસ.એ., રશિયા, સાઉથ કોરિયા, જર્મની જેવા દેશોની મોનોપોલીને મજબૂત ટક્કર આપશે. આ સ્ટાર્ટ અપ દ્વારા વિકસાવામાં આવેલા હમિંગબર્ડ, ફાલ્કન, ઇગલ અને કોન્ડર શ્રેણીની મોટર્સ કૃષિ, સુરક્ષા, ડિફેન્સ, ઇન્ડસ્ટ્રીયલ મોનિટરિંગ અને સ્માર્ટ સિટી જેવા ક્ષેત્રોમાં ઉપયોગી બની રહી છે. અન્ય દેશોની બનાવટના ડ્રોન મહત્તમ ૪૦-૪૫ મિનિટ સુધી હવામાં રહી શકે છે જ્યારે ભારતીય એન્જિનિયરોએ બનાવેલા ડ્રોન ૧ કલાક થી વધુ સમય માટે હવામાં રહી શકવા સક્ષમ છે.

સ્ટાર્ટઅપ ડ્રોન ટેક્નોલોજીના અત્યંત મહત્વપૂર્ણ ક્ષેત્ર ગણાતા 'પ્રોપલ્ઝન સિસ્ટમ્સ' અને 'હાઇ-પર્ફોર્મન્સ મોટર્સ' નું રિસર્ચ અને ડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે, જેમાં ૧૦૦ ગ્રામથી લઈને ૧૦૦ કિલોગ્રામ સુધીના ડ્રોન માટે ઉપયોગી એવી ૨૦ થી વધુ પ્રકારની મોટર્સનું નિર્માણ કરવામાં આવ્યું છે. ઈસરો, ડી.આર.ડી.ઓ.માં પણ પ્રોડક્ટ આપવામાં આવી છે.

ફ્રાન્સના વૈશ્વિક પ્લેટફોર્મથી અમારા સ્ટાર્ટ અપને આંતરરાષ્ટ્રીય સ્તરે ફંડિંગ મેળવવામાં, ટેકનોલોજી ટ્રાન્સફર કરવામાં અને યુરોપિયન બજારમાં પ્રવેશવા માટેની સીધી મદદ મળશે. અમારું લક્ષ્ય ભારતને ડ્રોન પ્રોપલ્ઝન સિસ્ટમ્સમાં ગ્લોબલ હબ બનાવવાનું છે, જેથી આપણે મોટર્સની આયાત ન કરવી પડે, અને બેસ્ટ ટેકનોલોજીની ભારતથી નિકાસ થાય.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# લાંબા જોડે ટૂંકો જાય..

## મરે નહિ તો માંદો થાય: યુસુફ પઠાણ ફિલ્ડિંગમાં



ગુજરાતીમાં એક બહુ જાણીતી કહેવત છે: નલાંબા ભેગો ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય.થ પૂર્વ ક્રિકેટર અને વર્તમાન સાંસદ યુસુફ પઠાણની આજકાલ આવી જ કંઈક હાલત થઈ છે. ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં જ જમીન દબાણ મામલે તેમને જોરદાર ખખડાવી નાખ્યા છે. આ કાનૂની ફટકા બાદ એવું લાગે છે કે યુસુફના ગ્રહો ખરેખર ગોથે ચઢ્યા છે. પિચ પર ચોગ્ગા-છગ્ગા મારનારો આ ખેલાડી રાજનીતિની પિચ પર ખરાબ રીતે ફિલ્ડિંગ ભરી રહ્યો છે.

સત્તાવાર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં યુસુફ પઠાણ વિશેષ કંઈ ઉકાળી શક્યો નહોતો. જોકે, આઈપીએલના ઝગમગાટ અને કરોડો રૂપિયાની કમાણીએ તેને હવામાં ઉડી રહ્યો હતો. તે કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમમાં હતો. ત્યાં ટીમના માલિક શાહરુખ ખાનના કારણે તે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના પરિચયમાં આવ્યો.

અહીંથી જ તેને રાજનીતિનો ચસ્કો લાગ્યો. મમતા બેનર્જી સામે મુજરા કરતા તેને લોકસભાની ટિકિટ મળી ગઈ. લઘુમતી મતોના ધ્રુવીકરણના કારણે તે ચૂંટણી જીતીને સાંસદ પણ બની ગયો. આ જીતથી તેની હવા ખૂબ વધી ગઈ હતી.

સમય હંમેશા સરખો નથી રહેતો. હાલમાં યુસુફની દશા ભારે ખરાબ દેખાઈ રહી છે. પશ્ચિમ બંગાળમાં પબ્રાન્ડ મમતાથ હવે ડલ થઈ ગઈ છે. તૃણમૂલ કોંગ્રેસની અંદર જબરદસ્ત બળવાની સ્થિતિ સર્જાઈ છે. પક્ષના ખંધા અને સિનિયર નેતાઓ પોતાના વ્યક્તિગત સેટિંગ ગોઠવવામાં વ્યસ્ત છે.

આ ગંદી રાજનીતિમાં બાળક જેવો ગણાતો યુસુફ પઠાણ બરાબરનો ફસાઈ ગયો છે.

હવે તેની સામે નઆગળ કૂવો ને પાછળ ખાઈથ જેવી સ્થિતિ છે. જો તે મમતા બેનર્જી સાથે વફાદાર રહે, તો કેન્દ્રની મોદી સરકાર અને તપાસ એજન્સીઓ ગમે ત્યારે ઘરે ત્રાટકી શકે છે. બીજી તરફ, જો તે બળવાખોરો સાથે ભળી જાય, તો પણ તેની મુશ્કેલીઓ દૂર થાય તેમ નથી. બળવાખોર નેતાઓ ભાજપ સાથે સેટિંગ કરી રહ્યા છે.

યુસુફ જો તેમ કરે તો તે હિન્દુવાદી તાકાતનો હાથો બન્યો ગણાય. આ સ્થિતિમાં તે પોતાના જ લઘુમતી સમુદાયમાં વિલન સાબિત થઈ જાય. ક્રિકેટ છોડીને રાજનીતિમાં જવાનો આ ઢઢ્ઢો હવે તેને ભારે પડી રહ્યો છે. લાંબા નેતાઓ ભેગો આ ટૂંકો માણસ ગયો તો ખરો, પણ હવે આગળ શું થાય છે તે જોવું રહ્યું.

# નહેરુજીનો રેકોર્ડ તોડવા વડાપ્રધાનનો આભાર

## ભૂતપૂર્વ વડાપ્રધાન દેવગૌડાએ નરેન્દ્ર મોદીને પ્રશંસા કરતો પત્ર લખ્યો



નવીદિલ્હી, તા. ૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય રાજકારણમાં ઈતિહાસ રચ્યો છે. તેમણે પ્રધાનમંત્રી તરીકે ૧૨ વર્ષ પૂર્ણ કર્યા છે. તેમણે પંડિત નેહરુનો સૌથી લાંબા સમય સુધી પ્રધાનમંત્રી તરીકે કાર્યકાળનો રેકોર્ડ તોડ્યો છે. આ સાથે, તેઓ દેશના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા પ્રધાનમંત્રી બન્યા છે. આ ઐતિહાસિક સિદ્ધિ માટે તેમને અભિનંદન મળી રહ્યા છે. સત્તામાં અને વિપક્ષમાં બંને પ્રકારના ઘણા અગ્રણી નેતાઓ તેમને અભિનંદન આપી રહ્યા છે અને તેમના નેતૃત્વની પ્રશંસા કરી રહ્યા છે. ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અને જનતા દળ (સેક્યુલર) ના વડા એચડી દેવગૌડાએ ખુલ્લેઆમ પીએમ મોદીની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે મોદી એટલા સફળ છે કારણ કે તેઓ વિચારપૂર્વક નિર્ણયો લે છે. તેમણે કહ્યું કે પીએમએ રાષ્ટ્રીય હિતોના રક્ષણમાં ક્યારેય સમાધાન કર્યું નથી.એચડી દેવગૌડાએ એક અખબારમાં પીએમ મોદીની પ્રશંસા કરતો લેખ લખ્યો છે. તેમણે કહ્યું કે મોદી હવે ભારતના સૌથી લાંબા સમય સુધી લોકશાહી રીતે ચૂંટાયેલા પ્રધાનમંત્રી બન્યા છે, નેહરુનો રેકોર્ડ તોડી નાખ્યો છે. દેવગૌડાએ કહ્યું કે વધુ મહત્વનું, પ્રધાનમંત્રીની સિદ્ધિ એ એક મહત્વપૂર્ણ પુરાવો છે કે ભારતમાં લોકશાહી માત્ર ટકી નથી પણ ખીલી પણ છે. ભૂતપૂર્વ વડા પ્રધાને નોંધ્યું હતું કે ૧૯૪૭માં, જવાહરલાલ નેહરુને ખૂબ જ ખાસ સંજોગોમાં દેશના પ્રથમ વડા પ્રધાન તરીકે ઘણા પ્રતિભાશાળી અને સમર્પિત વ્યક્તિઓમાંથી પસંદ કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે આ નિમણૂક ફક્ત ગાંધીજીના જનતા પરના નૈતિક પ્રભાવને કારણે શક્ય બની હતી. ત્યારબાદ, ૧૯૫૨ની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં, નેહરુને ગાંધીજીના આશીર્વાદ અને સ્વતંત્રતા સંગ્રામના ભવ્ય પ્રભાવ બંનેનો ટેકો મળ્યો હતો.તે સમયે, કોંગ્રેસ પાર્ટીનો એકાધિકાર હતો. તેને કોઈ રાજકીય સ્પર્ધાનો સામનો કરવો પડ્યો ન હતો. તેમણે કહ્યું કે સામાન્ય ચૂંટણીમાં ૫૩ રાજકીય પક્ષોએ ભાગ લીધો હોવા છતાં, તેમની હાજરી અને પ્રભાવ ન્યૂનતમ, લગભગ નહિવત્ હતો. તેમણે કહ્યું કે તે સમય અને ૨૦૧૪ વચ્ચે, ભારત સંપૂર્ણપણે બદલાઈ ગયું હતું. ૨૦૧૪માં મોદી પહેલી વાર અને ૨૦૨૪માં ત્રીજી વાર વડા પ્રધાન બન્યા ત્યાં સુધીમાં, ભારત સંપૂર્ણપણે અલગ દેશ બની ગયો હતો. કદ, વિવિધતા અને અર્થતંત્રની દ્રષ્ટિએ, તે લગભગ ઓળખી ન શકાય તેવું બની ગયું હતું. ભૂતપૂર્વ વડા પ્રધાનના મતે, ૧૯૫૨માં વડા પ્રધાન બનવું ૨૦૧૪ કે ૨૦૨૪ કરતાં વધુ સરળ હતું. તેમણે કહ્યું કે ૧૯૯૬માં તેઓ પોતે વડા પ્રધાન બન્યા ત્યાં સુધીમાં દેશની પરિસ્થિતિઓ અને રાજકીય ધોરણો સંપૂર્ણપણે બદલાઈ ગયા હતા. તેમણે કહ્યું કે દેશ વધુ પ્રશ્નકર્તા, વધુ સક્રિય અને વધુ પરિપક્વ બની ગયો હતો.નેહરુ-ગાંધી પરિવારની બહારના વડા પ્રધાનોમાં કોઈ ખાસ વારસો કે કરિશ્માનો અભાવ હતો. અન્ય વડા પ્રધાનોમાં આગળ વધવા માટે ખાસ વિશેષાધિકારો, કૌટુંબિક પ્રભાવ કે સમર્થનનો અભાવ હતો. તેમણે કહ્યું કે મોદી અને તેમનામાં બીજા ઘણા વડા પ્રધાનો જેવો સામાજિક અને સાંસ્કૃતિક પ્રભાવ નહોતો. તેમણે કહ્યું, નસ્રહું લાંબા સમય સુધી પદ પર રહ્યો નહીં; મારો કાર્યકાળ ફક્ત ૧૧ મહિનાનો હતો. અને મને આશ્ચર્ય થાય છે કે મોદી થાક્યા વિના સુકાન સંભાળી શક્યા છે તેવો આશીર્વાદ તેમને કે તેમને ચૂંટનારા લોકોમાં થાકના સંકેતો દેખાતા નથી. પદ પર રહીને તેમની સહનશક્તિ અને કાર્ય કરવાની ક્ષમતા ખરેખર નોંધપાત્ર છે.સ્રસ્ર

# ઝોજીલા ટનલને અંતિમ સફળતા

## ફેબ્રુઆરી ૨૦૨૮માં જાહેર જનતા માટે ખુલશે



નવીદિલ્હી, તા. ૯

મંગળવારે ઝોજિલા ટનલમાં વિસ્ફોટ બાદ અંતિમ સફળતા મળી હતી. ટનલમાં છેલ્લા ૨.૫ મીટરનો ભાગ સરળતાથી ભેદી શકાયો હતો. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ રિમોટ બટન દબાવીને વિસ્ફોટ કર્યો હતો. જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા પણ હાજર હતા. આ ટનલ હવે કાશ્મીરથી લદ્દાખ સુધીની મુસાફરી, જે એક સમયે કલાકો લેતી હતી, તેને માત્ર મિનિટોમાં ઘટાડી દેશે. ત્રણ કલાકની મુસાફરી ૧૫-૩૦ મિનિટમાં પૂર્ણ થશે. ત્યાં ઓલ-વેધર કનેક્ટિવિટી હશે. ઝોજિલા ટનલ ભારતમાં બનાવવામાં આવી રહેલી એક અનોખી ૧૩,૧૫૩ કિલોમીટરની ટનલ છે. તે વિશ્વની સૌથી લાંબી સિંગલ-ટ્યુબ ટનલ હશે, જે વાહનોને બંને દિશામાંથી એક જ ટ્યુબમાં મુસાફરી કરવાની મંજૂરી આપશે. આ ટનલ જમ્મુ અને કાશ્મીરમાં સોનમર્ગ (બાલતાલ) અને લદ્દાખમાં દ્રાસ-કારગિલ (મીનામર્ગ) વચ્ચે આશરે ૧૧,૫૭૮ ફૂટની ઊંચાઈએ બનાવવામાં આવી રહી છે.

ભારે બરફવર્ષા, ભૂસ્ખલન અને ખરાબ હવામાનને કારણે, આ વિસ્તારના રસ્તા વર્ષના ઘણા મહિનાઓ સુધી બંધ રહે છે. આ ટનલ પૂર્ણ થવાથી બંને પ્રદેશો વચ્ચે વર્ષના બાર મહિના, બધા હવામાનમાં મુસાફરી શક્ય બનશે. આશરે ₹૬,૫૦૦ કરોડના ખર્ચે બનેલ, તે મેઘા એન્જિનિયરિંગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર્સ લિમિટેડ દ્વારા બનાવવામાં આવી હતી. આ ટનલ પૂર્ણ થવાને ભારતના વિકાસ અને એન્જિનિયરિંગ માટે એક મોટી સિદ્ધિ માનવામાં આવે છે. ઝોજિલા ટનલ પૂર્ણ થવાથી નિઃશંકપણે દેશના દુશ્મનોને નિરાશ કરવામાં આવશે. તે દુશ્મનને સમયસર અને અસરકારક પ્રતિભાવ આપશે. ઝોજિલા ટનલથી આખા વર્ષ દરમિયાન કઅઈ સુધી લોજિસ્ટિક્સ, શસ્ત્રો અને સૈનિકોનું પરિવહન સરળ રીતે કરી શકાય છે. આ ટનલનો સૌથી મોટો પડકાર પાણીનો લિકેજ હતો. એશિયાની સૌથી લાંબી અને સૌથી વધુ ઊંચાઈવાળી ટનલ, ફક્ત લોકોનો મુસાફરીનો સમય બચાવશે નહીં પરંતુ બળતણનો વપરાશ પણ ઘટાડશે. તેના પૂર્ણ થવાથી પ્રદેશમાં પર્યટન, વ્યાપારી પ્રવૃત્તિઓ અને રોજગારીની તકોને પણ વેગ મળશે. ઝોજિલા ટનલમાં બ્લાસ્ટિંગ પછી અંતિમ સફળતા પ્રાપ્ત થઈ છે. લદ્દાખની મુસાફરી, જે પહેલા કલાકો લેતી હતી, હવે આ ટનલ દ્વારા મિનિટોમાં પૂર્ણ થશે. ત્રણ કલાકની મુસાફરી ૧૫-૩૦ મિનિટમાં પૂર્ણ થશે. બધી હવામાન પરિસ્થિતિઓમાં કનેક્ટિવિટી રહેશે.

# રાજ્યસભાની ૨૪ બેઠકો માટે ભરાયા ઉમેદવારીપત્રો

## ૧૦ રાજ્યોમાં ૧૮ જૂને વોટિંગ , ઉમેદવારોનો બિનહરીફ ચૂંટવાનો માર્ગ મોકળો : મધ્યપ્રદેશ - ઝારખંડમાં કાંટે કી ટક્કર

નવીદિલ્હી, તા. ૯

૧૦ રાજ્યોમાં ૨૪ રાજ્યસભા બેઠકો માટે મતદાન ૧૮ જૂને થવાનું છે. નામાંકનનો છેલ્લો દિવસ સોમવાર (૮ જૂન) હતો. ચૂંટણી લડી રહેલા રાજ્યોમાં મધ્યપ્રદેશ (૩ બેઠકો), રાજસ્થાન (૩ બેઠકો), ઝારખંડ (૨ બેઠકો), ગુજરાત (૪ બેઠકો), કર્ણાટક (૪ બેઠકો), આંધ્રપ્રદેશ (૪ બેઠકો) અને મણિપુર, મેઘાલય, મિઝોરમ અને અરુણાચલ પ્રદેશમાં એક-એક બેઠકનો સમાવેશ થાય છે. આ ચૂંટણીમાં મધ્યપ્રદેશ અને ઝારખંડ સૌથી વધુ ચર્ચાસ્પદ વિસ્તારો છે, કારણ કે ત્યાં ભાજપે કોંગ્રેસની મુશ્કેલીઓ વધારી છે.

ગુજરાતમાંથી રાજ્યસભા ચૂંટણી માટે ભાજપના ચારેય ઉમેદવારોએ સોમવારે પોતાના ઉમેદવારી પત્રો ભર્યા. કોંગ્રેસ ચૂંટણી ન લડવાને કારણે તેમનો વિજય નિશ્ચિત જણાય છે. શક્તિસિંહ ગોહિલનો કાર્યકાળ આ મહિનાના અંતમાં સમાપ્ત થઈ રહ્યો હોવાથી, સંસદના ઉપલા ગૃહમાં ગુજરાતમાંથી કોઈ કોંગ્રેસ પ્રતિનિધિ નહીં હોય. ગુજરાતમાં રાજ્યસભાની ચાર બેઠકો ખાલી પડી રહી છે કારણ કે વર્તમાન સાંસદો રામભાઈ મોકરિયા, નરહરિ અમીન અને રમીલાબેન બારા (બધા ભાજપના) અને કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલનો કાર્યકાળ ૨૧ જૂને પૂર્ણ થઈ રહ્યો છે. ગોહિલ રાજ્યસભામાં ગુજરાતના એકમાત્ર કોંગ્રેસના સભ્ય છે. ભાજપે આ ચૂંટણીમાં રાજુભાઈ શુક્લા, માનસિંહ પરમાર, મુકેશભાઈ રાઠવા અને જીતેન્દ્ર કણજારિયાને મેદાનમાં ઉતાર્યા છે.મણિપુરમાં, ભાજપે



અધિકારીમાયુમ શારદા દેવીને ટિકિટ આપી છે, અને તેમનો બિનહરીફ ચૂંટણીનો માર્ગ લગભગ સ્પષ્ટ છે. ભાજપની મણિપુર એકમની પ્રથમ મહિલા અધ્યક્ષ શારદા દેવીને રાજ્યની એકમાત્ર રાજ્યસભા બેઠક માટે પાર્ટી દ્વારા મેદાનમાં ઉતારવામાં આવી છે. રાજસ્થાનમાં ત્રણ બેઠકો માટે ચૂંટણી યોજાઈ રહી છે. બે ભાજપના ઉમેદવારો જીતશે તે નિશ્ચિત છે, જ્યારે એક કોંગ્રેસના ઉમેદવાર બિનહરીફ જીતશે તેવી અપેક્ષા છે. ભાજપે સતીશ પુનિયા અને અલ્કા ગુર્જરને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે કોંગ્રેસે નીરજ ડાંગીને ટિકિટ આપી છે.આ ચૂંટણીનું ધ્યાન મુખ્યત્વે મધ્યપ્રદેશ અને ઝારખંડ પર કેન્દ્રિત છે. મધ્યપ્રદેશમાં ત્રણ બેઠકો માટે ચૂંટણી છે. ભાજપે ત્રીજો ઉમેદવાર ઉતારીને સ્પર્ધાને વધુ રોમાંચક બનાવી છે. ભાજપ બે બેઠકો જીતશે તે નિશ્ચિત છે. ત્રીજી બેઠક માટેનો મુકાબલો ભાજપના મહેશ કેવત અને કોંગ્રેસના મીનાક્ષી નટરાજન વચ્ચે છે. ભાજપ પાસે પોતાના ૪૮ મત છે, પરંતુ જીતવા માટે ૫૮ મતોની જરૂર છે, એટલે કે તેને ઓછામાં ઓછા ૧૦ વધારાના મત મેળવવા પડશે. ક્રોસ-વોટિંગ અથવા વિપક્ષનો વધારાનો ટેકો નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે. આ શક્યતાએ ત્રીજી રાજ્યસભા બેઠકને ખાસ રસપ્રદ બનાવી છે.અરુણાચલ પ્રદેશમાં, ભાજપે રાજ્યસભા બેઠક માટે ભૂતપૂર્વ રાજ્ય પ્રમુખ તાઈ ટાગકને નામાંકિત કર્યા છે. શાસક ભાજપ ૬૦ સભ્યોની અરુણાચલ પ્રદેશ વિધાનસભામાં મજબૂત બહુમતી ધરાવે છે, તેથી ટાગક જીતે તેવી અપેક્ષા છે. મિઝોરમમાં, ઝોરામ પીપલ્સ મૂવમેન્ટ (ણઙ્ખ) એ એકમાત્ર સંસદીય બેઠક માટે પાર્ટીના પ્રવક્તા કે. લલતલુઆંગકીમાને નામાંકિત કર્યા છે. વર્તમાન વિધાનસભામાં ણઙ્ખ પાસે ૨૭ ધારાસભ્યો છે, જે તેને નિર્ણાયક લીડ આપે છે, જ્યારે મુખ્ય વિપક્ષી મિઝો નેશનલ ફ્રન્ટ (ખગત્ર) પાસે ૧૦ બેઠકો છે અને ભાજપ પાસે બે બેઠકો છે. લાલતલુઆંગકીમાનો વિજય નિશ્ચિત માનવામાં આવે છે.

શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# અધિક માસનું અધિક ફળ!

## સૌમ્યા એ કંઈ રીતે અધિક માસમાં વ્રત કર્યું? અને પુરષોત્તમ ભગવાને શું ફળ આપ્યું?



અધિક માસ હવે પૂરો થવામાં છે, અને એ શું કામ છે? એ વિશે આપણે મુદ્દાસર ચિંતન કર્યું હતું. અધિક માસમાં આપણે ત્યાં વ્રત ઉપવાસ કરવાની પંરપરા છે! કે ભાઈ આ તો અધિક એટલે કે વધારાનો મહિનો, બાર મહિના તો આપણે ખાઈ પી લીધું જ છે! એટલે જેટલું થાય એટલું સંયમન કરીશું, અને આપણાં ભાગનું જે દ્રવ્ય વધશે એનું દાન ધર્મ કરીશું! એવાં એક નિરામયી ભાવથી આપણે ત્યાં સ્ત્રી અને પુરુષ બંને આ મહિનો વ્રત કરે છે! પુરુષ ના પ્રમાણમાં સ્ત્રીઓ વધુ ઉપવાસ એકટાણાં કરે છે! અને માટી માંથી બનાવેલા પરષોત્તમ ભગવાનની ભોળાં ભાવે ભક્તિ પણ કરે છે! ખાસ કરીને જેને બાળક ન્હોય! અન્ય ગંભીર સમસ્યા હોય, રોગ હોય, તો એનાં ઉપાય તરીકે પણ આ મહિનો વ્રત થાય છે! ભગવાન તો ભાવનો ભૂખ્યો છે, એટલે ઈચ્છિત ફળ અવશ્ય મળે છે! પરંતુ કાળ એટલે કે સમય પ્રમાણે અત્યારે આમ પણ બધામાં અતિની માત્રા જ જોવા મળે છે! અને ગમે તે હોય પાછો સ્વાદ તો મુખ્ય એટલે ફરાળમાં પણ વિવિધતા.. અતિશયોક્તિ અલંકાર લાગું કરી શકાય એટલી ફરાળમાં વિવિધતા! પણ જુદી રીતે આ મહિનામાં વ્રત કરનારા પણ હોય છે! એટલે કે શબરીએ નક્કી કર્યું કે એ પોતાની શેરીમાં રસ્તા પર પડેલી કે આસપાસના વગડા માંથી પ્લાસ્ટિકની કોથળી ગાય કૂતરા ખાય નહીં, એટલે વીણીને કચરામાં નાખી દેશે! તો વિનીતા બાજુના ખાલી વગડામાં થોડા વૃક્ષ વાવી એને પાણી પાશે! પુણ્યને નામે ગાયોને નખાતા ચારા માંથી બળદને પણ આપવો, એવું મેનકા એ પણ વિચાર્યું, પણ સૌમ્યા એ તો કંઈક જુદી જ સેવા કરી. તો ચાલો આજે બુધવારની બોધકથામાં જોઈએ.

ગંગા આવી અને બોલી દીદી, સોસાયટીમાં વાતો થતી હતી કે અધિકમાસ આવે છે! સાચું છે! મારે પણ આ આખો મહિનો કોઈક રીતે વ્રત કરવું છે! દીદી મને સમજાવોને કેમ વ્રત થાય! એણે ગંગાને કહ્યું કે તું ઘરનું કામ કરી લે પછી હું તને કહીશ. શાંતનુ સૂતો હતો, એ તેને પ્રેમથી નીરખી રહી, એને શાંતા બા ની યાદ આવી, અને એ પોતાનાં મંદિરમાં એમનાં ફોટાને પ્રેમથી નીરખી રહી, હાર પહેરેલાં ફોટામાં શાંતા બા કેટલાં વ્હાલાં લાગતાં હતાં! એટલીવારમાં ગંગા આવી અને બોલી દીદી આ કોણ છે? તમારા સાસુ કે મમ્મી? એણે કહ્યું શાંતા બા, એને ગયાં અધિક માસનું સ્મરણ થયું. એણે ગંગાને બેસાડીને વાત શરૂ કરી. શબરી, વનિતા, મેનકા, અને હું એટલે કે સૌમ્યા આ બધા લો ઈનકમની વન બેડરૂમ હોલ વાળી સોસાયટીમાં રહેતા હતાં. શહેરમાં લો ઈનકમ વાળા લોકોની ક્યાં તાણ છે! એટલે આવાં પાંચ ટાવર હતાં, અને શહેરથી દૂર હોવાથી આજુબાજુ ખૂબ વગડા જેવું હતું. આમ ચારે બહેનપણી એ જુદી જુદી રીતે અધિક માસમાં વ્રત કરવાં વિચાર્યું. સૌમ્યાનાં લગ્નને સાત વર્ષ થઈ ગયાં હતાં, એટલે એનાં સાસરેથી એને ખાસ આ મહિનો વ્રત ઉપવાસ કરવા કહ્યું! પણ બે ચાર મિસ કેરેજ થયાં, માનસિક નબળાઈ હોવાથી સૌમ્યા ભૂખી રહી શકતી નહોતી! અને આમપણ સવારે ચાર ઘરની રસોઈનું કામ એ કરતી હતી! એટલે થાકી જાય.

એની સોસાયટીમાં એક શાંતા બા રહેતાં હતાં, એને આંખે ઓછું દેખાતું હતું! ગામની જમીન ઘર વેચીને દિકરાઓને ભણાવ્યાં પરણાવ્યાં,પણ એ તો વિદેશ જતાં રહ્યાં. સૌમ્યાએ નક્કી કર્યું કે એ શાંતાબા ની રસોઇ વગર પગારે કરી દેશે, અને એને પૂજા કરવાં હાથ પકડી મંદિરે લઈ જશે, તથા પરષોત્તમ માસની કથા વાર્તા વાંચીને સંભળાવશે! બે પાંચ રુપિયા ઘસવું પડે, તો પણ એને જુદું જુદું રાંધીને જમાડશે. આંખે દેખાતું નહોતું, એટલે શાંતા બા દાળભાત, ખીચડી શાક એવું જ જમી લેતાં હતાં.

એણે જોયું કે અહીંતો ખાલી રસોઈ કરવાથી નહીં ચાલે! એટલે એક બે દિવસ વહેલી આવી ઘર સાફ કર્યું! વધારાનાં કપડાં ધોયાં! શાંતા બા અધિક માસમાં એકટાણું કરતાં હતાં એટલે ગરમા ગરમ રોટલીએ એને જોઈએ એમ જમાડી રસોડું સાફ કરે, વાસણ કરી પછી પોતાનાં ઘરે આવે! વળી બપોરે કથા વાર્તા કરી બા ને મંદિરે લઈ જાય! આમ અધિક માસ પૂરો થવાં આવ્યો! પણ એણે મનોમન વિચાર્યું કે રુપિયા આપી દાન કરી શકું એવી સ્થિતિ ભગવાને આપી નથી, તો આ રીતે કોઈને મદદ કરી શકું! અને આ પરમાર્થી નિર્ણયને એણે બે વર્ષ સુધી નિભાવ્યો અને પછી શાંતા બાએ વિદાય લીધી! ડોક્ટરો એ તો ક્યારનું આઈવીએફ ટ્રીટમેન્ટથી જ બાળક થશે એમ કહી દીધું હતું. સૌમ્યાને શાંતા બા બહુ યાદ આવતાં હતાં! સંદીપ એને સમજાવતો કે આ દુનિયામાં આપણે એક જ એવાં દંપતી નથી, જેને બાળક નથી! પણ એની મમતાને ચેન આવતું નહોતું, અંતે એક છ મહિનાનું બાળક દત્તક લેવા વિચાર્યું! પણ એ બાળકને જોઈને સૌમ્યાનાં હ્રદયમાં મમતાનું ઝરણું વહ્યું નહીં, કારણ કે કુદરતને કંઈક જુદું જ મંજૂર હતું. એક દિવસ મને તાવ ચક્કર એવું થયું, અને હું જે ઘરે રસોઈ કરવાં જતી હતી એ દીદી ગાયનેક હોસ્પિટલમાં જૂનિયર ડોક્ટર તરીકે જોબ કરતાં હતાં એણે કહ્યું કે હોસ્પિટલ આવજે, સિનિયર ડોક્ટર એ તપાસ કરીને કહ્યું કે, તમે બે મહિનાથી પ્રેગ્નન્ટ છો! તો ગંગા અધિક માસમાં શાંતા બા ની સેવાનાં આશીર્વાદથી મને બાળક થયું! અને પછી તો વિદેશમાં રહેતા એમનાં સંતાનોને પસ્તાવો થયો, અને મારા નામે મારા પતિને ધંધો કરવા રુપિયા આપ્યાં, અને ધંધો સ્ટેબલ થાય એટલે એ મૂડીને મારે નામે અમાનત મુકી દેવી, એવું નક્કી થયું. તારા સાહેબને પણ ધંધામાં શાંતા બા નાં આશીર્વાદથી કે શાંતનુ ના જન્મથી ખૂબ સફળતા મળી. શાંતનુનાં જન્મ પછી અમે એ સોસાયટી છોડી દીધી, અને જે સૌમ્યા ગઈકાલે બીજાનાં ઘરે કામ કરવા જતી હતી એને ઘરે... તો ગંગા આવો અપરંપાર મહિમા છે અધિક માસમાં વ્રત કરવાનો. ગંગા એ કહ્યું દીદી હું પણ તમારી જેમ જ કોઈ પરમાર્થ કરીને અધિક માસ કરીશ! અને મને એવું કોઈ મળી ગયું! સૌમ્યા એ કહ્યું કે કોણ ? એણે કહ્યું દીદી અમારી ચાલમાં જ એક અપંગ ભાઈલાલ કાકા રહે છે, એનો ફેક્ટરી એક્સિડન્ટમાં પગ કાપવો પડ્યો છે, એમને બેય વારનું જમવાનું આપીશ, અને બીજા નાના મોટા કામ પણ કરી દઈશ.

મિત્રો ભગવાનને મૂર્તિ સ્વરૂપે તો ઘણાં જોયા, હવે અન્ય જીવમાં એને જોવાનો સમય આવી ગયો છે! અને એટલે જ આ મહિનામાં દાન કરવાનો મહિમા ગવાયો છે! પુરષોત્તમ ભગવાન એ વિષ્ણુનું જ સ્વરૂપ છે, અને વિષ્ણુ તો જગત પાલનકર્તા છે! એમની કૃપાથી એમની જેમ આપણી આસપાસના પરિવારના પોષણ માટે કંઈક કરી શકાય, તો એ મહિનાનું ઉત્તમ કર્મ છે, એમ સમજીને ફળની આશા વગર ભલે નાનું પણ કંઈક તો વિશેષ કર્મ કરીએ! તો પુરુષોત્તમ ભગવાન જરુર પ્રસન્ન થશે.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### ઓપરેશન મ્યુલ હન્ટ-૨.૦ અંતર્ગત રાજકોટ શહેરમાં બે મોટા સાયબર ફ્રોડનો પર્દાફાશ

# ભાડે દીધેલા ખાતામાં ૩ કરોડના ટ્રાન્જેક્શન

## કેરળ, કર્ણાટક, મુંબઇ, તમિલનાડુ, તેલંગાણા, ગુજરાત, પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ, હરિયાણા, દિલ્હી, ગોવા, રાજસ્થાન, મધ્યપ્રદેશમાંથી સાયબર ફ્રોડની રકમ જમા થઇ

રાજકોટઃ તા.૮

ઓપરેશન મ્યુલ હંટ-૦૨ અંતર્ગત રાજ્યભરમાં સાયબર ફ્રોડ માટે પોતાના બેંક ખાતા ભાડે આપનારા શખ્સો સામે કાર્યવાહી શરૂ થઇ છે. તે અંતર્ગત રાજકોટ શહેરમાં બે ગુના દાખલ થયા છે. સાયબર ક્રાઇમ પોલીસની તપાસમાં ખુલ્યા મુજબ મવડીના કેટરર્સ સંચાલકે અમદાવાદના પોતાના મિત્રને ભાડે આપેલા બેંક એકાઉન્ટમાં દેશભરમાંથી સાયબર ફ્રોડની ઉસેડાયેલા ત્રણ કરોડથી વધુ રૂપિયા જમા થયા હતાં અને તેના ટ્રાન્જેકશન થયા હતાં. બીજા ગુનામાં હનુમાન મઢી પાસે છોટુનગર ઝૂપડપટ્ટીમાં રહેતાં શખ્સે પોતાના અને સગાના બેંક ખાતા ભાડે આપ્યા હોઇ તેમાં પણ વીસ જેટલી ફરિયાદો સામે આવી હતી.

વિગતો જોઇએ તો ગુજરાત સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ ગાંધીનગર દ્વારા સંચાલિત સમન્વય પોર્ટલ પરથી મળેલી મહત્વની વિગતોના આધારે રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટીમે એક મોટા દેશવ્યાપી સાયબર ફ્રોડ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. મવડીના કેટરર્સના ધંધાર્થીના બે એકાઉન્ટમાં રૂા.૩ કરોડથી વધુની સાયબર ફ્રોડની રકમ જમા થયાનું અને આ નાણા સગેવગે થઇ ગયાનું ખુલ્યું છે. કેટરર્સ સંચાલક સાથે અમદવાદ સ્થિત તેનો મિત્ર પણ સામેલ હોઇ બંને સામે શહેર સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. કેટરર્સ સંચાલકે પોતાના જુના ભાગીદારની જાણ બહાર એકાઉન્ટ ખોલી ૨થી ૩ ટકા વળતરની લાલચે અમદાવાદી મિત્રને આપી દીધુ હતું.




**બીજા ગુનામાં છોટુનગર પાસે રહેતાં શખ્સે બે મિત્રોને ખાતા ભાડે આપતાં મસમોટી ફ્રોડની રકમની હેરફેર થઇઃ ૨૦ ફરિયાદો સામે આવી**

આ કિસ્સામાં સાયબર ક્રાઇમ પોલીસે આ મામલે સાયબર ક્રાઇમના હેડકોન્સ. હર્ષરાજસિંહ એસ. જાડેજાની ફરિયાદ પરથી મવડી અંબીકા ટાઉનશીપની સામે ગોલ્ડ હાઇટ્સ-૩૦૧માં રહેતાં કેટરર્સ સંચાલક પેરીસકુમાર જેન્તીભાઇ શીશાંગીયા અને અમદાવાદ રહેતાં તેના મિત્ર કૃણાલ નગીનભાઇ ગોંડલીયા તથા તપાસમાં ખુલે તેની સામે ગુનો નોંધ્યો છે. આ બંને સામે ચોરીના, સાયબર ફ્રોડના નાણા હોવાનું જાણવા છતાં રૂા. ૩,૦૯,૮૩,૦૭૭ રૂપિયા એકાઉન્ટમાં મેળવી અલગ અલગ ખાતામાં ટ્રાન્સફર કરી આર્થિક લાભ મેળવ્યાનો ગુનો દાખલ થયો હતો. સાયબર ક્રાઈમ પોલીસ મથકના સ્ટાફ દ્વારા તપાસ હાથ ધરવામાં આવતા એક્સિસ બેંકના ખાતા નંબર ૯૨૫૦૨૦૦૧૦૫૩૨૨૬ની વિગતો સામે આવી હતી. આ બેંક ખાત સેફ્રોન ફૂડ્સ પ્રોડક્ટ્સ નામની પેઢીના નામે ખુલેલું હતું, જેના માલિક પેરીસકુમાર જેન્તીભાઈ શીશાંગીયા હોવાનું ખુલ્યું હતું.

આ પેઢી તેમણે વર્ષ ૨૦૨૦માં તેમના મિત્ર સાગરભાઈ ગિરીશભાઈ તલાવીયા સાથે ભાગીદારીમાં શરૂ કરી હતી, પરંતુ બાદમાં આર્થિક નુકસાનીના કારણે જુલાઈ-૨૦૨૫માં સાગરભાઈ છૂટા થઈ ગયા હતા. નાણાકીય જરૂરિયાત હોવાના કારણે પેરીસકુમારે આ બેંક ખાતું ગાંધીનગર ખાતે રહેતા તેમના મિત્ર કુણાલભાઈ નગીનભાઈ ગોંડલીયાને વાપરવા માટે આપ્યું હતું. કુણાલભાઈએ ઈન્ટરનેટ બેંકિંગના આઈ.ડી. અને પાસવર્ડ મેળવીને, પેરીસકુમારને દરેક ટ્રાન્ઝેક્શન દીઠ ૨ થી ૩ ટકા કમિશન-વળતર આપવાની લાલચ આપી હતી. આ કમિશન મેળવવાની લાલચમાં જ આખા કૌભાંડને અંજામ આપવામાં આવ્યો હતો. જ્યારે પોલીસે આ એક્સિસ બેંક ખાતાની નેશનલ સાયબર ક્રાઈમ રિર્પોટિંગ પોર્ટલની અરજીઓ અને ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રી તપાસી, ત્યારે ચોંકાવનારો ખુલાસો થયો હતો.

આ ખાતામાં દેશના જુદા જુદા રાજ્યોમાંથી સાયબર ફ્રોડનો ભોગ બનેલા લોકોના કરોડો રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. દસ્તાવેજો અનુસાર, આ ખાતામાં કુલ રૂ. ૩,૦૯,૮૩,૦૭૭.૨૧ એટલે કે ત્રણ કરોડ નવ લાખથી વધુની રકમો જમા થયા હોવાનું સામે આવ્યું હતું. વિવિધ રાજ્યોમાંથી જમા થયેલી મુખ્ય રકમોની વિગત જોઇએ તો કેરળ અલાપ્પુઝાથી રૂ. ૫,૦૦,૦૦૬, કોટ્ટાયમથી રૂ. ૧,૦૦,૦૦૦, અને કોલ્લમ રૂરલથી રૂ. ૪,૯૯,૯૯૨, કણાટક બેંગ્લોર સિટીથી રૂ. ૬,૩૨,૦૦૫, મહારાષ્ટ્ર બૃહન મુંબઈ સાયબર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રૂ. ૧૦,૦૦,૦૦૬, પિંપરી-ચિંચવડથી રૂ. ૧,૦૦,૦૩૦, અને થાણે સિટીમાંથી રૂ. ૩,૯૪,૦૦૧, તમિલનાડુ ચેન્ગલપત્તુથી રૂ. ૫,૦૦,૦૦૩, ચેન્નાઈથી રૂ. ૩,૦૦,૦૦૦ અને સેન્ટ થોમસ માઉન્ટથી રૂ. ૪,૦૦,૦૦૦, તેલંગાણા સાયબરાબાદ સાયબર ક્રાઈમથી રૂ. ૭,૦૦,૦૦૦, ગુજરાત-વડોદરા સિટીમાંથી રૂ. ૫,૦૦,૦૦૯, ભરૂચથી રૂ. ૩,૯૯,૯૯૭, અને સુરત સિટીમાંથી રૂ. ૨,૫૦,૦૦૦ આ ખાતામાં ફ્રોડ રૂપે જમા થયા હતા.

સાયબર ક્રાઇમ પોલીસે તપાસ કરતાં આ સિવાય પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, હરિયાણા, દિલ્હી, ગોવા, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોની સાયબર ફ્રોડની રકમ પણ આ જ ખાતામાં ડાયવર્ટ કરવામાં આવી હતી. આ સમગ્ર કૌભાંડ આર્થિક લાભ મેળવવા માટે પૂર્વ આયોજિત કાવતરૂ રચીને આચરવામાં આવ્યું હોવાનું સ્પષ્ટ થતાં રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ હષરાજસિંહ જાડેજા અને આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર કે. કે. ઝાલાની ટીમ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આરોપીઓ પેરીસકુમાર જેન્તીભાઈ શીશાંગીયા અને કુણાલ નગીનભાઈ ગોંડલીયા વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ કાર્યવાહી કરી હતી.

બીજો એક ગુનો સાયબર ક્રાઇમના કોન્સ. જયપાલસિંહ એચ. સોલંકીની ફરિયાદ પરથી હનુમાન મઢી છોટુનગર પાસે શેરી નં. ૩માં રહેતાં મયુર રાયસંગભાઇ ધરજીયા, ધોરાજીના વનરાજ જીતેન્દ્રભાઇ ચાવડા અને ધારીના જેનીલસિંહ પ્રકાશસિહ પરમાર વિરૂધ્ધ દાખલ થયો હતો. સાયબર ક્રાઈમ પોલીસ મથકના સ્ટાફ દ્વારા ટેકનિકલ એનાલિસિસના આધારે એક્સિસ બેંક ના ખાતા નંબર ૯૨૩૦૧૦૦૨૮૮૪૧૦૬૨ની વિગતો મેળવી તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આ બેંક ખાતું રાજકોટના ધરજીયા મયુર રાયસંગભાઈ (હાલ રહે. હનુમાન મઢી પાસે શેરી નં. ૦૩, રૈયા રોડ, રાજકોટ; મૂળ રહે. વ્હોરા કોટડા રોડ, ગોંડલ)ના નામે હોવાનું ખુલ્યું હતું.

સાયબર ક્રાઇમ પોલીસે જ્યારે બેંક ખાતાધારક મયુર ધરજીયાની કડક પૂછપરછ કરતાં મયુરે કબૂલાત કરી હતી કે તે પોતે મજૂરી કામ કરે છે. આશરે એક વર્ષ પહેલાં તેના એક ઓળખીતા મિત્ર વનરાજ જીતેન્દ્રભાઈ ચાવડા (રહે. ધોરાજી) એ તેને લાલચ આપી હતી કે, જો તે પોતાના નામે બેંક ખાતું ખોલાવીને આપે, તો ગેમિંગ અને સાયબર ફ્રોડના નાણાં મેળવવા બદલ તેને ખાતા દીઠ રૂ. ૧૦,૦૦૦નું કમિશન મળશે. આ આર્થિક લાભની લાલચમાં આવીને મયુરે પોતાના નામે એક્સિસ બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને ફેડરલ બેંક સહિતના ખાતાઓ ખોલાવ્યા હતા. આ ખાતાઓના એટીએમ કાર્ડ અને સિમ કાર્ડ વનરાજ ચાવડા અને તેના સાગરીત જેનીલસિંહ પ્રકાશસિંહ પરમાર (રહે. ધારી, જી. અમરેલી)ને સોંપી દેવામાં આવ્યા હતા. તેમજ મયુરે વધુ કમિશન કમાવવાની લાલચે બજારમાંથી તેમજ પોતાના અન્ય મિત્રોના નામે પણ બેંક ખાતાઓ ખોલાવી આ સાયબર ઠગોને પુરા પાડ્યા હતાં.આ મામલે નેશનલ સાયબર ક્રાઈમ રિર્પોટિંગ પોર્ટલની વિગતો ચકાસતાં જાણવા મળ્યું કે આરોપી મયુર ધરજીયાના આ એક્સિસ બેંક ખાતામાં ટૂંકા ગાળામાં જ દેશના અલગ-અલગ રાજ્યોમાંથી સાયબર ફ્રોડની ખુબ મોટી રૂપિયાની રકમ ટ્રાન્સફર થઈ હતી. પોલીસને પ્રાથમિક તપાસમાં જ આ ખાતા સાથે લિંક થયેલી કુલ ૨૦ જેટલી સાયબર ફ્રોડની ફરિયાદો/અરજીઓ મળી આવી છે. જેમાં ભોગ બનનારાઓએ કુલ લાખો રૂપિયા ગુમાવ્યા છે. આર્થિક લાભ મેળવવાના હેતુથી પુર્વ આયોજિત કાવતરૂ રચી, સાયબર ગુનાના ચોરીના નાણાં પોતાના બેંક ખાતામાં મેળવી અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી ગુનો આચરવા બદલ રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસે ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરી છે. હેડકોન્સ. પી. ડી. રાઠોડ વધુ તપાસ હાથ ધરી હતી.

---

### ધાર્મિક કામે નીકળેલા લોકો પર જોગાનુજોગ કાળની ક્રુરતા વધી ગયાની ઘટનાઓ

# રામાપીરના દર્શન કરી નીકળેલા બે ભાઈઓના મોત





રાજકોટઃ તા.૮

કાળનું તેડુ ક્યારે અને કેવી રીતે તેમજ કયા સ્થળે આવી જાય તેની કોઇને ખબર હોતી નથી. હાલમાં ધાર્મિક કામ માટે નીકળેલા લોકોના વાહન અકસ્માતમાં મૃત્યુ થવાની ઘટનાઓ જાણે જોગાનુજોગ વધી ગઇ છે. પરમ દિવસે પુનમ ભરીને જઇ રહેલા યુવાનનું વાહન અકસ્માતમાં મોત થયું હતું. તેમજ સુરાપરાના દર્શને પગપળા જઇ રહેલા બે મહિલાને પણ ટ્રકના ચાલકે ઠોકરે લેતાં મોત થયા હતાં. ત્યાં હવે ચોટીલાના સાંગાણી ગામ નજીક વધુ એક ગોઝારો અકસ્માત સર્જાયો છે. જેમાં આસસર ટ્રકની ઠોકરે મોટરસાઇકલ ચડી જતાં રાજકોટના બે પ્રજાપતિ કુટુંબી ભાઇઓના મોત નીપજતાં હતાં. આ બંને સુરેન્દ્રનગર નજીકથી રામાપીરના મંદિરેથી દર્શન કરીને પરત રાજકોટ આવતાં હતાં.

વિગતો જોઇએ તો ગાંધીગ્રામ ભારતીનગરમાં અને માધાપર ચોકડીએ રહેતાં બે કુટુંબી ભાઇઓ બાઇક લઇને સુરેન્દ્રનગર નજીક રામાપીરના મંદિરે દર્શન કરવા ગયા હતાં. ત્યાંથી પરત આવતાં હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. એક ભાઇનું ઘટના સ્થળે અને બીજાનું રાજકોટ સારવારમાં મૃત્યુ થયું હતું.ગાંધીગ્રામ ભારતીનગર-૧ ઉદય હોલની પાછળ રહેતાં ૨૬ વર્ષના જતીનભાઇ રણછોડભાઇ ભલસોડ નામના સોરઠીયા પ્રજાપતિ કુંભાર યુવાન અને તેના કુટુંબી ભાઇ માધાપર ચોકડી પાસે માતૃ મેરીગોલ્ડ એપાર્ટમેન્ટમાં રહેતાં ૨૭ વર્ષના મયુરભાઇ ભવાનભાઇ ભલસોડ મોટર સાઇકલ પર બેસીની સુરેન્દ્રનગર નજીક પીપળીધામ રામાપીરના મંદિરે ગઇકાલે દર્શન કરવા માટે ગયા હતાં.

દર્શન કરીને બંને ભાઇઓ આવતી વખતે ચોટીલાના સાંગાણી ગામ પાસે ઓવરબ્રીજ નજીક બળદેવ હોટલ પાસે પહોંચ્યા ત્યારે બાઇકને આઇસર ટ્રકના ચાલકે ઉલાળી દેતાં બંને રોડ પર ફેંકાઇ જતાં મયુરભાઇ ભલસોડનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે જતીનભાઇ ભલસોડને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ તેણે પણ દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે ચોટીલા પોલીસને જાણ કરી હતી.

**ગાંધીગ્રામ-માધાપર ચોકડીએ રહેતાં પ્રજાપતિ પરિવારના કુટુંબી ભાઇઓ સુરેન્દ્રનગર પાસે પીપડીધામથી દર્શન કરી રાજકોટ આવતાં હતાં ત્યારે ચોટીલા પાસે તેના ટુવ્હીલરને ટ્રક રૂપી કાળ ભેગી ગયોઃ એક યુવાન તો બે બહેનનો એક જ ભાઇ હતો**

વધુ માહિતી અનુસાર મૃત્યુ પામનાર મયુરભાઇ બે બહેનનો એક જ મોટો ભાઇ હતો અને અપરિણીત હતો. તેના પિતા ખેતી મજુરી કરે છે. પોતે ગેરેજનું અને લેથનું કામ કરતો હતો.જ્યારે સાથે મૃત્યુ પામનાર મયુરભાઇ બે ભાઇ અને બે બહેનમાં નાનો હતો. તેના પિતા હયાત નથી. તે કન્સ્ટ્રકશન સાઇટ પર સુપરવાઇઝર તરીકે કામ કરતો હતો. બંને કુટુંબી ભાઇના મોતથી ભલસોડ પરિવારમાં કાળો કલ્પાંત સર્જાયો હતો.

અપમૃત્યુની અન્ય ઘટનાઓ જોઇએ તો થોરાળા શેરી નં. ૧૫માં મચ્છુ માતાજીની ડેરી પાસે રહેતાં સંદિપભાઇ અમીતભાઇ રાણેશરા નામના યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં શોક છવાઇ ગયો છે. બનાવની જાણ થતાં થોરાળા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. જ્યારે ગાંધીગ્રામ શ્યામનગર મિલન પાર્કમાં રહેતો મયુરભાઇ ખીમજીભાઇ વાઘેલા નામના પાંત્રીસ વર્ષના યુવાનનું ઘરે બાથરૂમમાં પડી જતાં બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયો હતો. પરંતુ તેનું મોત થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર મયુરભાઇ આરએમસીમાં ભુગર્ભ ગટર વિભાગમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતો હતો. તેને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. પોતે બે ભાઇમાં નાનો હતો. જયારે એક બનાવમાં કોઠારીયા રોડ પર જે. કે. પાર્ક શેરી નં. ૨માં રહેતાં ધર્મદિપસિંહ મનહરસિંહ જાડેજા નામના ચોવીસ વર્ષના યુવાન સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.ધર્મદિપસિંહ ત્રણ ભાઇ અને એક બહેનમાં મોટા હતાં અને ગાડી લે-વેંચનું કામ કરતાં હતાં. તાવ-આંચકીની તેમને નાનપણથી બિમારી હોવાનું સગાએ જણાવ્યું હતું. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી.

**અપમૃત્યુની અન્ય ત્રણ ઘટનામાં એક યુવાને ગળાફાંસો ખાતા, એકનું બેભાન હાલતમાં, એકનું બાથરૂમમાં પડી જતાં મૃત્યુ**

---

# સુરતમાં ભુતીયુ ડિમોલિશન

સુરત, તા.૯

ગુજરાતના સુરતમાં, લગભગ ૧૦૦ ઘરો બુલડોઝર દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા. અને તે પણ કોઈ સરકારી આદેશ વિના. આ બુલડોઝર કાર્યવાહીની જવાબદારી કોઈ સરકારી વિભાગ લેવાની હિંમત કોણ કરે છે? સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનથી લઈને પોલીસ સુધી, બધા જવાબદારી લેવાનું ટાળી રહ્યા છે. હવે પ્રશ્ન એ છે કેઃ જો કોઈ સરકારી આદેશ ન હોત, તો તે ૧૦૦ ઘરો કોણે તોડી પાડ્યા? નુકસાનની ભરપાઈ કોણ કરશે? માત્ર કોંગ્રેસ જ નહીં પરંતુ ભાજપના ધારાસભ્યો પણ સુરત પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ટીમના ઉઈક રાજદીપ સિંહ નકુમ અને વરિષ્ઠ મ્યુનિસિપલ અધિકારીઓની હાજરીમાં બુલડોઝર કાર્યવાહી અંગે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. આ ઘટના ૩૦ મેના રોજ સુરતના વેડ દરવાજા નજીક જૂના નાસિર નગર વિસ્તારમાં બની હતી. આરોપ છે કે પોલીસ દળની હાજરી હોવા છતાં લગભગ ૧૦૦ ઘરો તોડી પાડવામાં આવ્યા હતા.



સ્થાનિક લોકોનું કહેવું છે કે જ્યારે તોડી પાડવામાં આવી રહી હતી ત્યારે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને મોટી પોલીસ ફોર્સ હાજર હતી. જ્યારે ઘરો કાટમાળમાં ફેરવાઈ ગયા અને અસરગ્રસ્ત પરિવારો ગુસ્સે થઈ ગયા, ત્યારે વાસ્તવિક નાટક શરૂ થયું. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને સ્પષ્ટતા કરી છે કે તેણે કોઈ ડિમોલિશન ઓર્ડર જારી કર્યા નથી. કોર્પોરેશનનો દાવો છે કે તેના કામદારો ફક્ત જમીન માપવા ગયા હતા અને કાર્યવાહીમાં તેમની કોઈ ભૂમિકા નથી. જો કોર્પોરેશને ઓર્ડર જારી ન કર્યો હોય, તો કોની ઉશ્કેરણીથી પોલીસની હાજરીમાં ૧૦૦ ઘરો તોડી પાડવામાં આવ્યા હતા?

જે લોકોના મકાનો તોડી પાડવામાં આવ્યા હતા તેમણે કોર્ટમાં અરજી દાખલ કરી છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે કોઈ પણ સૂચના વિના અનેક ઝૂંપડપટ્ટીઓ તોડી પાડવામાં આવી હતી અને બુલડોઝર ઓપરેશન પર રોક લગાવવાની માંગ કરવામાં આવી છે. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, ૪૦ વર્ષીય હુસૈન અઝીઝ શેખે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. હુસૈન અઝીઝનું ઘર હજુ સુધી તોડી પાડવામાં આવ્યું નથી. તેમણે આ કેસમાં ગુજરાત સરકાર, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, સુરત પોલીસ કમિશનર, ડેપ્યુટી કમિશનર અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ને પક્ષકાર તરીકે નામ આપ્યા છે. તેમણે ગુજરાત હાઈકોર્ટને અરજીનો ઉકેલ ન આવે ત્યાં સુધી ડિમોલિશન રોકવા અને જેમના મકાનો તોડી પાડવામાં આવ્યા હતા તેમને રાહત આપવા જણાવ્યું છે.

સ્થાનિક રહેવાસીઓ અને સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સમગ્ર કવાયત નાસિર નગરની પાછળ બાંધવામાં આવી રહેલા ખાનગી બાંધકામ પ્રોજેક્ટ માટે માર્ગ મોકળો કરવા માટે કરવામાં આવી હતી. એવો આરોપ છે કે બિલ્ડરના ફાયદા માટે રાતોરાત રોડ પહોળો કરવાની યોજના બનાવવામાં આવી હતી, જેના કારણે વર્ષોથી ત્યાં રહેતા લોકોના ઘરોનો નાશ થયો હતો. એવો આરોપ છે કે આટલી મોટી કાર્યવાહી કોઈપણ સત્તાવાર સૂચના કે કાનૂની પ્રક્રિયા વિના કરવામાં આવી હતી, જ્યારે કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી ધરાવતી પોલીસ મૂક પ્રેક્ષક બની રહી હતી.

**૧૦૦ ઘરો કોણે તોડી પાડ્યા? નુકસાનની ભરપાઈ કોણ કરશે? : કોર્પોરેશનનો દાવો છે કે તેના કામદારો ફક્ત જમીન માપવા ગયા હતા અને કાર્યવાહીમાં તેમની કોઈ ભૂમિકા નથી**

### તપાસ સમિતિની રચના

નાસીર નગરમાં થયેલા કથિત ગેરકાયદેસર અને વિવાદાસ્પદ પભૂતિયા ડિમોલેશનપ મામલે સ્થાનિક સ્તરે ભારે હોબાળો મચ્યો હતો. આ ચકચારી ઘટનાના આખરે પૂરા દસ દિવસ વીતી ગયા બાદ તંત્ર સફાળું જાગ્યું છે અને આખા મામલાની ઝીણવટભરી તપાસ કરવા માટે એક ઉચ્ચ સ્તરીય તપાસ કમિટીની સત્તાવાર રચના કરવામાં આવી છે. આ કમિટી ડેપ્યુટી કમિશનર એમ.એમ. ગર્જ્જરની અધ્યક્ષતામાં કામ કરશે. આ હાઈપાવર તપાસ સમિતિની અંદર વહીવટી અને ટેકનિકલ પાંખના નિષ્ણાતોને સામેલ કરવામાં આવ્યા છે, જેમાં બે ડેપ્યુટી કમિશનર, એક એડિશનલ સીટી ઈજનેર, બે કાર્યપાલક ઈજનેર અને એક ડેપ્યુટી ઈજનેર સહિતના ઉચ્ચ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. આ રીતે કુલ ૬ સભ્યોની મજબૂત તપાસ કમિટીની રચના કરીને સમગ્ર પ્રકરણનો અહેવાલ તૈયાર કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

### ડિમોલિશન કરનાર બિલ્ડર, પોલીસ અને મળતિયા પર લેન્ડગ્રેબિંગનો ગુનો નોંધોઃ અમિત ચાવડા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ ભાજપના રાજમાં ચાલતું ભૂતીયું ડિમોલિશન અંગે જણાવ્યું હતું કે,ગુજરાતમાં ભાજપના રાજમાં બિલ્ડરો, ભૂમાફિયાઓ અને સરકારમાં બેઠેલા મિલીભગતથી ગરીબોની જમીનો પચાવી પાડવાનું એક સુવ્યવસ્થિત ષડયંત્ર ચાલી રહ્યું છે.

વગદાર લોકો તથા મોટા ઉદ્યોગપતિઓના દબાણો સામે કડક કાર્યવાહી કરવાને બદલે સામાન્ય અને ગરીબ વર્ગના પરિવારોના ઘરો પર બુલડોઝર ચલાવવાની બેવડી નીતિ ભાજપ સરકારમાં ચાલી રહી છે. આ જ પ્રકારની એક ચોંકાવનારી ઘટના સુરતના વેડ દરવાજા વિસ્તારમાં ખાતે બની છે, જ્યાં કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના કે કાયદેસરની નોટિસ આપ્યા વિના, પોલીસ કાફલા (ખાસ કરીને જ્યત્રૃ અને ક્ર્ઈઇ ટીમો)ની હાજરીમાં અચાનક બુલડોઝરો લાવીને ગરીબોના ૧૦૦ કરતાં પણ વધુ મકાનો તોડી પાડવામાં આવ્યા.આ અમાનવીય તોડફોડ બાદ જ્યારે જવાબદારી અંગે સવાલો પૂછવામાં આવ્યા, ત્યારે મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ તંત્ર દ્વારા આ કાર્યવાહીમાં કોઈ હાથ ન હોવાનો દાવો કરીને પલ્લું ઝાડી લેવામાં આવ્યું છે. સત્તાવાર આદેશ વિના આટલા મોટા પાયે પભૂતીયું ડિમોલિશનપ કોણે કર્યું અને આ ગેરકાયદેસર પ્રક્રિયા માટે પોલીસ પ્રોટેક્શન કોણે પૂરું પાડ્યું ? તે સવાલો આજે પણ વણઉકલ્યા છે. છેલ્લા ૧૦ દિવસથી સુરત શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ વિપુલ ઉધનાવાલા અને વિપક્ષના નેતા અર્શદ જરીવાલાની આગેવાનીમાં અનેક આગેવાનો, કાર્યકરો અને વિસ્તારના રહીશો આંદોલન કરી રહ્યા છે.પોલીસ ફરિયાદ નોંધવા માટે રજૂઆત અને અરજીઓ આપી રહ્યા છે. પરંતુ દસ દિવસથી સતત રજૂઆતો છતાં કોઈ પોલીસ કાર્યવાહી થઈ નથી.બિલ્ડરોને ફાયદો કરાવવા માટે પોલીસ,પ્રશાસન,કમિશનર અને ત્યાના વતની ઉપ મુખ્યમંત્રી સહિતના લોકોની આમાં ભાગીદારી રહેલી છે. જે પણ પોલીસ અધિકારીઓએ ખોટી રીતે પોલીસ રક્ષણ આપ્યું તથા જે લોકો સામેલ હોય તેની સામે ત્ર્રઈછ કરો. જો ત્ર્રઈછ કરવામાં નહીં આવે તો અગામી ત્રણ દિવસ પછી પ્રદેશ કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ સુરત જશે. ત્યા સ્થાનિક નેતા અને લોકોને સાથે રાખીને ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આ લડાઈ ગરીબોના ન્યાયની લડાઈ છે, જ્યા સુધી ન્યાય ન મળે ત્યા સુધી લડત આગળ પણ ચાલુ રહેશે. પોલીસ કમિશનર, મ્યુનિસિપલ કમિશનર અને સરકારને કહેવું છે કે, જે પણ જવાબદારો છે એની સામે તાત્કાલિક કાર્યવાહી કરો અને જેના ઘરો તૂટી ગયા છે એને તાત્કાલિક વૈકલ્પિક વ્યવસ્થા આપો.

સાયબર ગઠીયાઓએ વધુ એક વખત જુના જાણીતા નુસ્ખાનો ઉપયોગ કરી ઠગાઇ કરી

# ગૂગલ પર સર્ચ કરી રૂમ બૂક કરાવતાં સાયબર ફ્રોડ

## યુવાનને પરિવાર સાથે દ્વારકા જવું હતું પણ છેતરાઇ ગયોઃ બીજી ઘટનામાં સોની વેપારી સાથે પચાસ લાખની ઠગાઇ, ત્રીજી ઘટનામાં સોની વેપારીએ ગ્રાહકને તેર લાખનો ચૂનો લગાવ્યો

રાજકોટઃ તા.૮

ફરવા કે ધાર્મિક યાત્રાએ જતાં લોકો ઓનલાઇન રૂમ બૂક કરાવે ત્યારે સાયબર ફ્રોડનો શિકાર બની જતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક યુવાનને પરિવાર સાથે દ્વારીકા દર્શનાર્થે જવું હોઇ ગૂગલ પર સર્ચ કરી કડવા પટેલ સમાજ ભવાનના નામે રૂમ બૂક કરાવતાં તેની સાથે ફ્રોડ થઇ ગયું હતું. બીજી ઘટનામાં સોની વેપારી સાથે પચાસ લાખની ઠગાઇ થઇ હતી. ત્રીજીઘ ટનામાં એક સોની વેપારીએ ઘરેણા બનાવવા માટે તેર લાખ રૂપિયા લઇ લીધા બાદ ઘરેણા કે રૂપિયા ન આપી ઠગાઇ કરી હતી.

પ્રથમ ઘટના જોઇએ તો સાયબર ગઠિયાઓએ હવે ઠગાઈ કરવા માટે નવા-નવા પેંતરા અજમાવવાનું શરૂ કર્યું છે. ગઠિયાઓએ હવે ડિજિટલ માધ્યમનો દુરુપયોગ કરીને યાત્રાધામોની આસપાસ આવેલી જાણીતી હોટલો અને જ્ઞાતિની વાડીઓની નકલી વેબસાઇટ બનાવીને લોકોને શિકાર બનાવવાનું શરૂ કર્યું છે તો બીજી તરફ જ્વેલરી શોરૂમને પણ લાખો રૂપિયાનો ચૂનો લગાવ્યો છે. આ સંદર્ભે અમદાવાદના બોડકદેવ અને નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં કરોડો અને હજારો રૂપિયાની છેતરપિંડીની ફરિયાદો નોંધાતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં. અમદાવાદના હેબતપુર વિસ્તારમાં રહેતા અને એક ફાઇનાન્સ કંપનીમાં નોકરી કરતા પાંત્રીસ વર્ષીય યુવકે પરિવાર સાથે દ્વારકા દર્શનાર્થે જવાનું આયોજન કર્યું હતું. દ્વારકા ખાતે આવેલા જાણીતા 'કડવા પટેલ સમાજ ભવન'માં એડવાન્સ બુકિંગ કરાવવા માટે યુવકે ગૂગલ પર સર્ચ કર્યું હતું.

સર્ચ દરમિયાન ગઠિયાઓ દ્વારા બનાવાયેલી એક ફેક વેબસાઇટ ખૂલી હતી, જેમાં 'વેલકમ ટુ કડવા પટેલ સમાજવાડી' લખેલું હતું અને સંપર્ક




માટે કોલ તથા વોટ્સએપના વિકલ્પો આપેલા હતા. યુવકે તે નંબર પર સંપર્ક સાધતા સામેવાળી વ્યક્તિએ વોટ્સએપ ચેટિંગ દ્વારા બુકિંગની પ્રક્રિયા શરૂ કરી હતી. ગઠિયાએ બે દિવસના ભાડા અને રસીદના મળીને કુલ રૂ. ૬૬૦૦નો ચાર્જ જણાવી યુવકને એક ક્યૂઆરકોડ મોકલ્યો હતો. યુવકે પોતાના ક્રેડિટ કાર્ડથી રૂ.૧૬,૬૦૦નું પેમેન્ટ કર્યું હતું, પરંતુ સામેવાળી વ્યક્તિએ અલગ-અલગ પેમેન્ટ કરવાનું બહાનું ધરીને યુવક પાસેથી વારાફરતી ત્રણ વાર નાણાં પડાવી લીધા હતા.

બાદમાં સર્વર એરર હોવાનું કહીને ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. પોતાની સાથે રૂ. ૧૯,૮૦૦ની ઠગાઈ થઈ હોવાનું જણાતા યુવકે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. બીજો ચોંકાવનારો કિસ્સો સી.જી. રોડ પર આવેલી જાણીતી 'ઝવેરી એન્ડ કંપની' નામના જ્વેલરી શોરૂમમાં સામે આવ્યો છે. શોરૂમના મેનેજર મુકેશભાઇ કંસારાને એક અજાણ્યા શખ્સનો વોટ્સએપ કોલ આવ્યો હતો અને તેણે ૧૦ ગ્રામની ૬૦ સોનાની લગડીઓનો ભાવ પૂછ્યો હતો. વિશ્વાસ જીતવા માટે આ ગઠિયાએ શોરૂમના બેંક એકાઉન્ટની વિગતો મેળવીને વોટ્સએપ પર પાનકાર્ડ અને આધારકાર્ડના ફોટા મોકલી આપ્યા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ દસ્તાવેજોમાં બેંગ્લોરના દેબાસીસ રોય ચૌધરી અને હરીપ્રસાદ વેંકટેસ નામના વ્યક્તિઓની વિગતો દર્શાવેલી હતી.

બીજા દિવસે ગઠિયાએ દેબાસીસ રોયના બેંક ખાતામાંથી જ્વેલરી કંપનીના ખાતામાં રૂ. ૫૦ લાખ ઓનલાઈન આરટીજીએસ કર્યા હતા. નાણાં જમા થતાં જ સાંજે હરી-સાદ નામનો શખ્સ શોરૂમ પર પહોંચ્યો હતો અને દેબાસીસનું નામ આપીને કુલ ૬૨૬ ગ્રામ વજનના ૫૨ ગોલ્ડ બિસ્કીટની ડિલીવરી લઈને રફુચક્કર થઈ ગયો હતો. જોકે, થોડા સમય બાદ પોલીસે આ ૫૦ લાખની રકમ વાળું કંપનીનું બેંક એકાઉન્ટ ફ્રીઝ કરી દેતા શોરૂમ સંચાલકો ચોંકી ઉઠ્યા હતા. પોલીસે તપાસ શરૂ કરી હતી.

ત્રીજી ઘટના જોઇએ તો ડેસર પોલીસ સ્ટેશનમાં સોની વેપારી સામે વિશ્વાસઘાત, છેતરપિંડી, ધમકીની ફરિયાદ નોંધાતાવિસ્તારમાં ચકચાર મચી હતી. ડેસરના સોનીએ ઘરેણાં બનાવી આપવા, રીપેરીંગના બહાને અનેક લોકો પાસેથી રોકડ રકમ, સોનું લીધું હતું. ઘરેણાં તૈયાર કરીને આપ્યાં નહીં. ગ્રાહકોને યોગ્ય જવાબ આપ્યો નહીં. ઉઘરાણી કરવા આવતા ગ્રાહકોને ધમકીભર્યા સ્વરમાં ગાળો બોલી. ગ્રાહકો ગભરાઈ ગયા હતાં. પોતાનું સોનું પાછું મેળવવા લાંબા સમયથી રાહ જોતા રહ્યા. આરઝુબેન ઘાંચીએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ સંજયભાઈ ચંપકલાલ સોની, રહે. ડેસરે વિશ્વાસમાં લઈ સોનાના

---

ગઠીયાગીરીની વધી ગયેલી ઘટનાઓ વચ્ચે વધુ એક વૃધ્ધ બન્યા શિકાર

# સસ્તામાં જમીન અને નોકરીની લાલચમાં ગુમાવ્યા ૧૪ લાખ

## નિવૃત કર્મચારી વૃધ્ધની મરણમુડી સમાન રકમ ગઠીયાએ પડાવી લીધીઃ બીજી ઘટનામાં આડત્રીસ લાખની ઠગાઇમાં ગઠીયો આઠ મહિના પછી ઝડપાયો

રાજકોટઃ તા.૮

ઠગાઇની વધુ એક ઘટના સામે આવી છે જેમાં સસ્તા ભાવે સરકારી જમીન અને દિકરાને નોકરી અપાવી દેવાની લાલચ આપી ચૌદ લાખ ખંખેરી લેવાયા હતાં. નિવૃત કર્મચારી વૃધ્ધનેગઠીયા લાખોમાં છેતરી જતાં પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરાના નિવૃત્ત કર્મચારી સાથે સસ્તા ભાવે સરકારી જમીન અપાવવાની અને દીકરાને સરકારી નોકરી અપાવવાની લાલચ આપી ચૌદ લાખ નવ હજારની વધુની છેતરપિંડી આચરવામાં આવી છે. આ અંગે પીડિત વૃદ્ધે હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. શહેરના સમા-સાવલી રોડ પર આવેલા અજીતાનગરમાં રહેતા ચોસઠ વર્ષીય ચંદુભાઈ ગોહીલે હરણી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડમાંથી નિવૃત્ત થયા છે.

વધુ માહિતી અનુસાર દોઢેક વર્ષ અગાઉ તેમના મિત્ર રમણભાઈ




ગોહીલે ગાંધીનગર જિલ્લાના કલોલના રહેવાસી રમેશભાઈ ઉર્ફે મહેશભાઈ વાઘેલા સાથે પરિચય કરાવ્યો હતો. રમેશભાઈ વાઘેલાએ સાવલી ખાતે કેજેઆઇટી કેમ્પસ સામે આવેલી સરકારી જમીન નજીવા ભાવે અપાવી આપવાની ખાતરી આપી હતી. ચાર એકર જમીન રૂ.૩.૮૫ લાખમાં અપાવવાની વાત કરી સિનિયર સિટીઝનને વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ જમીનની એન્ટ્રી, સ્ટેમ્પ ડ્યુટી, કોર્ટ કમિશનરની પરવાનગી, ફેન્સિંગ સહિતના વિવિધ ખર્ચના બહાને તબક્કાવાર રૂપિયા માંગવામાં આવ્યા હતા.ગયા વર્ષે મે મહિનામાં દરમિયાન મંજુસર, ફતેગંજ, જુબિલીબાગ, મુક્તાનંદ અને અન્ય સ્થળોએ રોકડ તેમજ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન મારફતે અનેક હપ્તામાં રકમ ચૂકવવામાં આવી હતી. આ ઉપરાંત તેમના પુત્ર સિદ્ધાર્થને તલાટીની નોકરી અપાવવાના બહાને પણ રૂ.૩ લાખ લેવામાં આવ્યા હતા. સોનાની લગડી અપાવવાના બહાને અને અન્ય ખર્ચના નામે પણ રૂપિયા ઉઘરાવવામાં આવ્યા હતા. આરોપી રમેશભાઈ વાઘેલાએ કુલ ૧૪,૦૯,૨૦૦ રૂપિયા વસૂલ્યા હોવા છતાં આજદિન સુધી જમીન અપાવી નથી કે કોઈ રકમ પરત કરી નથી. ત્યારબાદ આરોપીએ ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું. આખરે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થતાં ચંદુભાઈ ગોહીલે હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

બીજી તરફ સિંગાપોરમાં લેબર સપ્લાય કરવાના નામે ૩૭.૯૮ લાખ પડાવી લેનાર સુરતનો લેબર સપ્લાયર આઠ મહિના પછી મધ્યપ્રદેશથી ઝડપાયો છે. છાણી જકાતનાકાની શિવમ સોસાયટીમાં રહેતા દિલીપભાઈ લખમાણીએ ગયા વર્ષે ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું કે,મારી સાઈટ પર મિસ્ત્રી કામ કરતા દિપક મિસ્ત્રી મારફતે સુરતના લેબર સપ્લાયર આશિષ બિપિનભાઈ મિસ્ત્રીનો સંપર્ક થયો હતો. આશિષ મિસ્ત્રીને મેં લેબર પેટે ૩૭.૯૮ લાખ રૂપિયા મોકલ્યા હતા. ત્યારબાદ તેણે લેબરને વિદેશ મોકલ્યા નહતા તેમજ રૂપિયા પણ પરત કર્યા નહતા. ગુનો દાખલ થયા પછી નાસતા ફરતા આરોપી આશિષ મિસ્ત્રીને વડોદરા ડીસીબી પોલીસની ટીમે મળેલી માહિતીના આધારે મધ્યપ્રદેશથી ઝડપી પાડી વધુ તપાસ માટે ફતેગંજ પોલીસને સુપરત કર્યો હતો.

---

અનેક લેભાગુ એજન્ટો અત્યાર સુધીમાં અનેકને છેતરી ગયા છેઃ વધુ એક ઘટના

# વિદેશ મોકલવાની લાલચ દઈ સાડા ચાર લાખ પડાવ્યા

## બીજી તરફ એપીકે ફાઇલ ઇન્સ્ટોલ કરાવી મહિલાના સાડા સાત લાખ ઉસેડી લેવાયા

રાજકોટઃ તા.૮

વધુ એક વખત વિદેશ મોકલવાની લાલચ આપી લાખો પડાવી લેવાયા છે. અનેક યુવાનો, પરિવારો આ રીતે લેભાગુ એજન્ટોનો શિકાર બની મોટી રકમ ગુમાવી ચુક્યા છે. આવા જ એક બનાવમાં ઠગાઇ થતાં કન્સ્ટલ્ટન્સીના ડીરેક્ટર સહિત ત્રણ સામે ગુનો દાખલ થયો છે. અન્ય એક ઘટનામાં એપીકે ફાઇલ ઇન્સ્ટોલ કરાવડાવી મહિલાના ખાતામાંથી સાડા સાત લાખ ઉસેડી લેવાયા હતાં.પ્રથમ ઘટના જોઇએ તો અમદાવાદ શહેરમાં વિદેશ મોકલવાના નામે છેતરપિંડીના બનાવો સતત સામે આવી રહ્યા છે. તાજેતરમાં શહેરના પૂર્વ વિસ્તારમાં રહેતા એક યુવકે તેના ભાઈને લક્ઝમ્બર્ગ મોકલવા માટે સીજી રોડ પર આવેલી એક કન્સલ્ટન્સી કંપનીનો સંપર્ક કર્યો હતો. કંપનીના ડાયરેક્ટર અખિલ ચતુર અને નીતા ચતુરે છ મહિનામાં લક્ઝમ્બર્ગનો વિઝા અપાવી દેવાની બાંયધરી આપી હતી. તેમજ ટોકન રકમ, ઓફર લેટર



અને વિઝા પ્રક્રિયાના નામે તબક્કાવાર ચૂકવણી કરવાની શરતો મૂકી હતી. જેથી વિશ્વાસમાં આવીને ફરિયાદી મેહુલકુમાર વાડદોરીયાએ શરૂઆતમાં એક લાખ રૂપિયા ચૂકવ્યા હતા. આરોપીઓએ વિઝા પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવાની ખાતરી આપીને આગળની કાર્યવાહી શરૂ કરાવી હતી.વધુ માહિતી અનુસાર ઉમંગી મોદી નામની મહિલાએ ફરિયાદીનો સંપર્ક કરીને લક્ઝમ્બર્ગના બદલે ફિનલેન્ડનો વિઝા ઝડપથી અને સરળતાથી અપાવી શકાય તેવી લાલચ આપી હતી. ફિનલેન્ડનો વિઝા માત્ર સાંઇઠ દિવસમાં અપાવી દેવાની ખાતરી સાથે કુલ સાડા સાત લાખ રૂપિયાનો ખર્ચ બતાવવામાં આવ્યો હતો. આરોપીઓએ પીસીસી, મેડિકલ ચેકઅપ અને બાયોમેટ્રિક પ્રક્રિયા પણ કરાવી હતી. ત્યારબાદ ઓફર લેટર આવી ગયું હોવાનું કહીને વધુ એક લાખ રૂપિયા વસૂલવામાં આવ્યા હતા. ત્યારપછી ફિનલેન્ડની એર ટિકિટ અને વિઝાની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે ત્રણ લાખ રૂપિયા વધુ લેવામાં આવ્યા હતા. અલગ અલગ બહાનાં હેઠળ કુલ પાંચ લાખ રૂપિયા આરોપીઓએ ફરિયાદી પાસેથી મેળવી લીધા હતા.

પરંતુ રૂપિયા ચૂકવ્યા બાદ પણ ફરિયાદીના ભાઈને ન તો લક્ઝમ્બર્ગનો અને ન તો ફિનલેન્ડનો વિઝા મળ્યો હતો. એર ટિકિટ કે અન્ય કોઈ -ક્રિયા પણ પૂર્ણ કરવામાં આવી નહોતી. પોતે છેતરાયા હોવાની શંકા જતાં મેહુલકુમારે આરોપીઓ પાસે ચૂકવેલી રકમ પરત માંગતાં માત્ર પચાસ હજાર રૂપિયા જ પરત આપવામાં આવ્યા હતા. બાકીના સાડા ચાર લાખ રૂપિયા પરત આપવા માટે અનેક વખત ઉઘરાણી કરવા છતાં આરોપીઓએ કોઈ જવાબ ન આપતા આખરે મેહુલકુમારે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અખિલ ચતુર, નીતા ચતુર અને ઉમંગી મોદી સામે છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

અન્ય એક ઓનલાઇન ઠગાઇ જોઇએ તો નિકોલમાં રહેતા ૩૭ વર્ષીય મહિલા સાથે ૭.૪૬ લાખ રૂપિયાની છેતરપિંડી થયાની પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ છે. મહિલાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, ગત ૧૯ મેના રોજ રાત્રે અજાણ્યા વોટ્સએપ નંબર પરથી બેંક ઓફ ઈન્ડિયાનો સિગ્નેચર અને સિક્કાવાળો એક નકલી þÞ અપડેટ લેટર અને બેન્ક ઓફ ઈન્ડિયામાં પાન કાર્ડ અપડેટ કરવા માટે એક ßÂÞ ફાઈલ મોકલવામાં આવી હતી. જેમાં આધારકાર્ડ અને પાનકાર્ડ અપડેટ ન હોવાથી ખાતું સસ્પેન્ડ થવાની વૉર્નિંગ પણ આપવામાં આવી હતી. મહિલાએ આ બાબતે પહેલા ધ્યાન આપ્યું નહોતું. આ પછી બેંક સ્ટાફની સામાન્ય પૂછપરછ પછી મહિલાના પતિએ તે ફ્રોડ એપ્લિકેશન મોબાઈલમાં ડાઉનલોડ કરી લીધી હતી. આમ સાયબર ઠગે મોબાઈલનો એક્સેસ લઈને બેંકિંગ આઈડી-પાસવર્ડ અને ઓટીપીની ચોરી કરી લીધી હતી.આ પછી સાયબર ઠગે બેંક ખાતામાં નિલમબેનના ઈ-મેઈલ આઈડીને બદલીને પોતાનું નકલી જી-મેઈલ આઈડી રજિસ્ટર કરાવી દીધું હતું. આ પછી મહિલાના ખાતામાંથી માત્ર ૫ દિવસમાં જ ૭,૪૬,૫૦૨ રૂપિયા અલગ-અલગ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધા હતા. જે બાદ ૨૪ મેના મોબાઈલમાં રૂપિયા ડેબિટ થવાના ટેક્સ્ટ મેસેજ જોતા અને નેટબેંકિંગ લોગ-ઈન ન થતા છેતરપિંડીની જાણ થઈ હતી.આ અંગે મહિલાએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.

---

જિંદગી તો બેવફા હૈ...વધુ છ અલગ અલગ ઘટનામાં પરિવારોએ ગુમાવ્યા સ્વજનો

# પરિણતાનો આપઘાતઃ ત્રણના હાર્ટ એટેકથી મોત

## અન્ય બે ઘટનામાં એક વૃધ્ધા અને એક પ્રૌઢ વયના મહિલા બેભાન થઇ જતાં શ્વાસ રૂંધાયાઃ પોસ્ટમોર્ટમ રૂમે સગા સંબંધીઓમાં શોકની કાલીમા

રાજકોટઃ તા.૮

અપમૃત્યુના છ અલગ અલગ બનાવોમાં પરિવારોએ પોતાના સ્વજનોને ગુમાવી દેતાં ગમગીની વ્યાપી ગઇ હતી. એક પરિણીતાએ અકળ કારણોસર ઝેર પી દુનિયા છોડી દીધી હતી તો અન્ય ત્રણ બનાવમાં બે યુવાન, એક પ્રૌઢના દિલની દગાખોરીથી મોત થયા હતાં. એક વૃધ્ધા અને એક પ્રૌઢ વયના મહિલાના બેભાન હાલતમાં મોત થયા હતાં. આ તમામ મૃતદેહના સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યા હતાં.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો તાલુકાના શુકલ પીપળીયા ગામે રહેતી પરિણીતાએ ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. આ બનાવને પગલે બે માસુમ દિકરાએ માતા ગુમાવી દીધી હતી. કુવાડવા તાબેના શુકલ પીપળીયા ગામે રહેતી પચ્ચીસ વર્ષની કાજલબેન અનિલભાઇ ઝીંઝુવાડીયા નામની પરિણીતાએ સાંજે ચારેક વાગ્યે ઝેરી દવા પી લેતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ અહિ સારવાર દરમિયાન મોડી રાતે મોત થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર કાજલબેનના લગ્ન પાંચ વર્ષ પહેલા થયા હતાં. તેણીને સંતાનમાં બે દિકરા છે. પતિ અનિલભાઇ છુટક મજૂરી કરે છે. તેણીના માવતર પણ શુકલ પીપળીયા ગામે રહે છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આપઘાતનું કોઇ કારણ સામે ન આવતાં તપાસ યથાવત રાખવામાં આવી છે.

અન્ય અપમૃત્યુની ઘટનાઓ જોઇએ તો ત્રણ લોકોને દિલની દગાખોરી નડી ગઇ હતી. મેટોડા જીઆઇડીસી અંજલી



પાર્કમાં રહેતા ત્રીસ વર્ષના રાજેશભાઇ અમરૂભાઇ રાઠોડ નામના યુવાન ઘરે બેભાન થઇ જતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે લોધીકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર રાજેશભાઇ બે ભાઇ અને એક બહેનમાં વચેટ હતો. સંતાનમાં બે દિકરી છે. પોતે છુટક મજુરી કરતો હતો.

ત્રીજી ઘટનામાં ગાયત્રીનગર મેઇન રોડ પર જીવરાજ હોસ્પિટલ સામે જલારામ ચોકમાં રહેતાં કલ્પેશભાઇ ચંદુભાઇ ચાવડા (ઉ.વ.૪૩) નામના યુવાન સવારે પાંચેક વાગ્યે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. તેઓ એક બહેનથી મોટા હતાં અને ગાયત્રીનગરમાં ખોડીયાર પાન નામે દુકાન ચલાવતાં હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકી મારફત થતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી.

હૃદયના ધબકારા બંધ પડી જવાની વધુ ચોથી ઘટના જોઇએ તો મેટોડા ગેઇટ-૨માં રીપલ પ્રાઇમની બાજુમાં રહેતાં મોહનભાઇ વિરજીભાઇ જેઠવા નામના ચોપન વર્ષના પ્રૌઢ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેઓ ત્રણ ભાઇમાં વચેટ હતાં. સંતાનમાં પાંચ દિકરી છે. પોતે કંપનીમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતાં હતાં. હાર્ટએટેકથી મૃત્યુ થયાનું ખુલ્યું હતું.

જ્યારે પાંચમા બનાવમાં ઉદ્યોગનગર કોલોની પાસપોર્ટ ઓફિસ પાછળ રહેતાં સવિતાબેન શીવાભાઇ ધાણક નામના પંચોતેર વર્ષના વૃધ્ધા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે એ-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. સવિતાબેન મુળ અમદાવાદના વતની હતાં. વર્ષોથી રાજકોટ જમાઇના ઘરે રહેતાં હતાં. મોતનું કારણ જાણવા પોલીસે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

આવી જ રીતે છઠ્ઠા બનાવમાં રેલનગર શ્રીરામ પાર્કમાં પાણીના ટાંકા પાસે રહેતાં લક્ષ્મીદેવી દુદાનાથ રાજભર નામના છપ્પન વર્ષના મહિલા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્ર.નગર પોલીસને જાણ કરાઇ હતી. બિમારીથી મૃત્યુ થયાનું સગાએ કહ્યું હતું. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતુ. આમ છ અલગ અલગ કિસ્સામાં પરિવારોએ પોતાના સ્વજનોને ગુમાવી દેતાં ગમગીની વ્યાપી ગઇ હતી.

વાડીએ પાણી પીવાના બહાને આવીને ખેડુત ના પાડે છતાં કુપન સ્ક્રેચ કરી બળજબરીથી પૈસાની ઉઘરાણી કરતાં ગઠીયાઓએ બે ખેડુતને નિશાન બનાવ્યા

# 'ઈનામી કુપન'ના નામે 'ઈકો ગેંગ' ઉતરી પડી

## મહિકામાં બે ઘટના બનતાં આજીડેમ પોલીસે દાખલ કરી એફઆઈઆરઃ ડીસીબીની ટીમે ચાર શકમંદોને ઉઠાવી લઇ શરૂ કરી પુછપરછઃ જેની પાસે બળજબરીથી નાણા પડાવ્યા તેના ખેતરમાં ખખડેલી-તકલાદી ચીજવસ્તુ ફેંકીને ભાગ્યા

રાજકોટઃ તા.૮

જેનો ઈરાદો જ ગામને છેતરી લેવાનો હોય તે કોઈપણ રીતે પોતાના આવા ઈરાદામાં સફળ થઇ જતાં હોય છે પછી ભલે ગુનાખોરીનો રસ્તો એ કેમ ન હોય. હાલમાં રાજકોટના ગ્રામ્ય પંથકમાં ખેડુતોને નવતર પ્રકારે શિકાર બનાવતી ઇકોગેંગ એટલે કે ઇકો કાર લઇને આવતી ટોળકી મેદાને પડી છે. આ ટોળકીએ આજીડેમ પોલીસ સ્ટેશન હેઠળના મહિકા ગામમાં બે ખેડુતોની વાડીએ જઇ તેમની પાસે ધરાર ઇનામી કુપન સ્ક્રેચ કરાવડાવી રોકડા પડાવી લીધા હતાં. આ રકમ પડાવવા ધાકધમકી પણ અપનાવી હતી. એક ખેડુતે ડરીને નાણા આપી દીધા હતાં, બીજાએ દિકરાને ફોન જોડતાં દિકરાએ પોતે રૂબરૂ આવે છે તેમ કહેતાં ગઠીયા સાંજે પાછા આવશું કહી ભાગી ગયા હતાં. વાત ક્રાઇમ બ્રાંચ સુધી પહોંચતા અમુક શકમંદોને ઉઠાવી લઇ તપાસ શરૂ કરી હતી. ગઠીયાઓ ત્રીસ રૂપિયાની ફી છે, ઇનામ લાગે તો જ પૈસા ભરવાના કહી ખેડુત ના પાડે તો જાતે કુપન સ્ક્રેચ કરી પછી બળજબરીથી નાણા પડાવતાં હતાં.

વિગતો પર નજર કરીએ તો તાલુકાના ગ્રામ્ય પંથકમાં વાડીએ જઇ ખેડુતો પાસે પરાણે ઇનામી કુપન સ્ક્રેચ કરાવવાના નામે પૈસા પડાવતી ટોળકીએ એક ખેડુતને ડરાવી ધમકાવી રૂા. ૨૨૫૦૦ પડાવી લેતાં અને બીજા ખેડુત પાસેથી પણ ૨૨ હજાર પડાવવાનો પ્રયાસ કરતાં ચકચાર જાગી છે. રાજકોટ-ભાવનગર હાઇવે પરના મહિકામાં આ બંને ઘટના બની છે. ક્રાઇમ બ્રાંચે ચાર શકમંદોને સકંજામાં લઇ તપાસ શરૂ કરી હતી. આ બનાવમાં આજીડેમ પોલીસે મહિકા ગામે રહેતાં ધીરૂભાઇ ગોબરભાઇ મોલીયા નામના બાવન વર્ષના ખેડુતની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો છે. ધીરૂભાઇ પરિવાર સાથે રહે છે અને મહિકામાં ખેતી કરી ગુજરાન ચલાવે છે. ફરિયાદમાં જણાવાયા મુજબ છટ્ઠી તારીખે સવારે સાડા છ વાગ્યે ધીરૂભાઇ પોતાના ઘરેથી વાડીએ કામ અર્થે ગયા હતા. સવારે સાડા આઠેક વાગ્યાની આસપાસ તેઓ વાડીના ઝાંપા પાસે હતા, ત્યારે બહાર એક સફેદ રંગની ઇકો ગાડી આવીને ઉભી રહી હતી.

ગાડીમાંથી ત્રણ અજાણ્યા શખ્સો નીચે ઉતર્યા હતા અને એક વ્યક્તિ ડ્રાઇવિંગ સીટ પર બેઠો હતો. નીચે ઉતરેલા શખ્સોએ અમારે પાણી પીવું છે તેમ કહેતા દયાળુ ખેડૂત ધીરૂભાઈએ ઝાંપો ખોલી એક શખ્સને પાણી ભરી આપ્યું હતું. પાણી પીધા બાદ તરત જ અન્ય એક શખ્સ ધીરૂભાઇ પાસે આવ્યો હતો અને તેમને નીચે બેસાડી અલગ-અલગ ડ્રો ના કુપન બતાવવા લાગ્યો હતો. ગઠિયાએ જણાવ્યું કે-આ જાહેરાતો છે, એક કુપનની કિંમત રૂ. ૩૦ છે. કુપન સ્ક્રેચ કરો, જો ઇનામ લાગે તો જ પૈસા ભરવાના.

ખેડૂતે ના પાડવા છતાં ગઠિયાએ બળજબરીથી તેમનો હાથ અડાડી એક કુપન સ્ક્રેચ કરી નાખ્યું અને કહ્યું કે-તમને મિક્ષર લાગ્યું છે, હવે બીજા ૪ કુપન પણ સ્ક્રેચ કરવા પડશે. ખેડૂતે સ્પષ્ટ ના પાડતા ગઠિયાઓ ગાળાગાળી કરવા લાગ્યા હતા. ખેડૂતે પૈસા આપવાનો ઈનકાર કરતા ત્રણેય ગઠિયાઓએ તેમને પકડી રાખ્યા હતા અને એક શખ્સે બળજબરીપૂર્વક તેમના પેન્ટના ખિસ્સામાંથી પાકીટ કાઢી તેમાં રહેલા રૂ. ૪,૦૦૦ રોકડા લૂંટી લીધા હતા.




આટલેથી ન અટકતા ગઠિયાઓએ વધુ પૈસાની માંગણી કરી ધમકાવતા ડરી ગયેલા ખેડૂતે સોરઠીયાવાડી પાસે ૮૦ ફૂટ રોડ પર વિકાસ ડેરી ધરાવતા પોતાના નાના ભાઈ દિનેશભાઈને ફોન કર્યો હતો. ખેડૂતે ભયના માર્યા ભાઈને ખોટું બોલવું પડ્યું કે-વાડીએ ખાતર ઉતાર્યું છે તેના રૂ. ૧૮,૫૦૦ આપવાના છે, તમે ડેરીએ કોઈ આવે તેને આપી દેજો. ગઠિયાઓએ પોતાની ગેંગના સાગ્રીતને ફોન કરી ડેરીએ મોકલ્યો હતો. થોડીવારમાં જ દિનેશભાઈનો ખેડૂત પર ફોન આવ્યો કે, બે અજાણ્યા લોકો આવ્યા હતા અને તેમને રૂ. ૧૮,૫૦૦ આપી દીધા છે.

ડેરીએ પૈસા પહોંચી ગયાની પુષ્ટિ થતાં જ વાડીએ હાજર ગઠિયાઓએ ઇસ્ત્રી, ઇલેક્ટ્રિક સગડી, કુકર અને પંખો જેવો હલકી ગુણવત્તાનો સામાન ત્યાં વાડીમાં ફેંકી દીધો હતો. જતા-જતા ખેડૂતને ધમકી આપી હતી કે-જો આ બાબતની કોઈને જાણ કરીશ તો તારો વારો કાઢી નાખશું. આ ઘટનાથી ખેડૂત ભારે ડરી ગયા હતા. જેથી તેમણે બે દિવસ સુધી કોઈને વાત કરી ન હતી. બાદમાં તેમણે પોતાના ભાઈ રસિકભાઈને આપવીતી જણાવતા ભાઈએ હિંમત આપતાં આજીડેમ પોલીસ સ્ટેશને પહોંચી છ અજાણ્યા ગઠીયા વિરૂધ્ધ ગુનો દાખલ કરાવ્યો હતો. પરાણે ઇનામી કાર્ડ સ્ક્રેચ કરાવડાવી પૈસા લૂંટી લઇ બળજબરીથી પણ નાણા પડાવી લીધાનો આરોપ મુકાયો હતો.

બીજી આવી ઘટનાને પણ ઇકોગેંગએ અંજામ આપ્યો હતો પણ ખેડુતના દિકરાની સતર્કતાને કારણે અહિ સફળ થયા નહોતાં. મહિકા ગામે જ આંગણવાડી પાસે રહેતાં રમેશભાઇ શામજીભાઇ મોલીયા નામના છપ્પન વર્ષના ખેડુતની ફરિયાદ પરથી બે અજાણયા સામે ગુનો દાખલ થયો હતો. ફરિયાદ મુજબ રમેશભાઇ પરિવાર સાથે રહી ખેતી કરે છે. મહિકા નવા રીંગ રોડ પર તેમની જમીન છે. આઠમીના સવારે આઠેક વાગ્યે તે વાડીએ હતાં ત્યારે ઇકો ગાડી આવી હતી અને બે જણા ઉતરી વાડીમાં આવ્યા હતાં. શરૂઆતમાં તેમને કોઇ મહેમાન હોવાનું લાગ્યું હતું. પણ બાદમાં બે જણાએ આ અલગ અલગ જાહેરાતો છે, કુપન સ્ક્રેચ કરો એક કુપનના રૂા. ૩૦ છે, તમને ઇનામ લાગે તો જ પૈસા ભરવાના બાકી કશું કરવાનું નથી, તમને જે ઇનામ લાગે તે વસ્તુ મળશે તેમ કહ્યું હતું.

પણ રમેશભાઇએ આવુ કરવાની ના પાડી હતી. આમ છતાં એક શખ્સે જાતે કુપન સ્ક્રેચ કરીને કહેલું કે તમારે ૨૨ હજાર ભરવા પડશે. જેથી તેણે કહેલ કે મારી પાસે તો ખીસ્સામાં માત્ર રૂા. ૩૦ છે. આથી એ શખ્સે ૨૨ હજાર ભરવાડ જ પડશે તેવી લપ કરતાં તેમણે દિકરા નાગજીને ફોન કરતાં તેણે આ શખ્સો સાથે વાત કરી હતી. આથી એક શખ્સે નાગજીને કહેલું કે તમારા પિતાએ કુપન સ્ક્રેચ કર્યુ છે એટલે બાવીસ હજાર ભરવા જ પડશે. આથી નાગજીએ તમે ઉભા રહો હું આવુ જ છું તેમ કહીી ફોન મુકી દીધો હતો. આ પછી આ શખસોએ રૂપિયા નહિ આપો તો સાંજે પાછા આવશું તેમ કહ્યું હતુ અને નીકળી ગયા હતાં. આ રીતે રમેશભાઇ પાસેથી કુપનના નામે ૨૨ હજાર પડાવવાનો પ્રયાસ કર્યો હતો. આ બંને બનાવમાં પોલીસ ઇન્સપેકટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં પીએસઆઇ આર. એમ. સાખરા અને એએસઆઇ કે. જે. કુરીયાએ બે ફરિયાદ દાખલ કરી હતી. દરમિયાન ડીસીબીની ટીમે કેટલાક શકમંદોને ઉઠાવી લઇ પુછતાછ શરૂ કરતાં આ બંને ભેદ તથા અન્ય ગુના ઉકેલાઇ જવાની આશા છે.

# રાત પડતાં જ રિક્ષા લઇ દોઢ મહિનામાં કરી નવ ચોરી કરી

## આજીડેમ પોલીસે રીઢા તસ્કર કરસન ઉર્ફે ઉદય અને સાગરીતને પકડી લીધોઃ મોટે ભાગે વાડીઓમાંથી કોપર વાયર કાપીને ચોરી લેવાની આદત

રાજકોટઃ તા.૮

રાત પડતાં રિક્ષા લઇને રાજકોટ સહિત આસપાસના ગામોમાં પહોંચી વાડીઓમાંથી કોપર વાયર ચોરી લેતાં બે તસ્કરને ઝડપી લવાયા છે. આ બંનેએ રાજકોટ સહિતની નવ ચોરીઓની કબુલાત આપી છે. આજીડેમ પોલીસે આ બંનેને દબોચી લઇ પોણા બે લાખ આસપાસનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જેમાં એક તસ્કર રીઢો છે અને અગાઉ પણ પાંચ ચોરીઓમાં પકડાયો હતો.

વિગતો પર નજર કરીએ તો છેલ્લા કેટલાક સમયથી ખોખડદડ ગામના વાડી વિસ્તારમાં રાત્રિના સમયે કિંમતી કેબલ વાયર ચોરાઈ જવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. આ અંગે ખેડૂત હિતેષભાઇ તળશીભાઇ ખુંટ તથા ધવલભાઇ મેસુરભાઇ બોરીચા નાઓએ આજીડેમ પોલીસ મથકમાં કાયદેસરની ફરિયાદો નોંધાવી હતી. જેના આધારે પોલીસે ગુના દાખલ કર્યા હતાં. આ ગુના ઉકેલવા ટીમ પેટ્રોલીંગમાં હ તી ત્યારે હેડકોન્સ. હાર્દિકભાઇ સાંગા, કોન્સ. ચંદ્રપાલભાઇ બરાડીયા, કુલદીપસિંહ જાડેજાને બાતમી મળતાં ખોખડદડ નદીના પુલ પાસે વોચ રાખી હતી.



બાતમી સાચી ઠરતાં બે શકમંદ ઝડપાઇ ગયા હતાં. પ્રકાશ ભરતભાઈ કટેશીયા (ઉ.વ.૨૧, ધંધો-રિક્ષા ડ્રાઈવિંગ, રહે. શક્તિનગર શેરી નં.૦૨, રાજભાઈના મકાનમાં ભાડેથી, કોઠારીયા સોલવન્ટ ફાટકની સામે, ગોંડલ રોડ, મૂળ રહે. ગુંદાળા ગામ, તા. જસદણ) તથા કરશન ઉર્ફે ઉદય હમીરભાઇ મકવાણા (ઉ.વ.૨૭, ધંધો રિક્ષા ડ્રાઈવિંગ, રહે. શીતળાધાર, ૨૫ વારીયા, કોઠારીયા સોલવન્ટ, મુળ ચલાલા ગામ, તા. ધારી, જી. અમરેલી)ને પકડી લઇ જીજે૦૩સીવી-૦૨૪૧ નંબરની રિક્ષા, ૧૩૬૦૦નો કોપર વાયર કબ્જે કર્યો હતો. આ બંનેએ છેલ્લા બે મહિનામાં શાપર વાડી વિસ્તાર, જસદણના લીલાપુરમાં, જખરાપીર પાસે વાડીમાં, શાપર સીએનજી પંપ પાસે, ગવરીદડની સીમમાં, વાંકાનેરમાં, પાળ ગામ, છાસીયા ગામ અને ગોંડલ વાડી વિસ્તારમાંથી કોપર વાયર, ભંગાર ચોરી કર્યાનું કબુલ્યું હતું.

આ બે પૈકી કરસન ઉર્ફે ઉદય અગાઉ અમરેલી, વડીયા, આજીડેમ પોલીસમાં ચોરીના પાંચ ગુનાઓમાં પકડાઇ ચુકયો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી રાકેશ દેસાઇની રાહઆ સફળ ઓપરેશન આજીડેમ પોલીસ સ્ટેશનના પી.આઈ. એચ.એન.પટેલ, પીએસઆઈ એસ.વી.ગોહિલ, હેડ કોન્સ્ટેબલ હાર્દિકભાઇ સાંગા, તેમજ પોલીસ કોન્સ્ટેબલ ચંદ્રપાલભાઇ બરાડીયા, કુલદિપસિંહ જાડેજા, હરપાલસિંહ જાડેજા અને પ્રતિકભાઇ બોરસદીયા દ્વારા પાર પાડવામાં આવ્યું હતું. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હતી.

## વેલનાથપરામાં જૂગટુ રમતાં પાંચ નારી અને ત્રણ નર પકડાયા

### આજીડેમ પોલીસે દરોડો પાડી રોકડા અને ગંજીપાના કબ્જે લીધા

રાજકોટઃ તા.૮

જૂગારના શોખીનો ગમે ત્યારે પત્તા ટીચવા બેસી જતાં હોય છે. જેમાં મહિલાઓ પણ સામેલ છે. આજીડેમ પોલીસની ટીમ પેટ્રોલીંગમાં ખોખડદળ પાસે જડેશ્વર વેલનાથપરામાં એક મહિલાના ઘર પાસે જાહેરમાં જૂગાર રમાતો હોવાની માહિતી પરથી આજીડેમ પોલીસે દરોડો પાડી પાંચ મહિલા, ત્રણ પુરૂષ સહિત આઠને પકડી લીધા હતાં.ડી. સ્ટાફની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. ભરતભાઇ અરજણભાઇ જોગીયા, દેવાંગભાઇ પાલા, કોન્સ. મનિષાબેન બેલા સહિતને બાતમી મળી હતી કે જડેશ્વર વેલનાથપરા-૧માં અનીતાબેન ચાવડાના ઘર પાસે જુગાર રમાઇ રહ્યો છે. આને આધારે ટીમ ત્યાં ત્રાટકતાં પાંચ મહિલા, ત્રણ પુરૂષ પકડાઇ ગયા હતાં.

કાર્યવાહી દરમિયાન પોલીસે દિલીપ કાનજીભાઈ સાવલિયા (ઉ.વ. ૩૮), મહીપત રમેશભાઈ સોલંકી (ઉ.વ. ૨૦), અશ્વીન વલ્લભભાઈ સોલંકી (ઉ.વ. ૨૮), કાંતાબેન આલાભાઈ બાબરીયા (ઉ.વ. ૫૫), મંજુબેન ગોવિંદભાઈ દેકાવાડીયા (ઉ.વ. ૫૭), કિરણબેન દિલીપભાઈ સાવલિયા (ઉ.વ. ૩૦), કનકબેન સામતભાઈ ખાચર (ઉ.વ. ૫૭) અને અનીતાબેન રાજુભાઈ ચાવડા (ઉ.વ. ૩૫) (રહે. બધા જડેશ્વર વેલનાથપરા શેરી નં. ૧ ખોખડદળના પુલ પાસે)ને પકડી લઇ ગંજીપાના તથા રોકડા રૂા. ૧૯૮૩૦ કબ્જે લીધા હતાં. પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં પીએસઆઇ ગોહિલ, એએઅસાઇ આર. ડી. વાંક અને બાતમી મળી તે ટીમે આ દરોડો પાડ્યો હતો.

## કારખાનેદાર યુવાનને માતાજીના પ્રસંગમાં નાણા ખુટતાં મદદ લીધી અને સલવાઇ ગયો

# દોઢ લાખના ૨૧ લાખ વ્યાજ પેટે વસુલ્યા તો'ય ઘરો ન થયો!

રાજકોટઃ તા.૮

વ્યાજખોરીને ડામવા પોલીસ ગમે એટલા પ્રયાસ કરે પણ આ દુષણ ઠામુકુ નાબુદ થઇ શકતું નથી એ પણ હકિકત છે. વ્યાજંકવાદનો એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે જેમાં શહેરના એક કારખાનેદાર યુવાને માતાજીના માંડવાના પ્રસંગ વખતે રૂપિયા ઘટતાં પોતાના મિત્ર પાસેથી હાથ ઉછીના દોઢ લાખ લીધા હતાં. પરંતુ બે જ દિવસમાં આ મિત્રએ રંગ બદલ્યો હતો અને નાણાની ઉઘરાણી ચાલુ કરી પૈસા ન હોય તો પોતે વાજબી ભાવે વ્યાજે લઇ આપશે તેમ કહી કોઇ પાસેથી નાણા લઇ પોતે રાખી લીધા બાદ આ કારખાનેદાર પાસેથી વ્યાજ વસુલવાનું ચાલુ કરી દીધુ હતું. આ રીતે તેણે અધધધધ વીસ લાખ તોંતેર હજાર વસુલી લીધા પછી હજુ પણ સોળ લાખ પચાસ હજાર આપવાના છે કહી પઠાણી ઉઘરાણી ચાલુ રાખતાં અંતે મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો.ઘટનાની હકિકત જાણી પોલીસ પણ ચોંકી ગઇ હતી. આ બનાવમાં કોઠારીયા રોડ નંદા હોલ પાછળ ખોડીયાર સોસાયટીમાં રહેતાં અને કારખાનમાં મજુરી કરી ગુજરાન ચલાવતાં યુવાને પોલીસને જાણ કરી હતી. પોતાના વતન લીલી સાજડીયાળી ગામે માતાજીનો માંડવો કરવા માટે ગયા વર્ષે કારખાનેદારે દોઢ લાખ ઉછીના લીધા બાદ આ રકમ વ્યાજે આપી છે તેવુ કહી તેની પાસેથી વ્યાજની ઉઘરાણી કરવામાં આવતાં તેણે કટકે કટકે વીસ હલાખ તોંતેર હજાર ચુકવી દીધા હોવા છતાં હજુ પણ તેની પાસે સોળ લાખ પચાસ હજારની પઠાણી ઉઘરાણી કરી ગાળો ભાંડી નોટરી પાસે લખાણ કરાવડાવી વ્યાજની સતત ઉઘરાણી કરતાં મિત્ર સહિત ત્રણ જણા સામે એફઆઇઆર દાખલ કરાવી હતી. આ બનાવમાં આજીડેમ પોલીસે ખોડીયાર સોસાયટી-૪માં રહેતાં કલ્પેશભાઇ સુરેશભાઇ હીરપરા નામના બત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી રાજકોટ રહેતાં તેના મિત્ર રાજેશ મનસુખભાઇ કોટડીયા તથા અન્ય બે શખ્સો મનોજસિંહ ગોહિલ અને દર્પણ હરસુખભાઇ પાનસુરીયા વિરૂધ્ધ મનીલેન્ડ એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.વધુ વિગતો અનુસાર કલ્પેશભાઇ જય બજરંગ ઇન્ડસ્ટ્રીઝ નામે ઓટો પાર્ટ્સનું કારખાનું ચલાવે છે. તેણે નોંધાવેલી ફરિયાદ મુજબ વર્ષ ૨૦૨૫માં તેમણે પોતાના વતન લીલી સાજડીયાળી ગામે માતાજીનો માંડવો રાખેલ હાઇ જેમાં રૂ. ૪,૫૦,૦૦૦ નો ખર્ચ થયો હતો. તે વખતે તેમની પાસે રૂ. ૧,૫૦,૦૦૦ ખુટતા હોવાથી તેમણે પોતાના મિત્ર મવડી ચોકડીએ ઓમનગર સર્કલ પાસે રહેતાં રાજેશ મનસુખભાઈ કોટડીયા પાસેથી હાથઉછીના લીધા હતા. જે તે વખતે રાજેશે પોતે આ રકમ ઉછીની આપે છે તેવુ કહ્યું હતું. પરંતુ બીજા જ દિવસે રાજેશ કોટડીયાએ પઠાણી ઉઘરાણી શરૂ કરી હતી કહ્યું હતુ કે તને માતાજીના માંડવા માટે આપેલા રોકડા રૂપિયા મારે પાછા જોઇએ છે. આથી તેણે હાલમાં તત્કાલ રૂપિયાની વ્યવસ્થા નહિ થાય તેમ કહેતાં રાજેશે કહેલું કે હું તને ક્યાંકથી વ્યાજબી રૂપિયા ભેગા કરાવી દઇશ. આ પછી રાજેશે ક્યાંકથી રૂપિયા લઇ પોતે રાખી લીધા હતાં અને અલ્પેશભાઈને ડરાવી દર અઠવાડિયે રૂ. ૧૦,૦૦૦ વ્યાજ પેટે વસુલવાનું નક્કી કર્યું હતું. ત્યારબાદ બળજબરીપુર્વક ચા વ્યાજ દર વસુલીને તા. ૨૨/૦૪/૨૦૨૫થી તા. ૧૩/૦૪/૨૦૨૬ સુધીમાં ગુગલ પે મારફતે ઓનલાઇન તથા રોકડા મળીને કુલ રૂ. ૨૦,૭૩,૬૦૦ જેટલી માતબર રકમ વ્યાજ પેટે પડાવી લીધી હતી. આ ઉપરાંત સિક્યુરિટી પેટે અલ્પેશભાઈના પિતા તેમજ મિત્રના બેન્ક ઓફ બરોડા અને રાજકોટ ગ્રામીણ બેન્કના કોરા ચેકો પણ લખાવી લીધા હતા. અલ્પેશભાઈએ વ્યાજ આપવાની ના પાડતા રાજેશે પોતાના મનોજસિંહ ગોહીલ સાથે મળીને અલ્પેશભાઈને કોઠારીયા સાઈબાબા સર્કલ તથા તરંગ બાલધા સાહેબની ઓફિસે સમાધાન માટે બોલાવ્યા હતા. ત્યાં રાજેશે અગાઉ કરેલું લખાણ ફાડી નાખ્યું હતું અને સિક્યુરિટી પેટે રાખેલા ચેકો પર બળજબરીથી નોટરી કરાવી લઈ અલ્પેશભાઈના ચેકો પરત આપવાનો ઇનકાર કરી દીધો હતો. આટલેથી ન અટકતા રાજેશે છેલ્લા ૨૦ દિવસથી અલ્પેશભાઈને સતત ફોન કરી ધમકી આપી છે કે હજુ તારે રૂ. ૧૬,૫૦,૦૦૦ આપવા પડશે, જો રૂપિયા નહીં આપે તો તારુ મકાન વેચાવીને પણ વ્યાજના રૂપિયા વસુલ કરીશ. ત્યારબાદ રાજેશ કોટડીયા વતી તેના મિત્ર દર્પણ હરસુખભાઈ પાનસુરીયાએ રાજકોટ ગ્રામીણ બેન્કના રૂ. ૮,૦૦,૦૦૦ના ચેક રિટર્ન કરાવી નાંખ્યો હતો. તેની સાથે અલ્પેશભાઇને કોઇ વ્યવહાર ન હોવા છતાં તેણે આવું કરતાં તેના પિતા હરસુખભાઇને અલ્પેશભાઇએ ફોન કરતાં તેમણે મારો દિકરો મારા કહ્યામાં નથી તેવુ કહી દીધુ હતું. માતાજીના માંડવાના આયોજન બાદ ઘટતાં રૂા. દોઢ મિત્ર રાજેશ પાસેથી લેનારા અલ્પેશભાઇ પાસેથી બાદમાં મિત્રએ બળજબરીથી વ્યાજ વસુલી વીસ લાખ તોંતેર હજાર ઉઘરાવી લીધા છતાં હજુ વધુ સાડા સોળ લાખની ઉઘરાણી ચાલુ રાખી ધાકધમકી આપતાં અંતે તેણે પોલીસને જાણ કરી હતી. આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એન. એન. પટેલના માર્ગદર્શનમાં પીએસઆઇ એમ. જે. વરૂએ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી. વ્યાજખોરીના આ કિસસમાં ખુદ મિત્ર જ દગાખોરી કરી જતાં ચકચાર જાગી છે. દોઢ લાખ સામે એકવીસ લાખ જેવી રકમ કારખાનેદારે ચુકવી હોવાની હકિકત સામે આવતાં પોલીસ પણ ચોંકી ગઇ હતી.

**કોઠારીયા રોડના યુવાન સાથે મિત્રએ જ આચરી વ્યાજખોરીઃ બીજા બે સાથે મળી ધાકધમકી આપી વધુ સાડા સોળ લાખની ઉઘરાણીઓ ચાલુ કરતાં અંતે આજીડેમ પોલીસમાં દાખલ કરાવાઇ એફઆઇઆર**



## મનપાના કેલેન્ડર કાંડ પર પડદો હટશે કે કેમ ?

# ૧,૬૦ લાખ કેલેન્ડર છપાવ્યા
# છતાં વિવિધ સ્થળો પર ખાય છે ધૂળ

### સ્ટેન્ડિંગ ચેરમેનની કામગીરી પર ચિંધાઈ આંગણી:
### એજન્સીને કમાવવી દેવા છપાવ્યા કેલેન્ડર?

રાજકોટ, તા. ૨૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોઈપણ કામ કરવામાં આવે તેમાં પારદર્શકતા નો અભાવ હોવાનું જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે એટલું જ નહીં એવા પણ આક્ષેપો થઈ રહ્યા છે કે મહાનગરપાલિકા માત્ર કમાવા માટે જ વિવિધ યોજનાઓની અમલવારી કરે છે અને નવા નવા ધતિંગ કરતી જોવા મળે છે . ૨૦૨૫ માં મહાનગરપાલિકા દ્વારા કેલેંડરો બનાવવામાં આવ્યા હતા જેની પાછળ ૧.૭૫ કરોડનો ખર્ચ કરી ૧.૬૦ લાખ કેલેન્ડર છપાવવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. જેમાં ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું ન હતું જેને લઈને વિરોધનો વંટોળ પણ ઉભો થયો હતો. હાલ જે સૂત્રો દ્વારા માહિતી મળી રહી છે અને જે ચર્ચા જોર પકડ્યું છે તે મુજબ હજુ પણ ૫૦૦૦૦ થી લાખ કેલેન્ડરો એમનેમ ધૂળ ખાઈ રહ્યા છે. તો આવી ૧.૭૫ કરોડની લહાણી કરવાનો તાત્પર્ય શું ? ભૂતપૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન દ્વારા લુલો બચાવ કરવામાં આવ્યો જેમાં કહેવાયું કે આ તો વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ ને આધારે કામગીરી કરવામાં આવી છે.

ત્યારે મહત્વની વાત તો એ છે કે મહાનગરપાલિકાને કેલેન્ડર છપાવવાની શું જરૂરિયાત ઊભી થઈ એવું તો કયું કારણ બન્યું કે આ અંગે વિચાર કરવામાં આવ્યો. તત્કાલીન મેયરને પણ અંધારામાં રાખીને સ્ટેન્ડિંગ ચેરમેન દ્વારા આ કામગીરી કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું ત્યારે ફરી એક વખત આ કેલેન્ડર કાર્ડનું ભૂત ધૂણ્યું છે. ૧૦૨ રૂપિયા પ્રતિ કેલેન્ડરનો ખર્ચ મહાનગરપાલિકાએ ભોગવ્યો છે પરંતુ તે કોના ખંભે તેનો પણ આજદિન સુધી સત્તાધીશો દ્વારા જવાબ આપવામાં આવ્યો નથી. હાલ મહત્વની વાત તો એ છે કે આ કેલેન્ડર માટે કેટલો ખર્ચ થયો તેમજ આ માટે ટેન્ડર પ્રક્રિયા ક્યા કારણોસર હાથ ધરવામાં ન આવી તેવા અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

તો સામે જાણકાર વર્તુળ હોય એવું પણ જણાવ્યું હતું કે ચલો કેલેન્ડર છાપી પણ નાખ્યા તો કેમ છે વાળાના લોકો સુધી પહોંચાડવામાં ન આવ્યા માત્ર ને માત્ર વેરો ભરનાર




મિલકત ધારકોને આપવાનો નિર્ણય જે લેવામાં આવ્યો તે પણ ઘણા ખરા હશે તપાસ માંગી લે તેવો છે. સેન્ટ્રલ સ્ટોર ખાતેથી આ તમામ કેલેન્ડરો સેક્રેટરી બ્રાન્ચ તથા વિવિધ વોર્ડ ઓફિસ સુધી બલ્કમાં પહોંચાડવામાં આવ્યા હતા. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ. ૧.૭૫ કરોડ રૂપિયાના જંગી ખર્ચે ૧.૬૦ લાખ કેલેન્ડર છપાવવામાં આવ્યા હતા. નિયમ મુજબ રૂ. ૧૦ લાખથી વધુના ખર્ચ માટે ફરજિયાતપણે ટેન્ડર બહાર પાડવું પડે છે. જોકે, આ કેલેન્ડર છપાવવામાં કોઈપણ પ્રકારનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું ન હોવાનું સામે આવ્યું છે, જે સીધેસીધી નિયમભંગ, ભ્રષ્ટાચારની શંકા ઉપજાવે છે

૧.૭૫ કરોડનો ખર્ચ શા માટે કરવામાં આવ્યો? ટેન્ડર વગર આટલા મોટા પ્રમાણમાં કેલેન્ડર છાપવાનો નિર્ણય કોના આદેશથી લેવામાં આવ્યો? શું કોઈ ઉચ્ચ અધિકારીઓ કે પદાધિકારીઓની સંડોવણી છે? ૧.૭૫ કરોડનો ખર્ચ શા માટે કરવામાં આવ્યો? જોકે, આ મુદ્દે તટસ્થ તપાસ થાય સત્ય હકીકત બહાર આવી શકે અને ભવિષ્યમાં આ પ્રકારની કોઈ સ્થિતિનું નિર્માણ પણ ન પામે.

સેન્ટ્રલ સ્ટોરના અધિકારીને આ અંગે જ્યારે પૂછવામાં આવ્યું તો તેઓએ જણાવ્યું કે મહાનગરપાલિકાને જે કાગળ અને જે સાઈઝમાં કેલેન્ડર છપાવવામાં આવ્યું છે તે પ્રતિ કેલેન્ડર દીઠ ૧૦૨ રૂપિયાનો ખર્ચ થયો છે આ અંગે જ્યારે બજારમાં ભાવ પૂછવામાં આવ્યો તો જે જીએસએમનો કાગળ વાપરવામાં આવ્યો અને જે સાઈઝ નો ઉલ્લેખ કરવામાં આવ્યો તે અન્ય જગ્યાથી કરવામાં આવે તો એક કેલેન્ડર મહત્તમ ૭૦ રૂપિયામાં બની જાય તો આટલો મોટો ભાવ વધારો કયા કારણોસર આપવામાં આવ્યો કેમ મહાનગરપાલિકા દ્વારા અન્યત્ર જગ્યાએથી ભાવનો ઉલ્લેખ અથવા તો ભાવની માહિતી લેવામાં ન આવી.

આમ તો મહાનગરપાલિકા ટેક્સ માટે તો લોકોના કાટલા પકડી રહે છે અને ધોકા પછાડે છે ત્યારે આટલી મોટી ગંભીર ભૂલ અને એજન્સીને શું કમાવવી દેવાની વાત હતી કે કેમ તે પણ હાલ અનેક પ્રશ્નો ઉભા કરી રહ્યા છે. હાલ જે ભાવ મહાનગરપાલિકા દ્વારા પ્રતિ કેલેન્ડર દીઠ આપવામાં આવ્યો અને બજારમાં જે ભાવમાં કેલેન્ડર થાય તેના વચ્ચે ૩૦ રૂપિયા જેટલો તફાવત જોવા મળી રહ્યો છે.

### મનપાએ કરાવ્યો એજન્સીને ૫૧ લાખનો ફાયદો ?

મહાનગરપાલિકાએ મેગાસ્ટાર કોર્પોરેશન નામની પેઢીને આ કામગીરી સોંપી હતી અને તેની સાથે જ રેટ કોન્ટ્રાક્ટ નક્કી કરવામાં આવ્યો હતો હાલ જે કેલેન્ડર છપાવવામાં આવ્યા છે તેની સાઈઝ ૧૮*૨૩ની છે અને ૧૭૦ જીએસએમ નો કાગળ ઉપયોગમાં લેવામાં આવ્યો છે અને જે પ્રતિ કેલેન્ડર ભાવ નક્કી કરવામાં આવ્યો તે ૧૦૨ રૂપિયા છે ત્યારે આ જ સાઈઝ અને આજ જીએસએમ માં અન્ય જગ્યાએથી અને નિર્ધારિત કરેલી કોન્ટીટીમાં કેલેન્ડર છપાવવામાં આવે તો પણ પ્રતિ કેલેન્ડરનો ભાવ મહત્તમ ૭૦ રૂપિયામાં થઈ જાય છે ત્યારે એજન્સીને સીધો જ ૫૧ લાખ રૂપિયાનો ફાયદો મહાનગરપાલિકાએ પહોંચાડ્યો હોવાનું માલુમ પડ્યું છે . વાત અહીં જ અટકતી નથી હજુ પણ જે છાપવામાં આવેલા કેલેન્ડર છે તેમાંથી હજારોની સંખ્યામાં કેલેન્ડરો નો વપરાશ થયો નથી અને તે વિવિધ જગ્યાઓ પર ધૂળ ખાઈ રહ્યા હોય તેવું જાણવા મળ્યું છે.

# દર વખતે તંત્ર નોટિસ આપીને કરે છે ડરાવવાનું કામ

### સહીદ ભગતસિંહ ગાર્ડન નજીક ગુજરાત હાઉસિંગ બોર્ડના ક્વાર્ટર ભયજનક જાહેર કરતું તંત્ર

રાજકોટ, તા..૯

મહાનગરપાલિકા દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નજીક આવેલ વોર્ડ નંબર ૧૦ માં ગુજરાત હાઉસિંગ બોર્ડના જે આવાસો છે તે અત્યંત જર્જરિત હાલતમાં જોવા મળ્યા છે જેને લઈને મહાનગરપાલિકા દ્વારા આગામી પાંચ દિવસમાં રહેવાસીઓને ફ્લેટ ખાલી કરવા માટેનો આદેશ કર્યો છે અને ખાસ જો ફ્લેટ ધારકો આવાસો ખાલી નહીં કરે તો લાઈટ કનેક્શન તથા નળ કનેક્શન કાપી નાખવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે. જેને લઈને ૭૯૨ પરિવારોમાં હાલ ફફડાટ મચી ગયો છે.

મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૦ માં ગુજરાત હાઉસિંગ બોર્ડના ક્વાર્ટર્સ અત્યંત જર્જરિત અને ભયગ્રસ્ત હાલતમાં જોવા મળી રહ્યા છે. મળતી માહિતી મુજબ ત્યારે અહીં સંબંધિત રહેવાસીઓ તથા આસામીઓને અગાઉ પણ નોટિસો ફટકારવામાં આવી હતી



ત્યારે આજે ફરી એક વખત ભાઈ જરાક હોવાની ચેતવણીના બોર્ડ લગાવી દેવામાં આવ્યા છે. અહીંના રહેવાસીઓએ ફરિયાદ કરી છે કે દર વખતે તંત્રને રજૂઆત કરવામાં આવતી હોય છે પરંતુ તેમની વાતને ગ્રાહ્ય રાખવામાં આવતી નથી એટલું જ નહીં તેઓએ તંત્રને અપીલ કરતાં પણ જણાવ્યું કે જો તેઓ આ આવાસ ખાલી કરશે તો તેમના માટે વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવામાં આવે કારણ કે અહીં દસ વર્ષથી વધુ સમય વીતી ગયો છે.બીજી સૌથી મોટી વાત તો એ છે કે હાલ સ્ટ્રકચરલ સ્ટેબિલિટી રિપોર્ટ જે છે તે મુજબ જે આવાસો ઉભા કરવામાં આવ્યા છે તે માટે માનવ વસવાટ અયોગ્ય અને જોખમી છે. ચોમાસાની સીઝન નજીક હોવાના કારણે આ આવાસમાં કોઈ દુર્ઘટના ન ઘટે તે માટે તંત્ર દ્વારા અહીં વસતા લોકોને પોતાના આવાસ ખાલી કરવા જણાવ્યું છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી દિવસોમાં પાણીના જોડાણો બંધ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. તેમજ વીજ પુરવઠો બંધ કરવા બાબતે વીજ વિભાગને જરૂરી ભલામણ કરવામાં આવશે.આ આવાસ યોજનામાં ૭૯૨ જેટલા કવાર્ટર છે અને ચાર હજાર જેટલા લોકો વસવાટ કરે છે. ત્યાં બોર્ડ મારીને નળ, ગટર લાઈન કાપી બાદમાં પીજીવીસીએલને વીજ જોડાણ કાપવા ભલામણ કરવામાં આવશે તેમ જણાવાયું છે. આ નોટીસ બાદ આજે સવારે વિસ્તારના લોકો એકત્ર થયા હતા. તેમણે જણાવ્યું હતું કે દર વર્ષે મનપા નોટીસ આપે છે. અહીં રહેતા રહેવાસીઓએ ફરિયાદ પણ કરી હતી કે ગુજરાત હાઉસિંગ બોર્ડને આ અંગે એક વખત નહીં અનેક વખત રજૂઆત કરવામાં આવી પરંતુ કોઈ નક્કર રસ્તો શોધવામાં આવ્યો નથી માત્ર જોડાણો કાપી નાખવાની વાત જ તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. તો બીજી તરફ તંત્ર દ્વારા એ વાતની પણ સ્પષ્ટતા કરવામાં આવી રહી છે કે જો લોકોએ ત્યાં વસવાટ કરવો હોય તો તેઓએ સ્ટ્રકચરલ સ્ટેબિલિટી રિપોર્ટ આપવો પડે પરંતુ વર્ષો જુના આવાસ હોવાના કારણે આ રિપોર્ટ કોઈ આપવા તૈયાર થતું નથી પરિણામ સ્વરૂપે જે સ્થિતિ છે તે યથાવત જોવા મળે છે. વધુમાં જો સરકાર અને કોર્પો.ને આવાસ યોજના ધારકોની ચિંતા હોય તો ૭૯૨ આવાસ ધારકો માટે વૈકલ્પિક આવાસ, પીપીપી યોજનામાં લાભ અથવા ભાડા જેવા વિકલ્પ આપવા જોઈએ. હાલ વચગાળાનો રસ્તો શોધવા લોકોએ રજુઆત કરી છે.યુનિવર્સિટી રોડ પર શહીદ ભગતસિંહ ગાર્ડન પાસે વર્ષો જુના હાઉસીંગ બોર્ડના જર્જરીત કવાર્ટર્સ ચોમાસામાં જોખમી બને તેમ હોય મહાપાલિકાએ આગામી દિવસોમાં પાણી અને વીજ જોડાણ બંધ કરાવવાની નોટીસ આપતા લત્તાવાસીઓ એકત્ર થયા હતા. મહિલાઓએ વૈકલ્પિક જગ્યા કે ભાડુ આપવા માંગણી કરી હતી.

# મવડીની ૪૫૦૦ ચો.મી જગ્યા ખાલસા

### દબાણો હટાવવા કલેકટરે આપ્યું એક સપ્તાહનું અલ્ટીમેટમ

રાજકોટ, તા.૯

મહાનગરપાલિકા, રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા હાલ સંયુક્ત ઉપક્રમે દબાણ થયેલી જગ્યાઓ ખુલી કરવામાં આવી રહી છે ત્યારે જે વિગતો મળી રહી છે તે મુજબ મવડી વિસ્તારની સરવે નંબર ૧૯૪ પૈકીની ૪૫૦૦ ચોરસ મીટર જમીન પર જે દબાણો થયેલા છે તેને દૂર કરવા માટે હાલ મહાનગરપાલિકાએ તખ્તો તૈયાર કર્યો છે. ત્યારે ૨૫ જેટલા દબાણ કરનારાઓને જગ્યા ખાલી કરવા અંતિમ નોટિસ અપાય છે. જીલ્લા કલેકટર ડો. ઓમ પ્રકાશના માર્ગદર્શન હેઠળ દબાણકારોને આ જમીન ખાલસા કરાવવા માટે એક અઠવાડીયાનું અલ્ટીમેટમ આપવામાં આવેલ છે. આ દબાણકારોએ છેલ્લા લાંબા સમયથી આ ૪૫૦૦ ચોરસ મીટર સરકારી જમીનો પર કબ્જો જમાવી રહેણાંકના મકાનો તેમજ કોમર્શીયલ દુકાનો ખડકી દીધી હતી. મવડીની આ જમીનનું મુલ્ય હાલના મોંઘવારીના સમયમાં ઉંચકાયેલુ હોય આ સરકારી જમીનની કિંમત રૂા.૩૦ કરોડને આંબી રહેલ હોવાનું કલેકટર તંત્રના સુત્રોએ જણાવ્યુ હતું. આ દબાણકારોની આખરી સુનાવણી પણ મામલતદાર દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે. તેમજ જમીન ખાલસા કરવા માટે દબાણકારોને એક અઠવાડીયાનું અલ્ટીમેટમ પણ આપી દેવામાં આવેલ છે. આગામી સમયમાં પોલીસ બંદોબસ્ત માટે આ ૪૫૦૦ ચો.મીટર જમીનો પર અનઅધિકૃત રીતે ખડકાયેલા



દબાણો હટાવવા માટે ડીમોલીશન કરવામાં આવનાર છે. માત્ર રાજકોટ શહેર જ નહીં પરંતુ જિલ્લા અને તાલુકા સ્તરે આ અંગે અનેકવિધ પ્રશ્નો ઉભા થયેલા છે ઘણી ખરી જગ્યાઓ પર દબાણો થયેલા હોવાનું માલુમ પડ્યું છે પરંતુ હાલ સ્થાનિક વિભાગના અધિકારીઓ દ્વારા દબાણ કરતા અને પ્રાથમિક તબક્કે નોટિસ આપવામાં આવી રહી છે અને દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ છે. જોવાનું એ રહ્યું કે અધિકારીઓ દ્વારા જે દબાણો થયેલા છે તેને ક્યારે અને કેવી રીતે દૂર કરવામાં આવશે કારણ કે હાલ જે વિગતો કલેક્ટર દ્વારા મેળવવામાં આવી રહી છે તેમાં દબાણોનું પ્રમાણ સતત વધી રહ્યું હોવાનું માલુમ પડ્યું છે.

# મનપાની ૧૫ સમિતિઓના વડાની જાહેરાત તુર્તમાં

### ટીપી ,ફાયર અને બાંધકામ સમિતિના વડા બનવા લોબીંગ શરૂ : સંભવિત નામો પ્રભારી મંત્રી તથા પ્રદેશ મહામંત્રી સમક્ષ રજૂ : મહિલાઓને પ્રાધાન્ય અપાઈ તેવી ચર્ચા



રાજકોટ, તા.૯

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જીતેલા હોદ્દેદારોને પ્રદેશ ભાજપ દ્વારા સંબંધિત જવાબદારીઓ સોંપી દેવામાં આવી છે ત્યારે મહાનગરપાલિકાના મેયર સહિતના પાંચ મહત્વના પદોની જાહેરાત પણ પ્રદેશ ભાજપ દ્વારા કરી લેવાય છે.

ત્યારે રાજકોટ મહાનગરપાલિકા ની વાત કરવામાં આવે તો મેયર, ડેપ્યુટી મેયર, સેન્ટીંગ ચેરમેન, શાસક પક્ષનેતા અને દંડકની જવાબદારી ચૂંટાયેલા જન પ્રતિનિધિઓને સોંપી દેવાય છે પરંતુ મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓના વડાની વરણી આજ દિન સુધી કરવામાં આવી નથી જેને લઈને ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

રાજકારણ પણ ગરમાયું છે. મળતી માહિતી મુજબ જ્યારે વિશેષ જનરલ બોર્ડ બોલાવવામાં આવે તેના બીજે જ દિવસે સમિતિઓના નામોની જાહેરાત કરી દેવામાં આવતી હોય છે પરંતુ મહત્વની વાત તો એ છે કે આ વખતે તેવું થયું નથી માત્ર રાજકોટ જ નહીં પરંતુ રાજ્યની અન્ય મહાનગરોમાં પણ હાલ વિવિધ સમિતિઓના વડાઓની વરણી કરવાની બાકી છે.

ત્યારે મુખ્ય ગણાતી ફાયર, ટાઉન પ્લાનિંગ અને બાંધકામ શાખા ની સમિતિના વડા બનવા માટે અનેક ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ દ્વારા લોબિંગ શરૂ કરી દેવામાં આવ્યું હોવાનું પણ જાણવા મળ્યું છે.

ત્યારે હાલ બે દિવસ પૂર્વે જ નવા ચૂંટાયેલા હોદ્દેદારોને ગાંધીનગરનું તેડું પણ આવ્યું હતું જેમાં મેયર નેહલ શુકલ દ્વારા સંભવિત નામો ની યાદી પ્રભારી મંત્રી જીતુ વાઘાણી તથા પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધ દવેને સોંપી દેવામાં આવ્યા છે.

ત્યારે આગામી સપ્તાહમાં ખાસ બોર્ડ બોલાવી આ તમામ નામો નક્કી કરવામાં આવશે તેવું રાજકીય વર્તુળોમાં ચર્ચા રહ્યું છે. જે નામોની વરણી થશે એમાં પ્રથમ નામ જે તે સમિતિના વડા તરીકે જાહેર કરાશે. ત્યારે આ વખતે મહિલાઓને વધુ તક આપવામાં આવે અને મહત્તમ સમિતિઓ છે તેમાં મહિલાઓ વડા તરીકે પોતાની જવાબદારી નિભાવે તેવી પણ અટકળો ચાલી રહી છે.

બીજી તરફ ચર્ચા એ જોડ પકડ્યું છે કે હવે જે નામો રજૂ કરવામાં આવ્યા છે તેમાં બદલાવ પણ થઈ શકે છે.

મળતી માહિતી મુજબ હાલ જે ચર્ચાએ જોર પકડ્યું છે તેમાં એ વાતની સ્પષ્ટતા થઈ રહી છે કે જે હોદ્દેદારોના નામોની ચર્ચા પાંચ મુખ્ય હોદ્દાઓમાં થઈ હતી અને જેઓને સ્થાન મળ્યું ન હોય તેવા હોદ્દેદારોને પણ આ વખતે બાકાત રાખવામાં આવે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

પરંતુ એ વાત તો બાકી છે કે આગામી સપ્તાહમાં ખાસ બોર્ડ બોલાવી ૧૫ સમિતિઓના હેડના નામની જાહેરાત કરી દેવામાં આવશે અને તેમાં પણ મુખ્યત્વે મહિલાઓનું પ્રભુત્વ જોવા મળે તો નવાઈ નહીં.

### જનરલ બોર્ડ, સ્ટેન્ડિંગ બેઠકમાં મેયર જ સર્વેસર્વા

હાલ જે માહિતી મળી રહી છે તે મુજબ હવે જનરલ બોર્ડ તથા સ્ટેન્ડિંગ કમિટીની જે બેઠકો મળશે તે પૂર્વેની સંકલન બેઠકમાં અત્યાર સુધી શહેર ભાજપ પ્રમુખને બોલાવવામાં આવતા હતા પરંતુ હવેથી આ સંકલન બેઠક મેયરના અધ્યક્ષ સ્થાને જ યોજાશે તેઓ નિર્ણય પ્રદેશ ભાજપ દ્વારા લેવામાં આવ્યો છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ પ્રદેશ ભાજપના આ નિર્ણયથી રાજકીય ગરમાવો ઊભો થયો છે એટલું જ નહીં ક્યાંક ને ક્યાંક ગણગણાટ પણ થઈ રહ્યો છે કે કેમ શહેર પ્રમુખને સંકલન માંથી દૂર કરવામાં આવ્યા. ભૂતકાળના અનેકવિધ કામો અને જે સ્થિતિનું નિર્માણ થયું છે તે અંગે અનેકવિધ ફરિયાદો પ્રદેશ કક્ષા સુધી પહોંચી છે જેને ધ્યાને લઈ યોગ્ય સુશાસન હાથ ધરવામાં આવે તે હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો હોય તેવું જણાઈ રહ્યું છે. પરંતુ મહાનગરપાલિકામાંથી શહેર ભાજપ પ્રમુખ ને કટ ટુ સાઈઝ કરતાં ઘણી અન્ય ચર્ચાએ પણ જોર પકડ્યું છે. તેઓ માત્ર સૂચનજ આપી શકશે તેવો આદેશ પણ થયો હોવાનું જાણવા મળ્યું છે.